શ્રી સિહોર ચોરા કપોળ જ્ઞાતિ

સંમેલન અંક.

શ્રીયુત મુની પુરૂષોત્તમદાસ લક્ષ્મીદાસ તરફથી

શ્રી સિહોર ચોરાના કપોળ જ્ઞાતિના લાણાદાર [illegible] ભેટ.

अनुक्रमणिका

વિભાગ ૧ લો

[illegible]ભાગ ૨ જો

સવંત ૧૯૮૪ વિજીયા દશમી.

આપણી ઉન્નતિ કેમ થાય?

પોતાના સંતાનોને સ્નેહથી કેળવાય, વિદ્યાર્થી-અવસ્થામાં તે કુપથે ન દોરાય એવી સંભાળ રખાય, તેમને નિરન્તર સદ્બોધ આપી સંસારની પ્રગતિમાં તેમનું સ્થાન શું છે, તે સમજાવાય તોજ

આપણી ઉન્નતિ થાય.

[illegible] ન થાય, નાણાંના દુરુપયોગ ન કરતાં સન્માર્ગે વ્યય થાય; તો જ

આપણી ઉન્નતિ થાય.

સ્વધર્મમાં ભાગ ન લેતાં મદમસ્ત બની મમત્વમાં ઝુકી ન મરાય, નમ્ર સેવકની ભાવના રાખી અન્ય જનોને યથાશક્તિ સહાયભૂત બનાય, અને સામાન્ય હિતમાં હળીમળીને પ્રયત્નો થાય; તો જ

આપણી ઉન્નતિ થાય.

વિભાગ ૧ લો.

નમ્ર નિવેદન.

सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः

—·—

મહારાષ્ટ્ર સંત શિરોમણી કવિ સંત તુકારામ કહે છેઃ—
" बोले तैसा चाले त्याची वंदावी पाऊले, "

શિહોર ચોરાના શિરોમણીઓને ચરણે !

ભાવનગરના મુ. શ્રી. પરમાણંદદાસ જાદવજી મોદી, વૈદરાજ રામજી ભાઈ, શેઠ છગનલાલ ભવાનભાઈ, સથરાના મુ. શ્રી. જીવાભાઇ, પાલીતાણાના મુ. શ્રી. પુરૂષોતમદાસ પારેખ, અમરાળાના મુ. શ્રી. નાગરદાસભાઇ દેશાઈ, રસનાલના મુ. શ્રી. મોનજીભાઈ, તળાજાના મુ. શ્રી. ચત્રભુજભાઇ, ફુલચંદભાઇ, અને વનમાળીદાસ વકીલ, તેમજ બીજા ગામોથી પધારેલા મુરબ્બીશ્રીઓએ સાથે મળી એક દિલનું જે અદ્દભુત વાતાવરણ ઉભું કરી શ્રી શિહોર કપોળ જ્ઞાતિના મુ વ. શ્રી. ત્રીભોવનદાસભાઈ સાથે સહકાર સાધી બીજા સંમેલનોને દૃષ્ટાંત આપી શકાય તેવું આદર્શ રૂપ આપી જે કાર્ય પોતાના સમુહના મોટા ભાગના ભાઇઓના લાભો જાળવી, કોઇક બાબતમાં અલ્પ અંશના પ્રમાણમાં બીજાને અડચણ ઉભી થાય તે ગૌણ ગણીને, કારણ કે બહુજ બુદ્ધિપૂર્વક ધારા ઘડાયા હોય તો પણ મનુષ્યકૃત કાયદામાં અલ્પ અંશે અપૂર્ણતા હોય છેજ, તેમાં નવાણું ટકાના લાભો જાળવતાં એક ટકાના ભાગને અલ્પ અંશે ગેરલાભકર્તાપણું જણાય છે, તે ધ્યાનમાં રાખી જે ભોગ આપી શકાય તે આપી, અત્યારના સમયને અનુકુળ જે ધારા ધોરણો ઘડયા છે તેને અપનાવી લઇ જરૂર કડક રીતે અમલમાં મુકતા શિહોર ચોરાના શિરોમણીઓ ફળીભૂત થશે અને એમ સાંભળવાનો વખત નહિં લાવે કે

"ધારા ઘડી જાણ્યા પણ પાળી જાણ્યા નહિં" એ અપવાદ અત્યારની અને ભાવી પ્રજાનો તેઓ નહિંજ લે એમ હું મક્કમપણે માનું છું.

હું આશા રાખું છું કે શ્રી શિહોર કપોળ જ્ઞાતિ ચોરાના નિવાસી તલપદના અને ધંધા અર્થે બહારગામ રહેતા, મુ. શ્રીઓ અને યુવક બંધુઓ, આપણા આગેવાન વડીલો સાથે સહકાર સાધી જરૂર નવા ધારા ધોરણને વધાવી લઈ મક્કમ રીતે પાળી આપણા વડીલોને ખાત્રી કરી આપી તેમના હાથને મજબુત બનાવશે, પોતાના ચોરાની કીર્તિ જાળવી બીજા સમક્ષ હાંસીપાત્ર થતા જરૂર અટકશે અને આપણા અન્ય ચોરાના શિરોમણી મુરબ્બીઓને ખાત્રી કરી આપશે કે શ્રી શિહોર કપોળ જ્ઞાતિ ચોરો એ કપોળ જ્ઞાતિ માંહે એક આદર્શ ચોરો છે.

પરમાત્મા પાસે વિનિત ભાવે પ્રાર્થના છે કે આપણ સૌંને સદ્‌બુદ્ધિ આપે અને જ્ઞાતિહિતના શ્રેયને માટે કોઇ પ્રસંગે કોઇ પણ બંધારણ આપણને અનુકુળ નહિં જણાય તો પણ બીજા આપણા મોટા સમુહના લાભો ખાતર આપણે હંમેશા અગવડ ખમી નિભાવી લઈએ એવી ભોગ આપવાની ભાવના સદા જાગૃત રાખે તેવી સર્વેશ્વર જગત્નિયંતા પાસે માંગણી કરીએ, અને આવતા દોઢ વર્ષ પછીના મળનારા સંમેલનમાં આપણે સાથે મળતાં હર્ષથી ઉછળતા હૃદયે કહી શકીએ કે આપણે પાળવાને પરમાત્માની કૃપાથી શક્તિવાન થયા છીએ.

આપણા અન્ય ચોરાના શિરોમણી મહાજન પણ આ સમય દરમીયાન પોતાના ચોરાનાં સંમેલન જરૂર ભરી ચુકયા હશે અને આપણને આદર્શ થઈ શકે તેવા પોતાના ઠરાવો કરી અમલમાં મૂકી શકયા હશે અને જેમના પ્રોત્સાહનથી તેઓ માર્ગદર્શક થઇ આપણી જે ભૂલો, ઉણપ, રહી હોય તે તેઓ સુધારી તેમને શુભ પગલે ચાલી આવતા બીજા સંમેલનમાં તેઓનો દાખલો લઇ આપણે ભૂલો સુધારી શકીએ.

વ. શ્રી. પરમાણંદદાસભાઇ મોદી તથા વ. શ્રી. વૈદરાજ રામજીભાઇ શેઠે "પારણું બાંધવાની હોંશ"ના પોતાના અંગત વિચારો જતા કરી મોટા સમુહની ઇચ્છાને માન આપી ઉદાર અંતઃકરણથી સૌજન્યતા દાખવી એક દિલથી જે એકયતા સાધી સંમેલનનું કાર્ય સફળ બનાવ્યું છે, તેવી રીતે કાયદાપાલન માટે તેઓ અગ્ર ભાગ લઇ શિહોર ચોરાની કીર્તિ જરૂર વધારશે.

પ્રસંગોપાત કોઇ ભાઈ શિહોર ચોરાના કાયદાનું પાલન નહિં કરી કોઇ એક પ્રસંગ ઉભો કરે તો તેવે વખતે આગેવાનોએ આંખવિચામણા નહિં કરતાં તે ભાઈ સાથે સહકાર નહિં સાધતાં જ્ઞાતિહિતના શ્રેય માટે જરૂર તેના કાર્યમાં ભાગ લેવાથી અલગ રહી પોતાની ટેક જાળવી, ઐકયતાથી સર્વાનુમતે કાર્ય કર્યા પછી બંધારણનો ભંગ કરી હાંસીપાત્ર નહિં થતાં શિહોર ચોરાના નિવાસીભાઇઓ શિહોર ચોરાની કીર્તિ જરૂર ઉજવળ બનાવશે તેવી જગદીશ્વર પાસે યાચના છે.

શ્રી શિહોર ચોરા કપોળ જ્ઞાતિ સંમેલન મહાજને તેમજ શ્રી શિહોર કપોળ જ્ઞાતિએ બંધારણના નિયમો અને દરેક રીપોર્ટવાળી ચોપડી મ્હારા તરફથી ભેટ તરીકે સ્વીકારવા જે વિનંતી માન્ય કરી છે તે માટે બન્ને મહાનુભાવ મહાજનના હું રૂણી છું.

પુસ્તકમાં સમજફેરથી લખવામાં અગર છાપવામાં જે દોષો રહી ગયા હોય તો તેને માટે ક્ષમા કરવા વિનંતી છે.

ભવદીય,
પુરૂષોત્તમદાસ લક્ષ્મીદાસ મુની.

વસ્તીપત્રક અને બે બોલ.

શ્રી શિહોર ચોરા ઘોઘારી કપોળ જ્ઞાતિ સંમેલન પ્રસંગે શ્રી શિહોર કપોળ જ્ઞાતિ તરફથી વસ્તીપત્રકની સુંદર યોજના કરવામાં આવી છે. પરંતુ દિલગીરીભર્યું છે કે વસ્તીપત્રક ફોર્મમાં ઉમ્મર, **પરણેલાં, કુંવારા, વેવિશાલ** થએલ છે, **વિધુર કે વિધવા, ભણેલા** છે, **અભણ** છે, હાલ કયાં છે, ધંધો, વિગેરેનો કોઠો છાપેલ હોવા છતાં તે કોઇએ ભરી મોકલેલ નથી. પરંતુ બહારગામમાં પુરૂષ, સ્ત્રી, છોકરા, અને છોકરી, કૂલ સંખ્યા, એટલીજ તેમજ લાણાદારનું નામ અને ગોત્રની માહિતી આવેલ છે. તેથી આ વસ્તીપત્રકની ફકત જન સંખ્યા જાણવા જેટલીજ અલ્પ અંશે ઉપયોગીતા ગણાય. જ્ઞાતિની ખરી સ્થિતિનું ખરૂં દીગદર્શન કરવાને આ વસ્તીપત્રક ફકત નામનુંજ ગણાય. અને તેમાં ઘણું અધુરાપણું રહેલું છે. શ્રી સિહોર મહાજને

આ મહેનત કરી છે તેમ બહારગામના ભાઇઓને સમજ આપવા શ્રી સિહોર કપોલ જ્ઞાતિના સેવા સમાજના સેવાભાવી સેવક બંધુઓને પોતાના ચોરાના તાબાના ગામોમાં ટુકડીઓનો વિભાગ કરી ત્યાં મોકલ્યા હોત તો તેઓ દરેક ભાઇઓને સમજણુ પુરી પાડી દરેક બારીક વિગત મેળવી વસ્તીપત્રકને સંપુર્ણ આદર્શ માહિતીવાળું જરૂર બનાવત. વસ્તી ગણત્રીનું ગણુનાનું કાર્ય અને છાપી પ્રસિદ્ધ કરવાનું કાર્ય વારંવાર થઇ શકતું નથી.

હાલમાં વૃધ્ધલગ્ન અને વિધવાવિવાહનો પ્રશ્ન જ્ઞાતિમાં ચર્ચાતો હોવાથી ઘણાએ જાણી જોઇને ઉમ્મર દર્શાવવામાં અને વિધુર વિધવાના ખાનાઓ અખાડા કરી નહિ ભર્યા હોય તેમ સ્વાભાવિક જણાય છે. વસ્તીપત્રકની ગણુના પ્રમાણે શ્રી સિહોર ચોરા ઘોઘારી કપોલ જ્ઞાતિની જનસંખ્યા નીચે મુજબ છે:-

પુરૂષ વિભાગ:—

અઢાર વર્ષની ઉમ્મર ઉપરના અથવા પરણેલા, જો કે નાની વયે પરણેલા હોય તેઓનો પુરૂષ વિભાગમાં સમાવેશ કરવામાં આવ્યો છે તેમજ વિધુર (રાંડેલા) પણુ તેમાં સમાઇ જાય છે. આવી રીતના પુરૂષોની સંખ્યા ૧૧૮૯ છે.

સ્ત્રી વિભાગ:-

અઢાર વર્ષની અંદરની અને પરણેલી નાની વયે હોય તેનો પણુ સમાવેશ સ્ત્રી વિભાગમાં કરવામાં આવ્યો છે. તેની અંદર સૌભાગ્યવતિ અને વિધવા (રાંડેલી) બન્ને સાથે આવી જાય છે. તેવી સ્ત્રી સંખ્યા ૧૧૮૨ છે.

છોકરાની સંખ્યા.	૮૩૬ છે.
છોકરીઓની સંખ્યા.	૬૨૦ છે.
એકંદર કૂલ જનસંખ્યા	૩૮૨૭ છે.

બહારગામમાં સંખ્યા ૧૭૮૦ અને સિહોર ચોરાના ગામોમાં ૨૦૪૭ છે.

ઉપરની જનસંખ્યાની સ્થિતિ ઉપરથી સહજ જણાશે કે છોકરાની સંખ્યા ૮૩૬ અને છોકરીની સંખ્યા ૬૨૦ છે.

પુરૂષની સંખ્યા ૧૧૮૯ અને સ્ત્રીની સંખ્યા ૧૧૮૨ છે તેની અંદર આપણું સ્ત્રી સમાજની સ્થિતિ અંદાજે ૬૫ ટકા સધવા અને ૩૫ ટકા વિધવાનું પ્રમાણુ હું માનુ છું.

પુરૂષ વર્ગમાંથી માત્ર ૪૫ ટકા ૩૦ વર્ષ ઉપરાંતનું આયુષ્ય ભોગવે છે. જ્યારે ૫૫ ટકા તે ઉમ્મર પહેલાં ગુજરી જાય છે, ૪૦ વર્ષનું આયુષ્ય માત્ર ૨૫ ટકા ભોગવે છે. ૫૦ વર્ષનું આયુષ્ય માત્ર ૧૬ ટકા અને ૬૦ વર્ષનું આયુષ્ય માત્ર ૫ ટકાજ ભોગવી શકે છે. એમ અત્યારે આપણી સમાજ સ્થિતિ જોતાં જણાય છે.

પુરૂષવર્ગની સ્થિતિ કરતાં સ્ત્રી વર્ગની સ્થિતિ જરા પણ ઓછી ભયંકર નથી. નાની ઉમ્મરમાં ગુજરી જવાનું પ્રમાણ તેમાં વધારે છે.

આયુષ્ય પ્રમાણ આટલું નાનું હોવાનું મુખ્ય કારણ હાલની આપણી જીવનપદ્ધતિને નભાવવાને કરવો પડતો અથાગ પરિશ્રમ છે. અસલના વખતની સાદાઈ આપણે તદ્દન ભુલી ગયા છીએ, અને ચાલુ જીવનમાં જરૂરીઆતો કરતાં ઉપલક શોખોને વધુ પોષવામાં આપણે મશગુલ થયા છીએ.

આપણું ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, રહેવું, આ બધામાં જરૂરીયાત પુરતી સાદાઈથી નહિ નિભાવતાં આપણે ભળતી હદે નકામા દેખાવ અને બીનજરૂરી શોભા પાછળ વિના કારણના મોટા ચાલુ ખર્ચ રાખતા શીખ્યા છીએ, અને તે નિભાવવા માટે આપણને ભારે પરિશ્રમ અને શક્તિનો વ્યય કરવો પડે છે.

આ સ્થિતી ન અટકે, અસલના વખતનું સાદું જીવન આપણા કુટું-બોમાં દાખલ ન થાય ત્યાં સુધી જે ઘસારો આપણા જીવનને ખમવો પડે છે તે કોઈ પણ રીતે અટકવાનો નથી.

હાલની સ્થિતિ માટે સૌથી વધુ જોખમદાર અને જવાબદાર આપણો શ્રીમંત ગણાતો વર્ગ છે. એમના જીવનનું અનુકરણ આખીય જ્ઞાતિમાં ફેલાઈ જાય છે. અને તેને લીધે સાધન વગરના અને મધ્યમ સાદા ગણાતા માણસોને પણ દેખાવ ખાતર મોટું ખર્ચ રાખી જીવનઘસારાઓ સહેવા પડે છે. આથી ખર્ચાળ જીવન જીવવાની પોતાને સગવડ છતાં જ્યાં સુધી શ્રીમંત વર્ગ ઇચ્છાપૂર્વક અને પોતાનો દાખલો બેસશે એ સમજીને સાદા જીવનની પદ્ધતી નહિં સ્વીકારે ત્યાં સુધી જ્ઞાતિ કે સમાજનો ઉદય થવો બહુજ કઠીન છે. જ્ઞાતિના શ્રીમંત બંધુઓ જ્ઞાતિના ભલા અર્થે આ દૃષ્ટિએ વિચાર કરતાં શીખે એવી મારી નમ્ર વિનંતી છે.

ખરી શ્રીમંતાઈ તો એક મનુષ્ય કેટલે અંશે પોતાની જાતને શ્રીમંત તરીકે દેખાડે છે તેમાં નથી પરંતુ તે શ્રીમંત છે એ વાત પોતાના ગરીબ

બંધુને કેટલે અંશે ભુલાવી શકે છે એમાંજ સમાઇ છે. શ્રીમંતો ત્યારેજ જ્ઞાતિ ઉપકારક થશે કે જ્યારે પોતાની ભારેમાં ભારે શ્રીમંતાઇ જીરવતાં શીખશે અને સમાજમાં પોતાનો દાખલો બેસાડવાની જવાબદારી સમજી, ઇચ્છાપૂર્વક સાદાઇનો સ્વીકાર કરશે અને પોતાની શ્રીમંતાઇનો સદવ્યય, પોતાના સમાજના લાભ માટે, વિધવા સંરક્ષણ, કેળવણીને માટે પૂરતા મોટા પ્રમાણમાં સાધનો કે જેથી કોઇ કેળવણીથી વંચિત ન રહે, નવા ધંધા ઉદ્યોગોમાં કેળવણી લઇ આગળ વધવા માટે બહાર જઇ કેળવણી પુરતા પ્રમાણમાં પ્રાપ્ત કરી શકે તેવાં સાધનો પૂરાં પાડવાં, શારિરીક કેળવણી માટે પુરતાં સાધનો પૂરાં પાડવાં અને ધંધા ઉદ્યોગે ચડાવવા ટેકો આપવો વિગેરે કાર્યોમાં જ્યારે તેઓ કરશે ત્યારેજ પ્રભુની કૃપા તેઓની ઉપર છે તેને પાત્ર ઠર્યા છે તેમ ગણાશે.

જ્યાં જીવનનિર્વાહનો પ્રશ્ન ભયંકર હોય ત્યાં કેળવણીની સ્થિતિ કુદરતી રીતે હલકી હોય એમાં નવાઇ શું ? હાલમાં મેટ્રીક કેળવણીનું પ્રમાણ ૪ ટકાજ છે. ઉપરાંતની કેળવણીનુ પ્રમાણ દર હજારે માત્ર ૧ ટકાનુંજ છે. આ બાબતમાં પણ આપણી સ્થિતિ ખરેખર વીચાર કરાવે તેવી છે અને તે સુધારવા માટેનાં તાત્કાલીક પગલાંઓ લેવાં જોઇએ.

કન્યાકેળવણીનાં સાધનો માત્ર શિહોર, ભાવનગર, તળાજા, પાલીતાણા, એ ચાર ગામોમાં છે અને તેમાં માત્ર ૨૫ ટકા કન્યા માંડ માંડ ભાગ્યે ગુજરાતી ત્રણ ધોરણ ભણતી હશે. બાકીનો ભાગ કેળવણીના અભાવે અશિક્ષિત રહે છે. કન્યા કેળવણી આપણી જ્ઞાતિમાં અલ્પ પ્રમાણમાંજ નામની છે.

આજે આપણી જ્ઞાતિમાં ૨૦ ટકા જેટલાજ પુરૂષો વેપારમાં રહી શકયા છે. બાકીનાઓ નોકરી, નામ માત્રની ખેતી તથા નામ માત્રના પરચુરણ ધંધામાં તથા નિરૂદ્યમીપણામાં સબડે છે અને જે ૨૦ ટકા જેટલા પુરૂષો વ્યાપારમાં ટકી રહ્યા છે તેઓની સ્થિતિ પણ જીવન વચ્ચે તરખલા તુલ્ય છે. શ્રીમંતાઈ અને નિશ્ચિંતપણું એ બે તો હવે સ્વપ્નાની વાતો થઇ ગઇ છે.

લી૦ આપનો સેવક

પુરૂષોત્તમદાસ લ. મુની.

આભાર.

મ્હારા પરમ સ્નેહી, મુંબઇ કપોળ યુવક મંડળના ઉત્સાહી સભ્ય, કપોળ મિત્રના ખાસ લેખક, અમરેલી નિવાસી શ્રી. ભાઇ **પ્રતાપરાય ગિરધરલાલ** મ્હેતા, મ્હારા વ. સહકારી બંધુશ્રી ખુશાલદાસભાઈના આગ્રહથી અમરેલીથી પરિશ્રમ લઇ સંમેલનના કાર્યમાં મ્હને સહાય કરવા માટે ખાસ પધાર્યા હતા અને તેઓએ રાત્રિ દિવસ પરિશ્રમ લઇ સંમેલન દરમીયાન સંમેલનના સેક્રેટરીઓને અને મને બહુ સહાયતા કરી છે. તેઓએ દરેક કાર્યનો વિગતવાર અહેવાલ અને ઠરાવોના સુધારાની નોંધ લઈ અમારૂં કાર્ય બહુ સરળ કરી આપ્યું અને જેને પરિણામે તેઓ ભાઇશ્રીની અમુલ્ય સહાયતાથી આ **સંમેલન અંક** જલદીથી બહાર પાડવાને હું શક્તિમાન થયો છું તે માટે શ્રીયુત ભાઇ શ્રી ગિરધરલાલભાઇનો હું રૂણી છું.

અમરેલી ચોરા સંમેલન ભરવા માટે પણ તેઓ ભાઇશ્રી અમરેલીમાં પ્રયત્ન કરી રહ્યાં છે, અને આશા છે કે અમરેલીના શિરોમણીઓ મતભેદ જતા કરી જ્ઞાતિહિતના પ્રશ્નને અગ્રસ્થાન આપી રા. જગજીવનદાસભાઇ અને ગીરધરલાલ ભાઇ સાથે સહકાર સાધી જરૂર એક અમરેલી ચોરાનું આદર્શ સંમેલન ભરવાનું કાર્ય ઉપાડી લઇ શિહોર ચોરાનાં કાર્યમાં જે ત્રુટી રહી હોય તે પોતાને ત્યાં સુધારી બીજા ચોરાઓને પોતાનું અનુકરણ કરવા પ્રેરશે.

અમરેલીના કેટલાક મુરબ્બી શિરોમણીઓ એમ માને છે કે ચીતળ સંમેલનના ઠરાવોથી શિહોરે કંઇ નવું કર્યું નથી. ભલે તેમ માન્યતા તેઓની હોય પણ અમરેલી ચોરાએ ચીતળ સંમેલનના ઠરાવોનો થોડો વખત અમલ કરી તે ઠરાવોનો ભંગ કરી તેને **અભરાઈ ઉપર મૂકી દીધા** છે અને એમ સંભળાય છે કે અમરેલીમાં અંદર અંદરના મતભેદના કલહ શિવાય બીજું વાતાવરણ નથી અને અત્યારે **જ્ઞાતિ બંધારણ જેવું કંઇ હોય તેવું જણાતું નથી.** આ અંક બહાર પાડતાં મ્હને જણાવવાને હર્ષ થાય છે કે અમરેલી નિવાસી મ્હારા એક સ્નેહી ભાઇશ્રીએ મ્હારા ઉપર પત્ર મોકલી જો અમરેલી મહાજન અમરેલી ચોરાના સંમેલનનું કાર્ય ઉપાડી લે તો અમરેલીમાં બહારગામથી પધારનાર પ્રતિનિધીઓનું સ્વાગત ખર્ચ પોતે આપવા તૈયાર છે તેમ જણાવે છે તો હવે અમરેલીના શિરોમણીઓ આ યોજનાને વધાવી લઇ જરૂર પોતાના ચોરાનું સંમેલન ભરવા પ્રયત્ન કરશે.

નવા બંધારણ પ્રમાણે નિમાયેલા શ્રી સિહોર કપોલજ્ઞાતિ મહાજનના સેવાભાવી ઉત્સાહી સેક્રેટરી શ્રી. **ચુનીલાલ મગનલાલ દોશીએ** પોતાની સેવા સેક્રેટરી તરીકે લાંબો વખત જ્ઞાતિને ચરણે ધરી જ્ઞાતિમાં ઘણો સુધારો કર્યો. તેઓ અમદાવાદ થોડા વખતથી ગયા હતા તોપણ પોતાની સેવાનો લાભ આપવા ખાસ સંમેલન મળવા અગાઉ આવી પોતાની સેવાનો ઉત્સાહભર્યો સુંદર ફાળો આપ્યો હતો, તેવી રીતે શ્રી. **ભાઇ અમૃતલાલ નરોતમદાસ** (ઉર્ફે નાનાભાણાભાઇએ) પણ પોતાની સેવાનો સુંદર ફાળો ચોરા સંમેલનમાં આપ્યો હતો. મ્હારા વ. મુ. શ્રી. ત્રીભોવનદાસભાઇ તેમજ હાલના કપોળ જ્ઞાતિના સેક્રેટરી મુ. શ્રી બકોરદાસભાઇએ અને સંમેલનના સેક્રેટરીઓ શ્રી. ચુનીલાલભાઇ દોશી તથા અમૃતલાલભાઇ પારેખ જ્ઞાતિના મુનીમ મગનલાલભાઇ વોરાએ સંમેલનના દરેક કાર્યની નોંધ વસ્તીપત્રક તેમજ બધું સાહિત્ય થોડા દિવસમાં પુરતો શ્રમ લઇને મ્હને મોકલી આપી ઘણીજ સરળતા કરી આપી છે અને તેને લઇને આ સંમેલન અંક વહેલો બહાર પાડી શકયો છું તે માટે તે મુરબ્બી શ્રીઓનો હું ઘણો રૂણી છું અને આ તકે તેઓનો આભાર માનું છુ.

પ્રાસંગિક નોંધ.

શ્રી શિહોર કપોળ યુવક મંડળ.

શ્રી શિહોર કપોળ જ્ઞાતી ચોરા સંમેલનનો ઇતિહાસ લખતા પૂર્વે મ્હને પૂર્વ ઇતિહાસ આપવો યોગ્ય લાગે છે. એ નમ્ર નિવેદન આપની સેવામાં રજુ કરવામાં આવે તો અયોગ્ય નહિં ગણાય તેમ હું માનું છું.

અત્યારે હજુ પણ બીજા કપોળ જ્ઞાતિના મહાજનો જેમ નિંદ્રામાં છે. તેમ થોડા વરસ અગાઉ શ્રી શિહોર કપોળ જ્ઞાતિનું પણ શિથિળ અને અવ્યવસ્થિત બંધારણ હતું તેમાં સુધારા કરવા માટે શ્રી શિહોર કપોળ જ્ઞાતિના યુવક ભાઇઓને તિવ્ર ઇચ્છા થતાં સેવાભાવી કપોળ યુવકોએ **શ્રી શિહોર કપોળ યુવક મંડળની** સ્થાપના તા. ૨૯–૮–૧૯૨૦ ને દિવસે કરી. તેનો ઉદ્દેશ નીચે પ્રમાણે રાખવામાં આવ્યો.

ઉદ્દેશ

યાને

હેતુ

૧ આપણી કપોળ ન્યાતિના હાલના કઢંગા થઇ ગએલા રીવાજો નાબુદ કરી ન્યાતિની સુવ્યવસ્થા કરી એકતા જાળવી રાખી શકાય અને અરસપરસ પ્રેમની લાગણીથી ભાઇઓને જોઇ શકાય અને સુલેહ સંપ વધે જેથી કરી ન્યાતિની કાંઇ પણ ઉન્નતિ થાય તેટલા માટે, હાલના જમાનાને માન આપી એક મંડળ ખોલવા તથા તે મંડળની સુવ્યવસ્થા કરવા તથા બંધારણ બાંધવા અને તે મંડળનું નામ નકકી કરી મેમ્બરો તથા અધિકારીઓ ચુંટી કાઢવા અને ન્યાતિની સુવ્યવસ્થા એક્યતાથી કરવા મારો વિચાર છે.

લી૦,

પારેખ અમૃતલાલ નરોત્તમદાસ.

૨ તે મંડળનું નામ શ્રી સિહોર કપોળ યુવક મંડળ રાખવું.

૩ ભેગા થયેલા દરેક મેમ્બર ભાઇઓના મત લઇ બેલેટની ચુંટણીથી મેમ્બર ભાઇઓ પૈકીના મેમ્બર ભાઈઓને અધિકાર આપવા.

૪ તે અધિકારીઓનાં નામ નિચે પ્રમાણે રાખવાં.

૧ પ્રમુખ, ૨ ઉપ–પ્રમુખ, ૩ સેક્રેટરીઓ અને ટ્રેઝરર, ૪ મેમ્બરો.

૫ ઉપર મુજબના અધિકારીઓના હોદા તથા સત્તા નકકી કરવા બાબત નિયમો બાંધવા.

૬ મંડળને લગતા દરેક નિયમો (ઠરાવો) બહુમતે પસાર કરવા વિગેરે વિગેરે.

૭ લવાજમ સર્વાનુમતે વાર્ષિક રૂ. ૧) અંકે એક ઠરાવેલ છે.

૮ દર માસે સુદ ૧૫ અને ૦)) એમ બે મીટીંગ નિયમીત ભરવી.

૯ કદાચ કોઇ કારણુસર વધારાની મીટીંગ બોલાવવા વિચાર થાય તો બોલાવવી.

૧૦ મીટીંગ બોલાવવાની સત્તા સેક્રેટરીઓને છે.

૧૧ હવે પછી કોઈ પણ આપણી કપોળ જ્ઞાતિનો બંધુ મેમ્બર થવા માંગતો હોય તો તે ઠરાવેલ ફી આપી મેમ્બર થઇ શકશે.

ઉપર મૂજબ શ્રી કપોલ યુવક મંડળનું બંધારણ શરૂ કરી કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું અને તેના પ્રમુખ તરીકે રા. અનંતરાય ભાઇચંદભાઇ મહેતા અને ઉપ–પ્રમુખ તરીકે રા. મોહનલાલ પરમાણુંદદાસ વોરાને નિમવામાં આવ્યા હતા. અને મંડળમાં આશરે ૭૫) ભાઇઓ સભાસદ તરીકે જોડાયા હતા. જ્ઞાતિ સમક્ષ બંધારણ અને સુધારણાનો પ્રશ્ન લઈ જવાનું નક્કી થતા. રા. અનંતરાય ભાઇચંદ ભાઈ મહેતા શ્રી સિ. ક. યુ. મંડળના કામકાજમાં ભાગ લેવાના કાર્યથી અલગ રહેવાથી પ્રમુખ તરીકે રા. **મોહનલાલ પરમાણુંદદાસ** વોરાએ આગેવાની લીધી હતી અને શ્રી શિહોર કપોળ યુવક મંડળે પહેલું કાર્ય શ્રી શિહોર કપોળ મિત્ર મંડળ લાઇબ્રેરીનો પુનરોધ્ધાર કરવાનું કર્યું હતું, અને તે પછી બીજું કાર્ય શ્રી સિહોર કપોળ જ્ઞાતિને અરજી નીચે પ્રમાણે આપી કર્યું હતું.

(અરજી.)

મહેરબાન કપોળ જ્ઞાતીના માનવંતા મુરબ્બીઓ તથા સમસ્ત કપોળ બંધુઓની સેવામાં શ્રી શીહોર.

અરજદાર અમો નીચે સહી કરનાર જ્ઞાતિબંધુઓની નમ્ર અરજ એ છે કે, આપણાં જ્ઞાતીનું હાલનું અવ્યસ્થિત થઇ ગએલું બંધારણ સુધારી નવેસરથી બાંધી તેની એક કમીટી મુકરર કરવા અમારો સર્વેનો અભિપ્રાય છે.

૧—કારણ કે જ્ઞાતીના વહીવટ સંબંધી તેમજ કેટલીક બીજી બાબત સંબંધી પત્રવહેવાર તથા અરજીઓ કોના નામથી કરવી, તે નિશ્ચય નથી થયેલ ત્યાંસુધી અમોને ઘણીજ મુશ્કેલી આવે છે જેથી કરી તે અમારી મુશ્કેલીઓ દુર કરવા આપ ભાઇઓ એક મતે ભેળા થઇ હાજર થવા દીવસ મુકરર કરી આપવા મહેરબાની કરશો.

તા. ૧૭–૨–૨૧ ગુરૂવાર.

સહી કરનારાઓ.

પારેખ નારણદાસ હરજીવન. મેતા ચત્રભુજ ધનજીની સહી દા. પોતે. મહેતા કરશનજી વેલજીની સહી દા. પોતે. દોશી ચુનીલાલ મગનલાલની સહી દા. પોતે. મુની પુરશોતમ લક્ષ્મીદાસની સહી દા. પોતે.

હરીલાલ નારણદાસની સહી દા. પોતે. મુની વલ્લભદાસ નથુભાઇની સહી દા. પોતે. સંઘવી ગીરધરલાલ લવજી દા. પોતે. મેતા પ્રાણુલાલ વીઠલદાસ. મુની સુખલાલ ભગવાન. પારેખ આત્મારામ પોપટલાલ. મેતા દુવારકાદાસ. રામલાલ. સંઘવી છગનલાલ ગોપાલજીની સહી દા. પોતે. વોરા જયંતીલાલ દુવારકાદાસ. મેતા જુઠા જાદવજીની સહી. ગાંધી ધનજી કેશવજી. મેતા ગાંડા ઠાકરશીની સહી દા. મણીલાલ. મેતા નારણદાસ પરમાણંદદાસ સહી દા. પોતે. મેતા ભક્તિદાસ ધારશી. મેતા હીંમતલાલ કરશનદાસની સહી. પારેખ કાળીદાસ લવજી. વોરા મોહનલાલ પરમાણંદદાસ. મુની તુલશીદાસ ગાંડાલાલ. પારેખ રણછોડદાસ ભાણજી.સંઘવી નરોતમદાસ જગજીવનદાસ. મેતા ગીરધરલાલ વાલજી. મેતા ગીરધરલાલ પરમાણંદદાસની સહી. પારેખ દામજી મકનદાસની સહી દા પોતે. મેતા પીતાંમ્બરદાસ પરમારણંદદાસ. મુની દુલભદાસ વનમાળી. મુની લક્ષ્મીદાસ ગીરધરની સહી દા. પોતે. મુની દુલભદાસ માધવજી. મેતા મોહનજી દયાલ સહી દા. પોતે. મેતા રતીલાલ છગન દા. પોતે. મેતા વૃજલાલ પરમાણંદની સહી. મેતા ત્રીભોવનદાસ ઠાકરશીની સહી દા. પોતાના. સંઘવી હરજીવનદાસ ગીગા. પારેખ મણીલાલ ભગવાન.

ઉત્તરમાં.

કપોળ જ્ઞાતીભાઇઓની સભા તા. ૨૭–૨–૨૧ રવીવારના ક. ૩ ત્રણ વાગતે બપોરે ભેગી કરવા મારો અભીપ્રાય છે, સબબ જ્ઞાતીની વાડીમાં કપોળ યુવક મંડળના અગ્રેસરો આપણી જ્ઞાતીના અગ્રેસરોને મળ્યા કરશે તેવી આશા રાખું છઉં.

તા. ૧૮–૨–૨૧ શુક્રવાર.

લી. મહેતા ત્રીભોવનદાસ પરમાણંદદાસ.

સેક્રેટરી દોલતરાય જોગ.

ઉપરનો રાજ્યમાન ત્રીભોવનદાસભાઇનો આવેલ જવાબ અરજીમાં સહી કરનારા (અરજી આપનારા) જ્ઞાતી બંધુઓને વંચાવવા અને તા. ૨૭ મીને રવીવારે જ્ઞાતીની વાડીના મકાનમાં ભેળા થવામાં તેમજ ભેળા કરી આપવામાં મદદ કરવા આપણા યુવક મંડલના મેમ્બર ભાઇઓને સુચના કરશો.

તેમજ કપોળ મીત્ર મંડળના માણુસ (નોકર) ભટ છોટાલાલને તા. ૨૭ મીએ જ્ઞાતી બંધુઓને તેની મારફત ભેળા કરી આપે તેવા ખબર આપશો. તા. ૧૯–૨–૨૧ શની.

લી. સી. ક. યુ. મંડલના ઈ. આ. પ્રમુખ.
વોરા મોહનલાલ પરમાણુંદ.

આ અરજી ઉપરથી જ્ઞાતી એકત્ર થઇ તા. ૨૭–૨–૨૧ રવીવારે કપોળ મહાજનની વાડીમાં નીચે મુજબનો ઠરાવ કરી કમીટી નીમી છે.

ઠરાવ.

આપણી કપોળ જ્ઞાતીની મીલ્કતની વ્યવસ્થા તથા વહીવટ હાલ મી. ત્રીભોવનદાસ પરમાનંદદાસ કરે છે; પરંતુ તેમની તબીયત હમણા બહુ સારી રહેતી નહીં હોવાથી તેમની માગણીથી તેમજ જ્ઞાતિની ઇચ્છાથી નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો છે.

૨ જ્ઞાતિની તમામ જાતની મીલ્કત તથા હક્કો વીગેરેનો વહીવટ આજથી રા. રા. ત્રીભોવનદાસ પરમાનંદદાસની સાથે એકત્ર રહી નીચે લખેલા ગ્રહસ્થોની કમીટીએ કરવો ને તે વહીવટ બરાબર રીતે ચાલી શકે તેટલા માટે સદરહુ કમીટી તે સંબંધે ધારા ઘડવાને મુખત્યાર છે એમ જ્ઞાતી સમસ્ત ઠરાવે છે. માટે બનતી ત્વરાએ કમીટીએ તે ધારા પોતાની સગવડની ખાતર ઘડી તૈયાર કરવા.

૩ એ પ્રમાણે જે ધારા ઘડવામાં આવે તે અન્વય મીલ્કતની વ્યવસ્થા તથા સંભાળ પણ એ કમીટી કરી શકશે.

૪ કમીટીના ગ્રહસ્થોના નામ આ નીચે જણાવવામાં આવ્યાં છે, તે ગ્રહસ્થોની કમીટી અત્ર વખત નીમવામાં આવી છે એમ સમજવાનું છે આ ઠરાવ જ્ઞાતી સમસ્તે ભેગી થઇને કર્યો છે. તા, ૨૭–૨–૨૧ શીહોર.

સીહોરની કપોળ જ્ઞાતીની મીલ્કતનો વહીવટ તથા વ્યવસ્થા કરવા નીમાયેલા, કપોળ જ્ઞાતીના મેમ્બરોના નામ સં. ૧૯૭૭ ના મહા વદ ૫ રવીવાર તારીખ ૨૭–૨–૧૯૨૧.

મેમ્બરો.

૧ સંઘવી હરજીવન ગીગા અથવા સંઘવી છગનલાલ ગોપાળજી અથવા સંઘવી મગનલાલ ડાયા.

૨ દોશી પરશોતમદાસ શામજી અથવા દોશી ચુનીલાલ મગનલાલ અથવા દોશી પરમાનંદ ઓધવજી.

૩ મહેતા ત્રીભોવનદાસ પરમાનંદદાસ અથવા મોતીલાલ પુરૂષોતમદાસ. અથવા મહેતા અમૃતલાલ કેશવજી.

૪ મહેતા કરસનજી વેલજી અથવા મહેતા વૃજલાલ રણછોડદાસ

૫ મહેતા ગીરધરલાલ વહાલજી અથવા મહેતા ચત્રભુજ ધનજી.

૬ મુની પુરૂષોત્તમદાસ લક્ષ્મીદાસ અથવા મુની ડાહ્યાભાઇ માવજી અથવા મુની નંદલાલ કુરજી અથવા લખમીદાસ ગીરધર.

૭ પારેખ કાળીદાસ લવજી અથવા પારેખ દામજી મકનદાસ અથવા પારેખ રૂગનાથ લખમીચંદ

૮ ભુતા ત્રીકમજી ડાહ્યા અથવા ભુતા બકોરદાસ ગોબર અથવા ભુતા જીવરાજ લવજી.

૯ વોરા મોહનલાલ પરમાનંદદાસ અથવા વોરા દુવારકાદાસ સુંદરજી.

૧૦ ચીતલીયા રતીલાલ પીતાંબરદાસ.

૧૧ કાણુકીયા મુળજી ભગવાન.

૧૨ ગાંધી વૃજલાલ હરીભાઈ અથવા ગાંધી દુવારકાદાસ ત્રીભોવન.

૧૩ કોઠારી વિઠલદાસ નારણદાસ.

૧૪ પારેખ નારણદાસ હરજીવન અથવા મથુરાદાસ ગોકળ.

૧૫ મહેતા પ્રભુદાસ નાગજી.

૧૬ સાયર દુલભજી બહેચર.

૧૭ મહેતા જુઠાભાઈ જાદવજી.

૧૮ હકાણીમાં કોઇ પુરૂષ વર્ગ નથી.

૧૯ ઉસરડીયામાં કોઇ પુરૂષ વર્ગ નથી.

સહીઓ.

મહેતા કરસનજી વેલજીની સહી દા. પોતાના. સંઘવી હરજીવન ગીગાની સહી દા. પોતે. કોઠારી દુર્લભદાસ ચત્રભુજ સંઘવી મગનલાલ

ડાયાભાઇની સહી દા. પોતે મેતા પ્રતાપરાય દુલેરાય. ભુતા જીવરાજ લવજી. પારેખ રઘુ લખમીચંદની સહી. પારેખ નારણદાસ હરજીવનની સહી દા. પોતે. દોસી ચુનીલાલ મગનલાલની સહી દા. પોતે. વોરા મોહનલાલ પરમાણંદની સહી દા પોતે. ભુતા ત્રીકમ ડાયાની સહી દા. પોતે. મેતા પીતાંમ્બર પરમાણંદની સહી. દા. પોતે. ભુતા પ્રાણુલાલ બકોરદાસની સહી દા. પોતે. સંઘવી ભગવાન હરજીવનદાસની સહી દા. પોતે. મેતા વરજલાલ પરમાણંદની સહી દા. પોતે. મેતા ચત્રભુજ ધનજીની સહી દા. પોતે. ભુતા મોતીલાલ મગનલાલની સહી દા. પોતે. મેતા ગીરધરલાલ પરમાણંદદાસની સહી દા. પોતે. પરશોતમ સામજી જોશીની સહી દા. પોતે. મેતા કાળીદાસ ભીમજીની સહી દા. પોતે.મેતા નારણદાસ ગોવીંદજીની સહી દા. પોતે. મેતા જમનાદાસ પરભુદાસની સહી દા. પોતે. પારેખ પોપટલાલ જીવનની સહી દા. આત્મારામ. સંઘવી પરમાણંદદાસ માવજીની સહી દા. બાબુ. મેતા રતીલાલ છગનલાલની સહી દા. તાપીદાસ. મુની ડાહયા મહાવજી. મહેતા ત્રીભોવનદાસ પરમાનંદદાસની સહી દા. પોતાના. મહેતા મોતીલાલ પુરૂષોતમદાસ. દોશી પરમાનંદ ઓધવજીની સહી દા. પોતે. સંઘવી મુળજી જગજીવનની સહી દા. પોતે. મુની પરશોતમ ત્રીભોવનદાસ. સંઘવી છગનલાલ ગોપાલજીની સહી દા. પોતે. પારેખ કાળીદાસ લવજી. ભુતા રામજી મોનજી. પારેખ દામજી મકનદાસ. મેતા અમૃતલાલ કેશવજીની સહી દા. પોતે. મુની લખમીદાસ ગીરધરની સહી દા. પોતે. પારેખ ભીમજી ગાંડાલાલની સહી દા. પોતે. પારેખ હરજીવનદાસ ગીરધરની સહી દા. પોતે. મુની પુરૂશોતમદાસ લખમીદાસની સહી દા. પોતે. મુંની દુવારકાદાસ પીતાંબરદાસની સહી દા. પોતે. મેતા નારણ પરમાણંદની સહી દા. પોતે. મેતા ગાંડાલાલ ઠાકરશીની સહી દા. પોતે. મેતા હરીલાલ નારણદાસની સહી. મેતા ત્રીભોવન ઠાકરશીની સહી દા. પોતે. મેતા મોહનલાલ નરોતમદાસની સહી દા. પોતે. મુની નંદલાલ કુરજીની સહી દા. પોતે. પારેખ મથુરદાસ ગોકળદાસની સહી દા. પોતે. મુની બાલકૃષ્ણ વનમાળીદાસની સહી દા. પોતાના. મેતા ભાઇચંદ હેમરાજની સહી દા. પોતે. મુની તલશીદાસ ગાંડાલાલની સહી દા. પોતે. ગાંધી દુવારકાદાસ ત્રીભોવનદાસની સહી દા. પોતે. મેતા ભગતીદાસ ધારશીની સહી દા. પોતે. દોશી અનંતરાય લક્ષ્મીદાસ. મેહેતા ગીરધરલાલ વહાલજી. દોશી મગનલાલ હીરજી સહી દા. પોતે

— ० —

ઠરાવ.

આજરોજ કપોળ જ્ઞાતીનો વહીવટ કરનાર કમીટીના મેમ્બરો તથા બીજા ગૃહસ્થોએ એકત્ર થઈ સર્વાનુમતે એવો ઠરાવ કર્યો કે જ્ઞાતીનો વહીવટ કરવા માટે ત્રણ ત્રણ મહિના સુધી બહુમતે જે મેમ્બરો ચુંટાય તે મેમ્બરો વહિવટ કરી જ્ઞાતિની મીલકતની વ્યવસ્થા કરે.

તે ઠરાવ અનુસાર કમીટીએ બહુમતે નીચેના ગૃહસ્થોને સં. ૧૯૭૭ ના ફાગણ શુદી ૧ થી તે સં. ૧૯૭૭ ના જેઠ શુદી ૧ સુધી જ્ઞાતીની મીલ્કતનો વહીવટ કરવા સારૂ મુકરર કર્યા છે માટે તે ગૃહસ્થોએ પોતાની ફરજ અદા કરવી.

ચુંટી કાઢેલા ગ્રહુસ્થોનાં નામ.

૧ મહેતા કરશનજી વેલજી.

૨ સંઘવી મગનલાલ ડાહ્યાભાઇ.

ઉપરના ગૃહસ્થોનો વારો પુરો થાય ત્યારે એટલે સં. ૧૯૭૭ ના જેઠ શુદી ૧ ના રોજ જ્ઞાતિનો વહીવટ કરવા માટે ફરી ચુંટણી કરવી.

ઠાંમ વાસણ વીગેરેનું ભાડું તથા નુકશાન ભરી લેવાની સત્તા જુના રીવાજ મુજબ દરેક વખતે જે જે ગૃહસ્થો વહીવટ કરનાર તરીકે ચુંટાય તે દરેકને છે એમ આ ઠરાવનો મુખ્ય હેતુ છે માટે તે ધ્યાનમાં રાખવું

તા. ૧—૩—૨૧

મહેતા ત્રીભોવનદાસ પરમાણંદદાસની સહી દા. પોતાના. મહેતા ગીરધરલાલ વહાલજી. મહેતા કરશનજી વેલજી.વોરા મોહનલાલ પરમાણંદની સહી દા. પોતે. પારેખ કાળીદાસ લવજી. દોશી પરમાનંદ ઓધવજીની સહી દ. પોતાના. સંઘવી મગનલાલ ડાયાભાઇની સહી દા. પોતે મુની નંદલાલ કુરજીની સહી દા. પોતે પારેખ નારણદાસ હરજીવન મહેતા અમૃતલાલ કેશવજીની સહી દા. પોતે ભુતા ત્રીકમજી ડાયાની સહી મહેતા દુલભ બેચરની સહી દા. પોતે

ઉપર જણાવ્યા મુજબ તેનું પરિણામ આવ્યું હતું અને તે પરિણામે શ્રી. શિહોર કપોળ જ્ઞાતિનું બંધારણ વિસમી સદી પ્રમાણે વ્યવસ્થિત રહી અત્યારની ઉંચ દરજ્જાની સ્થિતિમાં પહોંચ્યું છે, અને તેને તેમ કરવા માટે યુવકોને પ્રોત્સાહન આપી આગળ વધારવા માટે સિહોરની કપોળ જ્ઞાતિના અગ્રગણ્ય વયોવૃદ્ધ—પૂ. વ. શ્રી. ગિરધરલાલ વહાલજી

ભાઈ મ્હેતા અને બીજા વડીલોને આભારી છે. તેમજ સહૃદયી જ્ઞાતી સેવાની સદોદિત ભાવનાવાળા અને અનુપમ સહનશકિત ધરાવનારા અમારા વ. **શ્રી. ત્રીભુવનદાસ પરમાણુંદદાસ મ્હેતાને પણ આભારી છે.**

જ્ઞાતિ બહારના ક્ષેત્રોમાં સુધારા કરનાર વ્યકિત કરતાં જ્ઞાતિ સમાજ બંધારણમાં સુધારા કરવા મથનાર વ્યકિતઓને બહુજ સહન કરવું પડે છે. તે અગ્રગણ્ય વ્યકિતની સ્થિતિ—શ્રીમદ્‌ભગવત ગીતાની અંદર કુરૂક્ષેત્રમાં ઉભેલા પ્રથમ અધ્યાયમાં અર્જુન વિષાદ યોગ જેવી થાય છે. કારણ કે તેની સ્થિતિ પણ પોતાના સહોદર, વડીલો, આત્મજનોની વચ્ચે કાર્ય કરવાની હોય છે તેમાં કોઇ કોઇ વખત—પોતાના મુરબ્બી વડીલો અને સ્નેહી આત્મ-જનની સાથે મતભેદના અથડામણુમાં સ્વભાવિક આવવું પડે છે. મને. દુઃખ વોરી લેવું પડે છે, દબાણુમાં આવવું પડે છે અને સાંભળવું પડે છે કે ત્હારે તે શું પડી છે, બીજાઓ કરશે. શા માટે બધાની આંખે થવું જોઇએ, આવા પ્રસંગો જ્ઞાતિસુધારણાના સામાજીક કાર્યમાં ઘણી ઘણી વખતે ઉભા થાય છે તે વખતે સુધારા માટે આગળ આવનાર વ્યકિતનું જો મનોબળ અને કાર્ય કરવાની શકિત દઢ ન હોય તો નબળા પોચા વિચારના સુધારકો પાછા હઠી જઇ બેસી જાય છે. પરંતુ આ વિરોધો છતાં શ્રી શિહોર કપોળ યુવક મંડળના પ્રમુખ નેતા ભાઇ મોહનલાલ પરમાણુંદદાસ વોરાએ અને કપોળ યુવક મંડળના સભ્યોએ कर्मण्य वा धिकारस्ते, मा फलेषु कदाचन ॥ એ સુત્ર ધ્યાનમાં રાખી સમજ શકિત ધરાવનાર વડીલોનો અને યુવકોનો સહકાર સાધી, શ્રી સિહોર કપોળ જ્ઞાતિને બીજાં કપોળ મહાજનો કરતાં અત્યારના પરિવર્તન પામેલા સમય પ્રમાણે ઉંચ્ચ સ્થિતિ ઉપર શ્રી સિહોર કપોળ જ્ઞાતિને લાવી મૂકવા માટે, અને બીજા કપોળ મહાજનને આદર્શરૂપ નીવડવા માટે ધન્યવાદ આપ્યા શિવાય રહેવાતું નથી. અને આશા છે કે અન્ય સ્થળોના કપોળ યુવક ભાઇઓ પણ હિંમતથી આગળ વધી સમજશકિત ધરાવનાર વડીલોનો સહકાર સાધી સ્થાનિક કપોળ યુવક મંડળો સ્થાપી જરૂર સુધારણા કરવા આગળ પડશે. યુવક મંડળી એટલે નવા જુવાન વિચાર ધરાવતા વૃધ્ધ અગર યુવાન તેનું મંડળ એ છે.

આ જ્ઞાતિ સુધારણાનું કાર્ય કરવામાં રા વોરા મોહનલાલ ભાઇને કેટલીક રીતે આર્થિક અને બીજું સહન કરવું પડયું છે. તે શ્રી

સિહોરના દરેક ભાઈને વિદિત છે પણ જે યશ તેઓએ મેળવ્યો છે, તેને માટે શ્રી સિહોરનો દરેક ભાઈ તેમને પ્રસંગ આવતા યાદ કરી વાળી આપશે, અને સામાજીક સુધારણાનો પ્રશ્ન આવતા જરૂર તેમને યાદ કરશે એટલું તો નક્કીજ છે. દરેક ચોરાના નવા વિચાર ધરાવતા કપોળ યુવક બંધુઓને વિનંતી છે કે તેઓ અગ્ર ભાગ લઇ પોતાના સ્થાનિક કપોળ યુવક મંડળો સ્થાપશે તો જરૂર જલદીથી જ્ઞાતિ સુધારણા થઇ શકશે તેમાં શક નથી.

લી. આપનો

પુરૂષોતમદાસ મુની.

સિહોર ચોરાનો ઈતિહાસ.

સંપાદક: શ્રી. મોહનલાલ પરમાણંદદાસ વોરા.

૧ હાલનું શિહોર ચોરાનું ભોજપરા ગામ કે જે શીહોરથી બે ગાઉ દુર છે તે ૧૬૦૦ની સાલમાં જે વખતે ઘોઘા બાદશાહની હકુમતમાં હતું તે વખતે સારી રીતે હસ્તી ભોગવતું હતું અને તે ગામમાં બાદશાહી નોકર મેતા નૃશીંહપ્રસાદ તુળજારામ શેઠવાળા કપોળ જ્ઞાતિની વણીક કોમનું કુટુંબ રહેતું હતું. તેના બીજા કુટુંબો વલ્લભીપુર (હાલનું વળા) પાસે લોલીયાણા ગામમાં બાદશાહી નોકરી કરતા હતા તેઓ પણ ત્યાં દેશાઇ રામજી મહેરાજના નામથી પ્રખ્યાત હતા. અમદાવાદના બાદશાહનો ચાહ તેના ઉપર બહુજ હોવાથી તેને લોલીયાણામાં ગરાસની જમીન આપી હતી, જેનો ઉપભોગ હજી પણ તે કુટુંબના વારસો કરે છે. ભોજપરાવાળા નૃસીંહપ્રસાદ મહેતા (કારભારી)ના કુટુંબમાં તેમના વડવા જીવરાજ સુરજીના કારજમાં ઇલાકાના સર્વે કપોળ બંધુઓને તેડાવી, જમાડી, બેઢાના લાણા કરી, તેવખતના બાદશાહી ચલણને એક એક અશરફી લાણા સાથે આવનાર મીજબાનને આપ્યા કહેવાય છે તે પ્રસંગે ઇલાકાથી આવનાર દરેક કપોળ બંધુએ ભેગા મળી તેને પાઘડી બંધાવી સર્વ કપોળ જ્ઞાતિના શેઠ તરીકે નીમ્યા હતા. તેઓએ તમામ ઇલાકાના કપોળ ભાઇઓનું છેલ્લું અઢારમું પ્રગણું સવંત ૧૮૬૮ અઢારસો અડસઠની સાલમાં ૧૮ મો જ્ઞાતિ

મેળો કર્યો. અને ત્યારથી તે આજદીન સુધી કોઇ પણ ઠેકાણે ઇલાકાના સર્વ કપોળ બંધુઓને નોતરવામાં આવ્યા નથી. સં. ૧૬૯૨ ની સાલમાં સિહોરની ગાદીએ વીશાજીના પ્રપૌત્ર બાળરાજા અખેરાજજીના માતુશ્રીને બાળ મહારાજા સગીર ઉમરના હોવાથી કોઇ સારા ખાનદાન, કુલીન, બાદશાહી લાગવગ ધરાવનાર કારભારીની જરૂર પડવાથી તેણે મજકુર નૃસીંહપ્રસાદ શેઠના કુટુંબી જે લોલીયાણામાં કારભારી તરીકે દેશાઇ રામજી મહેરાજ હતા તેને તથા તેના પુત્ર દામજી રામજીને બોલાવી સિહોરનું પ્રધાનપદ આપ્યું અને મજકુર દામજી રામજી તથા રામજી મહેરાજે સ્વજ્ઞાતિની ઉન્નતિ ખાતર આસપાસના ગોળો જેવા કે ભોજપરા, લોલીયાણા, ઉમરાળા, નાના સુરકા, કોટડીયા, ધાંધળી વગેરેમાંથી પોતાના સગા સબંધી તથા અન્ય જ્ઞાતિજનોને બોલાવી વેપાર રોજગારે ચડાવી કન્યાઓ આપી પરણાવ્યા હતા. તેમજ પોતાના ભાણેજ તથા ભાયાતોને નોકરીમાં દાખલ કરાવી કપોળ જ્ઞાતિને અજવાળામાં આણી કાળે કરી ભોજપરા ગામની પડતી થવાથી અને બાદશાહ ઉપર પેશ્વાની ચડાઈ આવવાથી બાદશાહી જોર નાબુદ થયું, જેથી મજકુર કારભારી કે જે શેઠ તરીકે કહેવાતા તે નૃસીંહપ્રસાદ શેઠવાળાનાં સ્થીતિ નબળી પડતાં તેઓએ પોતાના ભાયાતોના તથા કુટુંબના જથ્થામાં રહેવાનું યોગ્ય જાણી, શીહોરમાં આવી, મહેતા હીરજી ડોસાવાળાને આશરે રહ્યા; અને તેઓ શિહોર આવ્યા પછીથી ભોજપરાના રહીશ મટી શીહોરના રહીશ થવાથી તેના શેઠાઈના હકો તથા ભોજપરાની શેઠાઇ તેની સાથે શીહોરમાં ઉતરી અને અત્યારે પણું જ્યારે જ્યારે પ્રગણા થાય છે ત્યારે ત્યારે મજકુર મહેતાના કુટુંબીને પહેલી કંકોત્રી લખી કપાળમાં તીલક થાય છે, અને લાણું પણ શીહોરમાં તેના વંશજો જે મોટી ઓશરીવાળા તરીકે પ્રખ્યાત છે, તેને ત્યાંથી જ શરૂ થાય છે. એટલુંજ નહિ પણ જ્યારે જ્યારે પ્રગણું કે કંઠીબંધ થાય છે, ત્યારે ભોજપરામાં પહેલી કંકોત્રી તે શેઠના બનાવેલા મંદીરના બાવાને લખી બોલાવાય છે અને તેને ચાંદલો કરી પીરસણા આપવાનો હક હજી પણ મોજુદ છે. વળી આ ઉપરાંત પણ શીહોર ચોરાના ગામોમાં તેમજ ખુદ શીહોરમાં અન્ય ચોરા કરતા સંખ્યાબંધ પ્રગણા લાણા સહીત થયા છે, જેનાથી શીહોર ચોરાની ગૌરવતામાં વધારો થાય છે. તેના થોડાક દાખલા નીચે બતાવેલા છે.

૧ સં. ૧૯૧૧માં મહેતા ભીમજી જુઠાના કારજમાં ખુમચાના લાણુ સહીત.

૨ સં. ૧૯૧૯ માં મહેતા જેઠાભાઇ હરખજીની પાછળ.

૩ સં ૧૯૨૧ માં દોસી માવજી ડોસાના કારજમાં,

૪ સં. ૯૩૦ માં શામજી ભીમજીનાં માતુશ્રી પુરીબાના કારજમાં ત્રાસના લાણુ સહીત.

૫ શિહોરના રહીશ જાંગલા વનમાળીદાસ જીવાભાઇના કારજમાં પ્રગણુ તથા શીહોરની સાત ન્યાત કરી પ્રગણામાં બેઠાના લાણુ કર્યાં.

૬ સંવત ૧૯૩૧ માં દોશી ભાઇચંદ માવજી તથા ઓધવજી તથા રામજી માવજી તથા ભાણાભાઈ માવજીનાં માતુશ્રી બાઇ જમનાબાઇના કારજમાં.

૭. સં. ૧૯૩૬ માં ભાવનગરમાં દોશી ભગવાનભાઇ ભવાનભાઇના માતુશ્રીના પાછળ.

૮ સં. ૧૯૩૭માં દોશી ભાઇચંદભાઇ માવજીની પાછળ.

૯ સં. ૧૯૩૯ ના કારતક શુદ ૧૩ ને દીવસે મુરબ્બી શ્રી મહેતા શામજી ભીમજીના કારજમાં પ્રગણું કરી ત્રાસનું લાણું કરેલ છે.

૧૦ સં. ૧૯૪૧ માં ભાવનગરના દોસી ભવાનભાઇ રામજીભાઇના કારજમાં પ્રગણું કરી ત્રાસનું લાણું કરેલ છે.

૧૧ સં. ૧૯૫૩ ની સાલના અરસામાં શીહોર ચોરાના સથરા ગામમાં ભોટભાઇ કમળશીના કારજમાં લાણુ સહીત પ્રગણું.

૩ એ રીતે ઉપર દર્શાવેલા મહાન કાર્યો શીહોર ચોરામાં સંખ્યાબંધ થયેલ છે. તેમજ ભાવનગર રાજ્યમાં સિહોરની કપોળ કોમના આગેવાનો કારભારીપણું કરતા હોવાથી કપોળ જ્ઞાતિને પ્રથમ અજવાળામાં લાવનાર શીહોરના કપોળ આગેવાનો છે અને તેવા આગેવાનોનો બીજો મોટો સમુદાય શીહોર ચોરાના ગામ ભાવનગર, તળાજા, ઉમરાળા વીગેરે ગામોમાં હોવાથી પણ સિહોર ચોરો અગ્રપદ ધરાવે છે.

૪ સં. ૧૯૨૦ ની સાલના અરસામાં સુરત પાસે દેજબારા ગામની રહેવાસી બાઈ મુલીબાઇ તે સૌભાગ્યદાસની ઓરત સવેલી કન્યા બાબત જ્ઞાતિબહાર હતી. તેણે જ્ઞાતિમાં આવવા માટે તે વખતના મુંબઇની નવ જ્ઞાતિના શેઠ ગોપાળદાસ રૂગનાથદાસને અરજ કરેલી પણ તે વાત ગોપાળદાસ શેઠની સત્તાની બહારની હોવાથી કપોળ જ્ઞાતિના ચાર ચોરામાં જઈ અરજ કરવા ફરમાવ્યું, જેથી તે અરજી લઇ મુળીબાઈ મહુવા, અમરેલી, જાફરાવાદ (દેલવાડા) ચોરામાં ફરી પણ તે ચોરાના મહાજને તે અરજીનો કાંઇ ખુલાસો નહિ કરતાં તેને શિહોર મહાજન તરફ કાગળ લખી આપી મોકલી. તે વખતે સિહોરમાં કપોળ જ્ઞાતિના ખાસ અગ્રેસરો તથા મુરબ્બીઓ મેતા શામજી ભીમજીની દેખરેખ નીચે દોશી ભાણાભાઇ માવજી સિહોર ચોરાની કપોળ જ્ઞાતિની સેવા કરતા હતા અને તે વડીલોએ મુલીબાઇની તે અરજ ધ્યાનમાં લઇ તેની અરજીનો નીકાલ કરી, ફેસલો કરી, મુળીબાઇને જ્ઞાતિમાં લેવાની ઉદારતા દર્શાવી અને આવા પ્રશંસનીય કાર્ય માટે ત્રણે ચોરાના કપોળ બંધુએ સિહોર ચોરાના અગ્રેસરોને ધન્યવાદ આપી વ્યાજબી ઇન્સાફ આપવા ખાતર અગ્રપદ આપેલ છે. આ હકીકત સિહોરના વૃદ્ધ પુરૂષો જાણે છે એટલુંજ નહિ પણ સિહોર કપોળ જ્ઞાતિના વહિવટના તે વખતના ચોપડામાં પણ લખાયેલ છે અને જે ચોપડા મેતા હરખજી દામજીના વારસો મેતા જીવરાજ કેશવજી વીગેરેના કબજામાં હોવાનું સાંભળ્યું છે. તે વાતની વિશેષ પુષ્ટીમાં જણાવવાનું કે સવંત ૧૯૭૮ ની સાલમાં મુંબઈ મધ્યે મળેલી અખીલ ભારતીય કપોળ કોન્ફરન્સ વખતે બારોટ ખંડેરાવજીએ ઘણા ગૃહસ્થોની રૂબરૂ ઉપરની ભોજપરાવાળા શેઠની વાત તથા શીહોરમાં દેજબારા વાળી મુળીબાઇને જ્ઞાતિમાં લીધા સબંધીની વાત કરેલી હતી. ઉપરોક્ત હકીકત ઉપરથીત થવાનો પ્રસંગ એવો બન્યો કે કોન્ફરન્સનું કામકાજ શરૂ થતાં પહેલાં સબજેક્ટ કમીટીના મેમ્બરોની ચુંટણી થતી વખતે બેઠકની થયેલી ગોઠવણ સબંધી ચર્ચા ચાલી તે જણાવવાની જરૂર હોવાથી તે હકીકત દાખલ કરૂ છું. માધવબાગના મેડા ઉપર કોન્ફરન્સના ડેલીગેટો વાસ્તે ચાર બેઠક કરી હતી તેમાં દાદરેથી ચડતા સામે ૧ શીહોર ચોરા વિભાગ, ૨ મહુવા ચોરા વિભાગ, ૩ અમરેલી ચોરા વિભાગ, ૪ દેલવાડા (જાફરાબાદ) ચોરા વિભાગ.

એ રીતે લખી બોર્ડ મારેલાં. બીજે દીવસે કામ શરૂ થતાં પહેલાં મહુવાના એક ગૃહસ્થ કે જેનું નામ દુર્લભદાસ હતું તે તથા બીજા ગૃહસ્થ ચલાળાવાળા કે જેનું નામ નરોત્તમદાસ હતું તે બન્નેએ કહ્યું કે શીહોર ચોરાના લાણા અમરેલી તથા મહુવા ચોરા કરતાં ઓછાં છે, જેથી શીહોર ચોરા વિભાગની બેઠક ઉપર બોર્ડમાં (૧) એક કરી જે નંબર લખ્યો છે તે વ્યાજબી નથી. જેના જવાબમાં અમો શીહોર વાળા ડેલીગેટો પૈકી મહુંમ શેઠ મોતીલાલ પરશોતમદાસે મોઢું મલકાવી કહ્યું કે ઘણા વર્ષોથી શીહોર ચોરો અગ્રપદ ભોગવે છે અને ચાર ચોરામાં તે ચોરો અગ્રગણ્ય ગણાય છે. પણ આપ ભાઇઓને નંબર (૧) નો બાધ આવતો હોય તો તે બોર્ડ ત્યાંથી ઉઠાવી લેવાં. જેથી નંબર સંબંધી કોઇ ભાઇના મનને કચવાટ રહેશે નહિ. જેથી તે તમામ બોર્ડ ઉઠાવી લેવામાં આવ્યાં હતાં અને કોન્ફરન્સનું કામ નિર્વીઘ્ને પસાર થયા બાદ બીજે દીવસે બપોરના ત્રણ વાગ્યાને શુમારે આપણી મુંબઇની જ્ઞાતિના માધવબાગવાળા શેઠ જે ત્યાં હાજર હતા તેને તથા બીજા ચોરામાંથી આવેલા ડેલીગેટ ભાઇઓને આશીર્વાદ આપવા વાસ્તે બારોટજી ખંડેરાવ પધાર્યા હતા અને તેઓને કોઇએ શીહોર ચોરાની મોટાઇ સંબંધીનાં કારણો પુછતાં તેમણે અમારા સમક્ષ ઉપર જણાવેલી દેજબારાવાળી મુળીબાઇને જ્ઞાતિમાં લેવાની હકીકત તથા ભોજપરાવાળા શેઠ શીહોર આવી રહેવાથી શીહોર ચોરાની અગ્રગણ્યતાનું કારણ દર્શાવ્યું હતું.

શ્રી શીહોર ચોરા કપોળ સંમેલન.

(કામકાજનું ટુંક નિવેદન.)

પ્રસ્તાવ.

કપોળ યુવક મંડળના આશરા તળે શ્રી. મંગળદાસ બેરીસ્ટરનાં પ્રમુખપદે કપોળ ભાઇઓની એક સભા મુંબઇમાં ભરાઈ હતી, જેમાં વૃધ્ધલગ્ન સંબંધે વિરોધ થયો હતો, અને જ્ઞાતિ સમગ્રની સભા સમક્ષ આ સવાલ મૂકવા જ્ઞાતિ એકત્ર થવા ઠરાવ થયા મુજબ ઘણા ગૃહસ્થોની સહીની એક અરજી મુંબઈની જ્ઞાતિને મેનેજીંગ કમિટી મારફત મોકલવામાં આવી હતી. મુંબઇમાં રહેતા કેટલાક શિહોરના ઉત્સાહી અને સદ્‌વિચારવાળા ભાઇઓએ પણ શિહોર મહાજનને વૃદ્ધલગ્નના વિરોધનો ઠરાવ પસાર કરવા વિનંતિ કરી. શિહોરના આગેવાનો સમક્ષ આ અરજી રજુ થતાં શિહોરના ભાઇઓને એમ લાગ્યું કે આખા ચોરાની સંમતિ વિના ઠરાવનો વાસ્તવિક અમલ થવો મુશ્કેલ છે. આ સમયે શ્રી વિઠ્ઠલદાસ નારણદાસ કોઠારીએ આ વાતને સમર્થન આપી, ચોરાનુ મહાજન એકત્ર થાય એમ ઇચ્છા દર્શાવી અને તેમની મહેમાનગતી કરવાનું પોતે પોતાની ઉપર સ્વીકારી લીધું, અને તેને પરિણામે આ સંમેલનની સ્ફુરણા થઇ.

આ ઉપરાંત આ વિચારને અનુરૂપ કેટલાંક તત્વો શિહોરના વાતાવરણમાં ઘણા વખતથી પ્રવર્ત્તિ તો રહ્યાંજ હતાં. શિહોરનો જુવાન વર્ગ વાસ્તવિક સુધારા માટે તલપી રહ્યો હતો. જો કે ઠરેલ અને અનુભવી સુકાનીઓના ડહાપણથી જ્ઞાતિનાવ સરળ રીતે ચાલ્યું જતું હતું, પરંતુ છેલ્લા એકાદ બે વૃધ્ધલગ્ન સમયે આ સેવાભાવી યુવકોએ કરેલ મહેનત નિષ્ફળ જતાં બંધારણના શિથિલતા અને કેટલાક ઉપયોગી કાયદાઓનો અભાવ સહુને સાલી રહ્યો હતો. એ અરસામાં આખા ચોરાનું સંમેલન એકત્ર કરવાના વિચારને આ બાલ વૃદ્ધ સહુએ વધાવી લીધો, શ્રી વિઠલદાસે સ્વાગતનું ખર્ચ સહર્ષ ઉપાડી લીધું, અને આમ શિહોરને આંગણે આ ચોરાને નિમંત્રવાનું નકકી થયું.

પૂર્વ તૈયારી.

સંમેલન નિમિત્તેની તૈયારી પૂર ઉત્સાહથી થવા લાગી, શિહોર ચોરાનું આ પ્રથમજ સંમેલન હતું, તેથી રીતરિવાજો વગેરે નવેસરથી ઘડવાનાં હતાં. આ કાર્ય માટે ૩૫ ગૃહસ્થોની સમિતિ નીમવામાં આવી, જેઓએ ઘણા વખત સુધી વાટાઘાટ અને વિચાર કરી ઠરાવોનો એક ખરડો તૈયાર કરી રાખ્યો. સંમેલન માટે બીજા શ્રાવણ વદ ૧, તા. ૧ સપ્ટેમ્બર ૧૯૨૮ ની તારીખ નક્કી થઇ, અને શિહોર મહાજનની આજ્ઞાથી સેક્રેટરી ભુતા બકોરદાસ ગોબરની સહીથી શિહોર ચોરાના ગામે ગામ આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી, જેમાં દરેક મહાજનને વિનંતિ કરવામાં આવી હતી કેઃ–"સહુએ એકત્ર થઇ વિચાર કરી ચુંટી કાઢેલા પ્રતિનિધિઓ સંમેલનમાં મોકલવા. આ પ્રમાણે સહુ મહાજન તરફના પ્રત્યુત્તરો આવવા લાગ્યા, અને કોણ કોણ આવશે તેની યાદીઓ પણ આવવા લાગી. તેમજ શિહોર ચોરાના બહારગામ વસ્તા ભાઈઓની જાણ માટે સાંજ વર્તમાન અને મુંબઇ સમાચાર પત્રમાં નીચે મૂજબ લેખ આપી જાહેર આમંત્રણ કરવામાં આવ્યું.

શ્રી શિહોર કપોળ સંમેલન.

શ્રી શિહોર ચોરાનું સંમેલન સં. ૧૯૮૪ ના શ્રાવણ બીજા વદ ૧ ને શનીવાર તા. ૧–૯–૨૮ ના રોજ ભરવાનું આંહીની જ્ઞાતીએ નક્કી કર્યું છે તે ઉપર જે જે સ્થળે શ્રી શિહોર ચોરાના કપોળ ભાઇઓ રહેતા હોય તેમને પધારવા વિનંતિ છે.

આ સમયે એક અતિ આદરને પાત્ર વિચાર કાર્યકર્તાઓને સુઝયો અને ચોરાની વસ્તીગણત્રીનું કામ જે ઘણુંજ ઉપયોગી છે, તે હાથમાં લેવાયું. છાપેલા ફોર્મ સ્થળે સ્થળેં મોકલી આપી પ્રત્યેક લાણા દીઠ વસ્તીની, વયની, પરણેલા, કુંવારા કે વિધુર, વિધવા, ભણેલ કે અભણ ધંધા, અટક, ગોત્ર, આ [illegible] ળવવાનું કામ આરંભી દીધું. આ સંમેલને કરેલ વ્યવહારૂ કાર્યોની ગણનામાં આ પ્રયાસ ચિરસ્મરણીય રહેશે. અને એ વિચાર સફળતાથી પાર પાડવા માટે તેના કાર્યકર્તાઓને અભિનંદન ઘટે છે. શહેરો અને ગામડાવાળાઓ સહુએ આ પત્રકો ભરાવી આપી કામ કરનારાઓની શુભ નેમને બળ આપ્યું અને પરિણામે વસ્તીગણત્રીના

કાર્યમાં ફત્તેહ મળી. આ ગણત્રીનું એકીકરણ આ નિવેદનની સાથે આગળનાં પૃષ્ઠોમાં સામેલ છે.

પરિષદના પ્રમુખ નીમવાનો સવાલ આવતાં થોડાં નામો સૂચવાયાં. પણ તેમાંના અન્યથી આવી શકાય તેમ ન હોવાથી પ્રમુખ તરીકે જાણીતા પ્રાણાચાર્ય વૈદરાજ ત્ર્યંબકલાલ ત્રિભુવનદાસની નીમણુંક સર્વાનુમતે કરવામાં આવી. સ્વાગત મંડળના પ્રમુખ તરીકે મહેતા ત્રિભુવનદાસ પરમાણંદદાસ અને ઉપપ્રમુખ તરીકે મુની દ્વારકાદાસ લક્ષ્મીદાસની પસંદગી કરવામાં આવી.

સંમેલનની મીતિ નજીક આવવા માંડી, અને મળવાનું સ્થળ કપોળ મહાજનની વાડી નક્કી કરવામાં આવ્યું, પરંતુ આ સમયે સિહોરના એક આગેવાન અને સંમેલન માટે ખરડો ઘડવામાં અથાગ મહેનત લેનાર શ્રી. કરસનજી વેલજીનો સ્વર્ગવાસ થતાં તેની ઉત્તરક્રીયા ત્યાં કરવાની હોઇ સંમેલન ભરવાનું સ્થળ બદલવું પડયું. ગૌતમી નદીને તીરે મુની કુટુંબના મોન મુનીને સ્વપ્નમાં દર્શન આપીને પોતાની ઇચ્છાથી પ્રકટ થએલ મહાદેવ તે ઉપર પ્રકટેશ્વર મહાદેવ નામ પડયું તે જગ્યાએ મહેતા શામજી ભીમજીએ બંધાવેલું પ્રકટેશ્વર મહાદેવનું મંદિર સંમેલન માટે સહુ સ્થળોથી અધિક સુખ સગવડવાળું હતું, તેથી બધી સવડ ત્યાં કરવાનું શરૂ થયું. રસોડા અને સ્વાગતને લગતી બધી તૈયારી શ્રી૦ વિઠલદાસ કોઠારી અને તેની મંડળીએ કરવા માંડી. સ્વયંસેવકો અને મંત્રીઓએ પોતપોતાની ફરજ પ્રમાણે કામ શરૂ કરી દીધું.

મંડપ.

મંદિરના પ્રવેશદ્વારમાં અને આસપાસ ધ્વજાપતાકા શોભી રહ્યાં. લાંબા પુરજામાં સંમેલનની ગાદી તકીયાની બેઠક સુંદર રીતે ગોઠવવામાં આવી હતી. કેળના સ્તંભો અને લતાતોરણોથી મંડપને દીપાવવામાં આવ્યો. સ્વાગતવચનો, પ્રસંગને અનુરૂપ સૂત્રો અને સુબોધ વચનો ઠેર ઠેર શોભી રહ્યાં હતાં.

આગમન.

સંમેલનના પ્રમુખ મહાશય પ્રાણાચાર્ય ત્ર્યંબકલાલભાઇ મુની અને સ્વાગત મંડળના ઉપપ્રમુખ શ્રી. દ્વારકાદાસભાઇ મુની સંમેલનના આગલા દિવસે સહવારના આવતાં સિહોરની પ્રજાએ હાર્દિક સન્માન કર્યું હતું. તેજ સાંજના ' કપોળ 'ના તંત્રી. શ્રી. પુરૂષોતમદાસ મુની અને કેટલાક ભાઇઓ આવ્યા હતા. સંમેલનને દિવસે લગભગ બધા ભાઇઓ આવી પહોંચ્યા હતા.

પહેલો દિવસ.

સહવારથી સંમેલનમાં પધારનાર સદ્દગૃહસ્થોને પ્રતિનિધી પાસ આપવા શરૂ કર્યા હતા અને કુલ્લે ૧૭૨ પ્રતિનિધીઓને પાસ આપવામાં આવ્યા હતા.

ભોજન બાદ સંમેલનની શરૂઆત પ્રકટેશ્વરની ધર્મશાળામાં ખાસ રચવામાં આવેલા લતાપલ્લવ અને સુભાષિતોથી શોભતા મંડપમાં થઇ હતી. હાજર રહેલાઓમાં ખાસ કરીને પ્રમુખ, ઉપપ્રમુખ ઉપરાંત શેઠ જીવાભાઇ પ્રભુદાસ, શેઠ પરમાણંદ જાદવજી મોદી, કપોળના તંત્રી શેઠ પુરૂષોતમદાસ મુની, શેઠ રામજીભાઇ નરોત્તમદાસ, શેઠ છગનલાલ ભગવાનભાઇ, શેઠ ચત્રભુજ હીરજી, શેઠ ફુલચંદભાઇ હીરજી, વકીલ વનમાળીદાસ માવજી, વકીલ પરશોતમદાસ ત્રીકમજી, અને ગામના અન્ય ગૃહસ્થો પણ આવ્યા હતા. આ ઉપરાંત જુદા જુદા સ્થળેથી સુપ્રતિષ્ઠિત વૃદ્ધ આગેવાનો અને યુવાનોએ પોતાના આગમનથી સમેલનને શોભા આપી હતી. પણ આ બધા આંગળીને ટેરવે ચડે તેવા મહેમાનોની પાછળ સિહોર ચોરાના ગામડે ગામડેથી આવેલ ભાઇઓનું મહત્વ જરાએ ઓછું નથી કે જેમાંથી રસનાળવાળા મોનજીભાઇ તથા ભાઇ નાગરદાસ દેશાઇ વગેરે મુખ્ય હતા. આ બધા મહેમાનોનાં પગલાંથી સંમેલન આખું દીપી ઉઠતું હતું. સિહોરના શિરોમણિઓ અને જુવાન ભાઇઓ પણ સારી સંખ્યામાં હાજર હતા.

શરૂઆત.

સંમેલનની શરૂઆત સ્વયંસેવકોએ સુંદર સ્વરોએ ગાએલા સરસ્વતી સ્તવનથી થઇ વિદ્દદ્વર્ય શિહોરના શાસ્ત્રીઓ વિશ્વનાથભાઇ તથા ભગવાનજી ભાઇએ સ્વવિરચિત શ્લોકો ઇત્યાદિથી સંમેલનને આશિર્વાદ આપ્યા બાદ અત્રેના ઉત્સાહી અખડા માસ્તરે તૈયાર કરેલ સત્કારગીતથી સ્વયંસેવકોએ સહુને સત્કાર્યા. "કપોળ" માસિકનો ખાસ વધારો "સિહોર ચોરાના શિરોમણીઓને" એ પત્રિકા વહેંચાણી હતી.

જે જે સદ્દગૃહસ્થોએ આ સમેલન તરફ પોતાનો સદ્દભાવ દર્શાવ્યો હતો તેના વિજયદર્શક તારો શ્રી. ચુનીલાલ દેશીએ વાંચી સંભળાવ્યા હતા, જે નીચે મુજબ હતા:—

મુંબઈથી ડૉ. રણછોડદાસ હરખજી પારેખઃ- "દિલગીર છું; હાજર રહી શકયો નથી. સંમેલનને ફતેહ ઇચ્છીએ છીએ."

અમરેલીથી ખુશાલદાસ કુરજી પારેખઃ— "પ્રતાપરાયને મોકલ્યા છે. કૉન્ફરન્સને ફતેહ ઇચ્છું છું." અમરેલી મહાજન તરફથી દેસાઇ લલ્લુભાઈ ગૌરિશંકર "કપોળ મહાજન સંમેલનને સફળ ઇચ્છે છે." ગુજરાત વૈદ મંડળ મુબારકબાદી અને દરેક રીતની ઘણીજ ફતેહ ઇચ્છે છે. વૈદ અંબાશંકર સેક્રેટરીઃ- સંમેલનને બધી રીતે ફતેહ ઇચ્છું છું. દ્વારકાદાસ ત્રીભોવનદાસ. બાદ સિહોરના શેઠ ત્રિભોવનદાસ પરમાણંદદાસે સ્વાગત મંડળના અધ્યક્ષપદેથી અનુભવપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું, અને સ્વાગત મંડળના ઉપપ્રમુખ શેઠ શ્રી દ્વારકાદાસ લક્ષ્મીદાસ મુનીએ પણ સહુને સુંદર શબ્દોથી સત્કાર્યા હતા; જ્ઞાતિના સુકાનીપદેથી પ્રાપ્ત કરેલા અને અનુભવ બોલો અને બંને ગૃહસ્થોનાં સત્કારવચનો, આ નિવેદન સાથે આગળ જોડેલાં છે.

આ સંમેલનને ઉપસ્થિત કરનાર અને સ્વાગત ખર્ચ આપી તેનું મંગળમુહુર્ત કરાવનાર કોઠારી વિઠલદાસ નારણદાસે પ્રમુખ પ્રાણાચાર્યનો પરિચય આપી તેમને પ્રમુખસ્થાને બિરાજવા વિનંતિ કરી હતી ઉપરાંત એક વિશેષ દરખાસ્ત મૂકી હતી કે અત્રેના સ્વર્ગવાસી સુપ્રતિષ્ઠિત કપોળ ગૃહસ્થ અને સિહોરના મુરબ્બી ગણાતા અને આ પ્રકટેશ્વર મહાદેવના મંદિરના પ્રણેતા શામજી ભીમજીની મોટી છબીને આ મંડપમાં મૂકવી. આ દરખાસ્ત સર્વાનુમતે સ્વીકારાતાં મહેતાશ્રીની છબીને મંડપનાં મધ્યમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

પ્રમુખની દરખાસ્તને ભાવનગરની જ્ઞાતિ તરફથી ટેકો આપતાં શેઠ રામજીભાઇ નરોતમદાસે જણાવ્યું જે અત્યારના પ્રસંગે યુવક વૃદ્ધ સમાજે પોતપોતાનાં મતમતાંતર દુર કરી 'સારૂં એ મારૂં' એ દઢ કરી શ્રી. ત્ર્યંબકલાલભાઇને પ્રમુખ નીમી સંમેલનનું કામ પાર પડે તેવી રીતે વિનંતિ કરવામાં આવે છે. પાલીતાણાના જાણીતા વકીલ પુરૂષોત્તમદાસ ત્રિકમજીએ આવી પસંદગી કરવા માટે કાર્યવાહકોને ધન્યવાદ આપ્યો હતો, અને એકમત થઈ કામ કરવાનું બળ તથા યશ પરમાત્મા આપે તેવી પ્રાર્થના કરી હતી. ત્યાર બાદ તળાજાના વનમાળીદાસ

ભાવજીભાઇ, ચાપસ તરફથી શેઠ જમનાદાસ લક્ષ્મીદાસ, અમરાળા તરફથી રા. નાગરદાસ દેસાઇ વગેરે ભાઈઓએ પ્રમુખની સુંદર વરણી માટે પ્રશસ્તિ અને દરખાસ્તને સબળ ટેકો આપ્યો હતો.

આ વખતે પ્રમુખ, તથા સ્વાગત મંડળના પ્રમુખ અને ઉપપ્રમુખને હર્ષનાદ વચ્ચે હારતોરા પહેરાવવાનો વિધિ થયો હતો.

પ્રમુખ મહાશયે આવું માન આપવા બદલ આભાર માનતાં જણાવ્યું કે:—" હું એ માનને લાયક ત્યારે ગણાઉં કે જ્યારે આપણે બધા એકમતથી, અને સહકારથી આ કાર્ય કુશળતાથી પાર ઉતારીએ, અને ત્યારેજ જે મને હાર પહેરાવવામાં આવ્યો છે, તેને પાત્ર ગણાઉં." ત્યાર બાદ તેમણે પ્રમુખસ્થાનેથી સ્પષ્ટ અવાજે પોતાનું છાપેલું ભાષણ વાંચ્યું હતું, જેમાં કપોળ જ્ઞાતિનું અગ્રગણ્ય પદ, વિદ્યાવિલાસીતા અને રાજકાર્યમાં મેળવેલ કીર્તિ તથા ઉદારતા માટે પ્રશંસા કરી. અત્યારે આવી પડેલ અવનત દશા તરફ સહુનું ધ્યાન ખેંચ્યું હતું અને તેમાંથી બચવા ચેતવણી આપી હતી. જ્ઞાતિની ઉત્પત્તિ અને જરૂરીઆત સંબંધે બોલતાં તેમણે જ્ઞાતિસંસ્થાના લાભો જણાવ્યા હતા; અને અન્ય દેશોમાં જે કામ કોર્ટો કરે છે, તે કામ આપણી જ્ઞાતિઓ સુંદર રીતે અને સફળતાથી કરી શકે છે, તે માટે દૃષ્ટાંતો આપ્યાં હતાં. કેળવણી અને વિધવામદદ માટે પારસીઓનાં કરોડો રૂપીઆનાં ફંડનો ઉલ્લેખ કરી તેના લાભાલાભ સમજાવ્યા હતા. ધારાધોરણની નૈતિક દ્રષ્ટિએ કેટલી બધી અસર થાય છે, અરસ્પરસ પ્રસંગોએ મળવા હળવાથી અને સહભોજનથી કેટલો ભાઇચારો ઉદ્ભવે છે, અને નાનો સમુદાય અભ્યુદયનો કેવી રીતે વિચાર કરી શકે છે તે જણાવ્યું હતું. બારડોલીના છેલ્લા જંગમાં જ્ઞાતિસંસ્થાના નિશ્ચયબળે શું શું કર્યું હતું તેનો સચોટ દાખલો આપી આ સત્યતા પુરવાર કરી આપી હતી.

ત્યાર બાદ તેમણે ચર્ચવાના પ્રશ્નોની રૂપરેખા દોરી તેની સમાલોચના કરી પોતાનું મનનીય ભાષણ પુરૂં કર્યું હતું. આ આખું ભાષણ વાંચકોના લાભાર્થે અન્યત્ર આપીએ છીએ.

આ ભાષણને અંતે વિષયવિચારિણી સભા યોજવાની ચર્ચા થઈ હતી, અને તે સંબંધે કેટલોક મતભેદ થયો હતો. કેટલાકે જણાવ્યું કે બધા

પ્રતિનિધિ તરીકે ચુંટાઈને આવ્યા છે, તેથી આખી સભાનેજ વિષય વિચારિણી સભા ગણી ખુલ્લી સભામાં કામ શરૂ કરવું. અંતે બહુ ચર્ચા અને વાટાઘાટ થતાં જે ચુંટાઈને પ્રતિનિધીઓ આવ્યા હતા તે સાથે આખી સભા વિષયવિચારણી સભાના રૂપમાં ફેરવાઈ ગઈ.

ઘડાયલો ઠરાવનો કાચો ધારાધોરણનો ખરડો ભાવનગર જ્ઞાતિ અને મુંબઈવાસીભાઈઓએ તથા બીજા ભાઈઓએ અગાઉથી વાંચી જવા અને સમજવા તથા સુધારા શું રજુ કરવા તે માટે અગાઉથી માંગ્યો હતો, પરંતુ શેઠ શ્રી. ત્રીભોવનદાસભાઈ અને ધારાધોરણ ઘડનારી કમિટીએ તે અગાઉથી જાહેરમાં મૂકવાથી વિશેષ ચર્ચા અને સુધારા બહુ આવશે એવી બીકે છેવટ સુધી બહાર મૂકયો ન હતો. ભાવનગરના બહુ દબાણથી તેમજ સંમેલનના પ્રમુખ સાહેબની માંગણીથી છેવટે તેઓએ સંમેલન મળવા અગાઉ ત્રણ ચાર દિવસ પહેલાં બે ઠેકાણે મોકલેલ હતો. સંમેલન વખતે પણ ધારાધોરણના કાચા ખરડાની બુક તેઓએ સંમેલનમાં વહેંચવા છપાવી તે પણ પુરતી નહિં. ફકત નવાણુંજ બુકો છપાવી હતી અને પ્રતિનિધી સંખ્યા ૧૭૨ ની હતી જ્યારે ભાષણોની નકલ કહે છે કે પાંચસોહ સુધી છપાવી હતી અને જેની ખરી જરૂરીઆત મહત્વતા હતી તે માત્ર જુજ નકલો છપવી હતી તેથી ધારાધોરણો શું છે અને કેવી રીતે ઘડાયા છે તેના ઉપર શું અભિપ્રાય આપવો તે કોઈ નકકી કરી શકયું ન હતું. તેમજ એક વિચાર ધરાવતા પાર્ટીવાળા પોતાના ભાઈઓ સાથે કોઈને પોતાના વિચારો પ્રમાણે વાટાઘાટ અગર શું ફેરફાર કરવો તે સંબંધી ઉહાપોહ કરી કયા કયા ઠરાવો સંબંધે શું કહેવું તે નિર્ણય થઈ શકયો ન હતો. અને વિચાર કરવા સમય મળ્યો ન હતો તેથી કરી સંમેલનમાં પૂર્ણ અસંતોષ ફેલાઈ ગયો હતો. તે સંબંધે ભાવનગરવાળા વૈદ્યરાજ રામજીભાઈ શેઠ તેમજ બીજા ભાઈઓએ અસંતોષ જાહેર કર્યો હતો અને ફરી વખત સંમેલન વખતે આમ ન થાય તે માટે સુચના કરી હતી. આવા અસંતોષવાળા વાતાવરણ વચ્ચે ઠરાવોનો ખરડો રજુ થયો હતો અને પહેલી કલમ હાથ ધરવામાં આવી હતી. તેમાં સુધારો કરવા શેઠ પરમાણંદદાસ મોદી તેમજ રામજીભાઈ ઠરાવ લાવ્યા હતા. સિહોર તરફથી શ્રી. વલ્લભદાસ નથુભાઈ મુનિ અને શ્રી. મોહનલાલ વોરા પણ ઠરાવ ઉપર સુધારો લાવ્યા હતા. અંતે આ પ્રશ્નને માટે વિચાર

કરવા તેમજ કોઇએ ધારાધોરણુ વાંચ્યા ન હોવાથી તે વાંચી જઇ સમજુતી નકકી કરી ઠરાવ ઉપર આવવા માટે સમયની જરૂરીયાત હોવાથી સંમેલન વળતા દિવસ તા. ૨૭ ઉપર મુલતવી રાખવામાં આવ્યું.

પહેલી રાત્રી.

વ્યવસ્થિત અને કાયદાની દૃષ્ટિએ સંમેલનની બેઠક દિવસે થતી, પરંતુ સંમેલનને પ્રજાસમુહના અંતરમાં સ્થાન આપવાનો વિધિ તો રાત્રેજ થતો હતો. જ્યાં સહુ નિઃસંકોચપણે યથેષ્ટ ચર્ચા, ટીકા પ્રશસ્તિત કે વિચાર ચલાવી રહ્યા હતા. કેટલોક વિવાદ છતાં સંમેલનનો આત્મા આ રાત્રિ ચર્ચામાંજ ઘડાતો હતો. પહેલી રાત્રીએ ખરડામાં લખેલ વેશવાળની પ્રથા ઉપર ઘણીજ ચર્ચા ચાલી રહી. વસ્તી કે જનસંખ્યાના પ્રમાણમાં પ્રતિનિધિઓ કાયદા કમીટીમાં મૂકવાનો મતભેદ ચાલુ રહ્યો હતો.

સિહોરનો અપૂર્વ સ્વાર્થત્યાગ અને અનન્ય શ્રધ્ધા.

એક તરફ બહારના મહેમાનો આમ ચર્ચા ચલાવી રહ્યા હતા, ત્યારે ડાહ્યું શિહોર પોતાનો એક નિર્ણય ઘડી રહ્યું હતું.

શ્રીયુત પુરૂષોતમદાસ મુની, શ્રી. વલ્લભદાસ નથુભાઇ મુની અને શ્રી. મોહનલાલ પરમાણુંદદાસ વોરાએ પોતાના તરફથી પાંચ છ ઠરાવોમાં સુધારો કરવા તે પ્રમાણે સંમેલનમાં ઠરાવ રજુ કરવા સુચવ્યું હતું અને તે પ્રમાણે કરવા મુ. શ્રી ત્રીભોવનદાસભાઇએ કબૂલ કર્યું હતું તેમજ તે સુધારાની યાદી ટાંચણ રૂપે શ્રી સેક્રેટરી ચુનીલાલભાઇએ લખી લીધું હતું અને શિહોરની અંદરનો મતભેદ દુર કર્યો હતો. જો કે પાછળથી સંમેલનમાં ઠરાવો રજુ કરતાં ઉપલા ટાંચણુ કરેલા સુધારા સાથે ઠરાવ રજુ કરવાનું સેક્રેટરી ચુનીલાલભાઇ તેમજ અમૃતલાલ અને મુ શ્રી ત્રીભોવનદાસભાઇ ભૂલી જઇ આપેલા વચનને વળગી રહી શકયા ન હતા એટલું સખેદ જણાવવું પડે છે તેથી થોડા મતભેદ માટે સંમેલનના કાર્યમાં મતભેદ ઉભો ન થાય તેટલા માટે મૌન રાખ્યું હતું અને શિહોરે ચુંટેલા ૭૨ પ્રતિનિધિઓ જાણતા હતા કે તેમના નિમંત્રણથી તેમને આંગણે અતિથીઓ પધાર્યા છે, જો કે, ચોરાની વસ્તીના પ્રમાણમાં શિહોર ૧/૩ કરતાં અધીક મતવાદીઓ સભામાં આપી, પોતાનું

બ્યાજબી પ્રતિનિધિત્વ હકની રૂએ રજુ કરી શકે, પણ તેમ કરવાથી બીજાને ભય લાગતો હતો કે શિહોરનું આવું વિશાળ પ્રતિનિધિત્વ પોતાનું ધાર્યું કરી જશે, અને બીજાના વિચાર કે મત દબાઇ જશે. શિહોરે ઉદાર દિલ ન દાખવ્યું હોત તો આ પ્રશ્ન કદાચ દૂર થઇ પડત. પણ 'અતિથિ દેવો ભવ' ની ભાવના વિજયવંત થઈ, અને વધારેનો હકક છતાં. તેના નેતા ત્રિભોવનભાઇ એકનેજ પોતાના પ્રતિનિધિ તરીકે બેસવા ચુંટયા. આ વરણીમાં શિહોરનું ડહાપણ—મુત્સદ્દીપણું અને અતિથી સન્માનની ભાવનાનાં અમૂલાં દર્શન થતાં હતાં.

સવારે.

સવારે જ્યારે સહુએ જાણ્યું કે શિહોર બહુમત ખેંચી ધાર્યું કરી જવાનું નથી, પણ તેના તરફથી ઠરાવો રજુ કરવા માટે નેતા તરીકે એકલા શ્રી ત્રિભોવનદાસભાઇને નીમ્યા છે ત્યારે સહુએ એને સહર્ષે વધાવી લીધા. સહુને આ યશસ્વી કાર્યકતા માટે માન હતું, તે દ્વિગુણીત થયું અને સહુના મનનાં સમાધાન થયાં. સાંજના વાતાવરણમાં ગ્લાનીનો ભાવ દેખાતો હતો તે બદલાઈ ગયો અને **આશાનાં કિરણોનું** સહુને દર્શન થવા લાગ્યું. આ શ્રદ્ધા અને આશા અસ્થાને ન હતાં, કારણ ત્રિભોનદાસભાઈ એટલે વારસામાં મળેલ અનુભવજન્ય જુના જમાનાના વિચારો અને નવયુગના સંસ્કારો, એ બંનેના મિશ્રણથી રંગાયેલ, ફક્ત ઠરેલપણું છતાં કામ કરવામાં જુવાનીનો જુસ્સો તેમનામાં હતો. પોતાની ભાષાને ગામડીયા જેવી ગણતા કહેતાં અતિ સમર્થ રીતે પોતાના વિચારો સભા ઉપર ઠસાવી શકતા, અને પોતાને માટે આકર્ષણ રચતા. આ બધા કાર્યની પાછળ તેમને શ્રાંવ મુની જેવા પ્રમુખ મહાશયની આત્માની અજબ સહાનુભૂતિ હતી.

વાતાવરણ બદલાતાં સર્વત્ર શાંતી થઇ. ભાવનગરવાળા શેઠ રામજી ભાઈએ સહુ ગામડાવાળાઓને બોલાવી ખરડા ઉપર ચર્ચા કરી. બધાના વિચાર જાણ્યા, કેટલાકનાં સમાધાન કર્યાં, કેટલાકના વિચાર ટપકાવી લીધા, અને તેમના વતી બોલવાનું કાર્ય માથે લઇ પરિષદનો સમય બચાવવા યોજના કરી. ભોજન બાદ કાર્યક્રમ શાંતિથી શરૂ થયો.

બીજો દિવસ.

તા. ૨–૯–૨૮ રવિવાર

પ્રારંભમાં જલાલપુરવાળા અમૃતલાલ પીતાંબર ચીતળીઆએ વિવેચન કરતાં આ સંમેલન ભરવા માટે શિષ્ટાચાર પ્રમાણે આભાર માની

કન્યાવિક્રય અટકાવવા વેગ ભરી અપીલ કરી હતી. ત્યાર બાદ શિહોરના જ્ઞાતિહિતપરાયણ વકીલ ગિરધરલાલ વહાલજીએ જણાવ્યું હતું કે:— "ગૌતમ ઋષિના ન્યાયની આ પુનિત ભૂમિમાં મતભેદ થયા વિના કાર્ય સફળ ઉતરે તોજ વ્યાજબી ગણાય. ચારે ચોરામાં શિહોર અગ્રસ્થાન ભોગવે છે; તે ગૌતમ ઋષિનો પ્રતાપ છે. આપણું કર્ત્તવ્ય બજાવીએ તો ઉન્નતિનું સ્થાન મળે, તેમાં નવાઇ નથી. પિતૃલોક, ચંદ્રલોક ઇત્યાદિમાં રહેતા લોકો દુ;ખી છે, કારણ તેમને મુકિત નથી પણ આ મૃત્યુ લોકમાં છે; તેથી માનવ દેહ વધુ ઉપયોગી છે. આપણે ધર્માધર્મ ન સમજતાં વિખવાદળાં ઉતારીએ તો અધોગતિ પામીએ. સંમેલનનો આશય ઉંચો છે. કપોળો પોતાના ગુણો જાળવી, અને દુર્ગુણો ત્યજી આવા દુર્લભ સંમેલનનો હેતુ પાર પાડવા પ્રયાસ કરશે; એવી વિનંતિ કરી હતી.

આ વિવેચનને અંતે શ્રી, રામજીભાઈ શેઠે જણાવ્યું કે " આ કાર્ય સુગમતાથી પાર પડે તે માટે સિહોરની જ્ઞાતિએ ત્રિભોવનદાસભાઈ પર વિશ્વાસ મૂકયો છે. ગામડાના ભાઇઓએ પણ તેમના ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી છે, અને તેમના મતને સમંત થવા ઇચ્છા દર્શાવી વડીલ પ્રત્યે માન દર્શાવ્યું છે. હવે આપણે ધારાધોરણના ખરડા ઉપર ચર્ચા કરી ઠરાવો ઘડવાની શરૂઆત કરી દેવી જોઇએ. તેમાં ગુંચવણવાળા કેટલાક પ્રશ્ન છે, તે આવતી કાલ માટે મુલતવી રાખી બીજી ચર્ચા શરૂ કરી દઇએ.

સેક્રેટરી રા. અમૃતલાલ (નાનાભાણાભાઈ) નરોતમદાસે બુલંદ અને સ્પષ્ટ અવાજે ધારાના ખરડાની એક પછી એક કલમો સભા સમક્ષ વાંચવી શરૂ કરી; તેના ઉપર ઘટિત વિવેચનો થઇ યોગ્ય તત્વ નિકળી આવતાં ઠરાવ ઘડાતો, જે આ પછીના પૃષ્ઠોમાં આપ્યા છે. આ ઠરાવો ઘડતાં ઘણી વાટાઘાટ વાદવિવાદ અને ચર્ચા થએલાં છે, દરેક કલમનો વિચાર રા. રામજીભાઇએ ગામડાવાળાઓ સાથે અગાઉથી બેસી સારી રીતે કરેલો, અને ભાવનગરથી કરી આવેલ તારણમાં તે ઉમેરી પોતાના તરફથી સુધારા તેઓ મૂકતા. આમ પહેલી તયારી કરી રાખેલી હોવાથી કેટલોક શ્રમ, સમય અને ઉત્સાહનો વ્યય થતો બચ્યો.

શેઠ રામજીભાઇ ઉપરાંત ચર્ચામાં રસ સહુ લેતા હતા. અવારનવાર ગિરધરલાલ વકીલ, જીવાભાઈ પ્રભુદાસ, પરમાણંદભાઇ મોદી, પરશોતમ-

દાસભાઇ અને વનમાળીદાસભાઇ વકીલ, સેક્રેટરીઓ અને બીજાઓ પોતપોતાનો ફાળો યથાસ્થિત આપી બીજાઓના મતનું સમર્થન અને પોતાના વિચારો દેખાડી કાયદા ઘડવામાં મદદ આપી રહ્યા હતા. અમરેલી ચોરાના ચિતળ સંમેલનના ઠરાવો અને જુદા જુદા સ્થળોના રીતરીવાજોની સહાય અવારનવાર લેવામાં આવતી હતી. કોન્ગ્રેસ જેવી અતિ અગત્યની રાષ્ટ્રીય સભાની જેમ છુટ અને નિડરતાથી સૌ પોતપોતાનો અંગત અભિપ્રાય બતાવતા હતા, અને છેવટે ઘણાજ વિચારપૂર્વક મનન કરીને રસિક ચર્ચા પૂર્ણ રીતે કરીનેજ નિર્ણયો થતા હતા.

વેશવાળ સંબંધે એક પછી એક પ્રશ્નો ઉપસ્થિત થયા અને નિર્ણયો થતા ગયા. સવેલ્લીનો પ્રશ્ન ઉપસ્થિત થતાં રામજીભાઇએ અમરેલીના કાનુનની હીમાયત કરી હતી. આ પ્રસંગે રામજીભાઇએ ગામડાઓમાં બંધારણની સ્થિરતા રહે અને વ્યવસ્થા જળવાય તે માટે ટપા ગોઠવવા સૂચના કરી હતી. આમ છેક સાયં આરતી સુધી સભા ચલાવી બાકીનું કામ બીજા દિવસ માટે મુલતવી રહ્યું હતું. રાત્રે પણ વાટાઘાટ સારી થઈ હતી અને અંદર અંદર ભાઇઓ જ્ઞાતિ હિતના સવાલો ચર્ચી રહ્યા હતા.

ત્રીજો દિવસ.

તા. ૩-૯-૨૮, સોમવાર.

સોમવારે સવારના રા. રા. જમનાદાસ પ્રભુદાસ મહેતાને ત્યાં સંમેલનમાં પધારેલ મહેમાનોને દુધ, ફલાહાર વગેરે હતું. બપોરના ભોજન બાદ સાડા ચાર વાગે સભાના કાર્યની શરૂઆત થઇ હતી. આ દરમ્યાન ખાતાં પીતાં, હરતાં, ફરતાં, અને બેઠા સુતાં પણ જ્ઞાતિ જીવનના પ્રશ્નો અરસપરસ ચર્ચાયા કરતા હતા. પ્રારંભમાં નાગરદાસભાઇ દેસાઇએ બાકી રહેલા ચર્ચાસ્પદ વિષયો હાથ ધરવા દરખાસ્ત મુકી હતી. પણ સહુનો મત થતાં ફરી પાછા બીજા દિવસ ઉપર મુલતવી રાખવામાં આવેલ હતા, ત્યાર બાદ લગ્ન પ્રસંગોના પ્રશ્નો એક પછી એક હાથમાં લેવાયા. વરણા પ્રસંગે રૂા. ૧૫૧ સુધીનુંજ વરણું કરવું, એવો પ્રશ્ન રજુ થતાં સહુએ હજુ પણ ઓછું કરાવવાના વિચારને અનુમોદન આપ્યું હતું અને છેવટે વાટાઘાટ શરૂ થઇ રૂા. ૧૪૧) મંજુર રહ્યા હતા. જે ઉત્સાહથી કાંઈ પણ વિરૂદ્ધ મત વિના આ પ્રશ્નનો નિકાલ તુરતમાં થયો હતો તે ઉત્સાહ

શ્રીમંતો હંમેશ રાખી, આ કાયદાનું પાલન કરશે તોજ ગરીબોને સુખ સગવડ અને ખર્ચમાં બચાવ થશે. નાના મોટા પ્રશ્નો ઉપર ચીવટથી અને ખંતથી તથા જ્ઞાતિના ભલાની દૃષ્ટિએ ઉહાપોહ થઈ રહ્યા હતો. આ બધાની પાછળ સુધારા કરવાની સહુને ધગશ દેખાતી હતી, અને બીલકુલ મતભેદ વિના બધા ઠરાવો તુરત પસાર થઇ જતા હતા.

રાત્રિ પડતાં બીજા દિવસ માટે કામ કરવાનુ નક્કી કરી સભા વિસર્જન થઇ હતી. બીજા દિવસ સ્હવાર માટે શ્રી. દ્વારકાદાસભાઈ અને પુરૂષોત્તમદાસ મુનીનું ઉપાહાર નિમંત્રણ હતું પણ કામ ઉતાવળે પુરૂં કરવાની ઉત્સુકતાના લીધે તે મુલતવી રાખી સવારના બધા વિચાર કરવા બેઠા.

ચોથો દિવસ.

તા. ૪–૯–૨૮ સોમવાર.

કાર્યની શરૂઆતમાં અમૃતલાલ પીતાંબરદાસે વિવેચન કરતાં જ્ઞાતિના સામાન્ય પ્રશ્નો ચર્ચી, અત્યારની દુર્દશા ચીતરી હતી, અને ગામડાવાળાઓ વૃદ્ધલગ્નની અટકાયતના ખાસ હીમાયત કરનારા હોય એમ જણાવી ૪૦) વર્ષ પછી કોઇ અપુત્રે પણ ન પરણવું એ જાતનો મત દર્શાવ્યો હતો. સ્વાગત સભાના પ્રમુખ ત્રિભુવનદાસભાઇ કે જેઓ સભાનું કામ કાજ ચલાવતા હતા, તેમણે તેને પુછ્યું "આ તમારા અંગત વિચાર છે કે ગામડાઓવાળાના ?" બોલનાર ભાઇએ તે પોતાના અંગત હોવાનું જણાવ્યું હતું. ત્યાર પછી ઠરાવો ઘડવાનું કામકાજ અને તેને અંગની ચર્ચા ઉપસ્થિત થઇ.

વરોઠી વખતે માંડવાવાળા તરફથી જ્ઞાતિ સિવાયના પુષ્કળ માણસોને જમવાનું કહેવામાં આવે છે તે સંબંધે એમ વિચાર રજુ થયો હતો કે:–માંડવાવાળાએ કુટુંબ વખતે જેટલા ઢાલીઆને પોતાને ઘેર જમવાનું કહ્યું હોય તેટલાને વરોઠીમાં નોતરું દેવરાવી શકે. પણ આ વિચાર કેટલાક ભાઇઓને પસંદ ન પડયો. મુ. પુરૂષોતમભાઇ વકીલે જણાવ્યું હતું કે:–પાલીતાણામાં વરોઠી વખતે બારોટોને જમવાનું કહેવાનું સ્ટેટ તરફથી ફરજીઆત ધોરણ છે. કપોળોમાં એક મણ કાટ જોઇએ ત્યારે બારોટોમાં ૧૦–૧૨ મણ કાટ જોઇએ. આ ધોરણ ચાલ્યું આવે છે."

શેઠ શ્રી રામજીભાઇએ જણાવ્યું કે:—કેટલાક વસવાયા વગેરેને જમવાનું કહેતાં ગામડાઓવાળાને અડચણ ન પડે તે દૃષ્ટિથી આ વિચાર ગામેગામની ચાલી આવતી રીત ઉપર ધોરણ રાખવું જરૂરી છે. વરોઠીની વિશેષ ચર્ચા બાદ સભા ચ્હા માટે ઉઠી હતી. અત્રે જણાવવું અપ્રાસંગિક નહીં થાય કે દરરોજ ચ્હા વગેરે સગવડો બહુજ કાળજી પૂર્વક કરવામાં આવી હતી.

પુનઃ મળતાં વકીલ શ્રી ગિરધરલાલ વ્હાલજીએ આનંદથી બોલતાં જણાવ્યું કે "કદી ન ધારેલી સફળતા આપણને મળી છે. કપોળની કોન્ફરન્સનું કામ કોઇ દિવસ સારૂં ન ઉતરે એ વાયકા જુઠી પડી છે. ગીતામાં કહ્યા પ્રમાણે જેનું પાપ નાશ પામ્યું હોય. સંશય છેદન થયો હોય તેને બ્રહ્મ નિર્વાણ સુપ્રાપ્ય છે.

આ સમયે તેમણે બાકી મૂકાયેલા પહેલા દિવસના ફૂટ પ્રશ્નો હાથ ધરવા લાગણીભરી અપીલ કરી શેઠ પરમાણંદદાસભાઇ જાદવજી મોદી કન્યાવિક્રય વિરૂદ્ધ ટુંકું પણ સચોટ બોલ્યા હતા. બાદ મંત્રી શ્રી અમૃતલાલ નરોત્તમદાસે અગાઉ મૂલતવી રહેલી કલમો વાંચવી શરૂ કરી, તે કલમો નીચે પ્રમાણે હતી:——

"૧ (ગ) એ નામવાળાં વેવિશાળમાં કન્યાવાળા વરવાળા પાસેથી વધારામાં વધારે રૂ. ૪૦૧) સુધી રોકડા લઇ શકે અને આ રીતનાં વેવિશાળમાં વરવાળાએ કન્યાને દાગીનો વધારેમાં વધારે રૂ. ૫૦૧ સુધીનો ચડાવવો. (આ રીતનું વેવિશાળ હાંસડીવાળું ગણાશે.)"

બીજી વિવાદગ્રસ્ત કલમ આ હતી:—

"૧૨. કોઇ પણ જ્ઞાતિભાઇ કે જેને સંતતિ હોય અને વિધુર થયેલ હોય તે ભાઇ ૪૦ વર્ષની ઉમર પછી લગ્ન કરી શકે નહીં. પરંતુ સંતતિમાં ફકત કન્યાજ હોય અને પુત્ર સંતતિ ન હોય તેવા વિધુર થયેલા ભાઇને ૪૫ વર્ષ સુધી લગ્ન કરવા છુટ છે, તેમજ મુદલ સંતતિજ ન હોય તેવા ભાઇને પણ ૪૫ વર્ષની ઉમર સુધી લગ્ન કરવાની છુટ આપવા યોગ્ય છે."

અને બાકી રહેલી ત્રીજી કલમ પણ આ રહી:—

"પરણેતર વખતે કન્યાની ઉમર ૧૪ વર્ષથી ઓછી હોવી જોઇએ નહીં. વર્ષ ચૌદની કન્યાની ઉમર અથવા તેથી વધારેની ઉમર પરણેતરને યોગ્ય છે !

આ કલમો ઉપર શેઠ શ્રી રામજીભાઇએ લાંબું વિવેચન છટાથી રજુ કરતાં જણાવ્યું કે:— "અત્યાર સુધી આપણે સર્વાનુમતે ઠરાવો કર્યા છે, તેવું અન્ય કોન્ફરન્સમાં બનતું નથી. તેથી આ શુભ પહેલ છે. અમારી ભાવનગરની જ્ઞાતીએ એકજ વસ્તુ ઇચ્છી હતી કે:--કન્યાવિક્રય દુર કરવો. ધારાધોરણ રચી ચાલ્યા જવું એમાં કન્યાવિક્રય બંધ થવાનો નથી. ગમે એટલા ધારા છતાં કન્યાવિક્રય પડદા પાછળ ઉભો રહેશેજ. મારી વિનંતિ છે કે તેનાં મૂળ તપાસીને નાબુદ કરો. આ મારી કીંમતિ સલાહ છે કે કન્યાવિક્રય ટાળવા એક કમીટી નીમવી. કન્યાવિક્રયનાં સાધનો શોધવા ધનવાનોએ પૈસાથી, બુદ્ધિશાળીઓએ બુદ્ધિથી, ડાહ્યાઓએ અનુભવથી મદદ કરવીજ. કપોળ જ્ઞાતિ શ્રેષ્ઠ પદે છે. આપણી ખાનદાની ટકાવી રાખવાની જરૂર છે. ભાઇઓ, ખાનદાની પૈસામાં નથી. ખાનદાન તો એ કે જે કન્યાવિક્રય ન કરતો હોય, (તાળીઓ) કન્યાવિક્રયનાં તત્વોનો અભ્યાસ કરી એક સમિતિ નીમવી એવી મારી દરખાસ્ત છે. પૈસાવાળા પૈસાથી અને સદ્વર્તનવાળા નીતિથી એને બળ આપી શકે. દરેક ભાઇ એકેક કન્યાવિક્રય અટકાવે તો ઘણો વિક્રય અટકે. પ્રતિજ્ઞા લેવરાવવી એ ખાસ જરૂરી છે.

કન્યાવિક્રય કરવા બદલનો આક્ષેપ ગામડાવાળાઓ ઉપર મૂકવામાં આવે છે. પરંતુ મેં નિષ્કર્ષ કાઢયો છે, વીણી વીણીને પુછ્યું છે, અને માલમ પડયું છે, કે તેઓ નાબુદ કરવાજ ઇચ્છે છે. ભાવનગરની ન્યાત પણ કન્યાવિક્રય નથી ઇચ્છતી.

વેશવાળના પ્રશ્ન પર આવતાં તેમણે જણાવ્યું કે:—પહેલા પ્રકારનું વેશવાળ ઘરેણા વડીએનુ, બીજું પડલા તથા ઘરેણા વડીએનું જણાવ્યું, અને ત્રીજું હમણાં વંચાવ્યા મુજબનું જણાવ્યું. પણ તેમાં "હાંસડી" શબ્દને બદલે "ખર્ચ" શબ્દ વાપરવો એવી મારી દરખાસ્ત છે. સંમેલન જે રકમ એવા ખર્ચ માટે આપવા રજા આપી શકે તેમાં અર્ધ વેશવાળ વખતે, અને અર્ધ લગ્ન વખતે, અથવા અનુકૂળતા મુજબ રાખવું.

કલમમાં જણાવ્યા પ્રમાણેના ૪૦૧) તથા લગ્ન પછી ઉત્તર વખતે તેવા વેશવાળા લોકોને રૂ. ૧૨૫) નાતારીતના લેવા રજા આપી છે. તે બંને મળીને કુલ રૂ. ૫૨૬) ને બદલે ૬૦૦) ની રકમ રાખવી. તેમાં અમુક રકમ વેશવાળ વખતે અને અમુક લગ્ન વખતે લેવાની ઠરાવવાનો સુધારો શેઠ રામજીભાઈ લાવ્યા હતા.

બીજો કૂટ પ્રશ્ન વૃદ્ધવિવાહનો હતો. જે સંબંધે બોલતાં તેમણે જણાવ્યું હતું કેઃ—"મારા પર ઘણા અંકુશો મૂકવામાં આવ્યા છે કે લગ્નની ઉમર ૩૫) થતી હોય તો ૪૦) ની ન કરવી. ૪૦ થી ૪૫) ની ઉમરો ઠીક છે, પણ તેમ કરતા કેટલે ઘેર તાળાં દેવાઇ જશે. કોઇ ૪૬ વર્ષના લક્ષાપતિ વિધુરને ૪૬) વર્ષ થયાં હોય તેનું શું કરવું ? એ પ્રશ્ન વિચારવા આપને વિનંતિ કરૂં છું. **આ સમયે મારે શ્રી. પુરૂષોત્તમદાસ મુનીનો** આભાર માનવો ઘટે છે. જે રાક્ષસની મને બીક હતી તે દુષ્ટ રીવાજનું અત્રે નામ પણ નથી લેવાયું એટલે અમારો ૫૦ વર્ષ સુધી પરણી શકે એ મત દર્શાવું છું.

કન્યાની ઉમર.

આગળ બોલતાં શ્રી રામજીભાઈએ. કન્યાની લગ્ન ઉમર વર્ષ ૧૩ની ઠરાવવા નિવેદન કર્યું હતું. અને અમરેલીનો કાયદો તેના અનુમોદનમાં ટાંકી બતાવ્યો હતો. આ વિચારના સમર્થનમાં ધર્મશાસ્ત્ર અને વૈદક સંમત છે એમ જણાવ્યું હતું. ઋતુ પ્રાપ્ત થતા કન્યા, કન્યા મટી સ્ત્રી બને છે. નાગરી કોમમાં દશ વર્ષ પહેલાં (૧૬) વર્ષની કન્યાની લગ્ન ઉમર થઇ હતી તેનાં પરિણામ જોઇએ તેવાં આવ્યાં નથી, એમ એક નાગર ગૃહસ્થ અનુભવી વકીલ રા. ગુલાબરાયભાઇ સાથે વાત થતાં મને કહેવામાં આવ્યું. હતું મોટી ઉમરની કન્યા પરણતાં, ધણીને સ્ત્રી મોરલી ઉપર નચાવે છે અને ખર્ચાળ બને છે. પરિણામ કન્યાવિક્રય વધવાનું કારણ ઉપસ્થિત થાય છે.

કન્યાવિક્રયના ઘોર પાપનું એક સચોટ દ્રષ્ટાંત.

કન્યાવિક્રયનો વિરોધ પુનઃ કરતાં એક ભાવભર્યું સચોટ દ્દષ્ટાંત શ્રી. રામજીભાઇએ આપ્યું હતું. જે ટુંકમાં નીચે પ્રમાણે છેઃ–

એક કુળવાન બ્રાહ્મણ હતો તે પોતાની કન્યા મોટી થતાં સારો વર શોધવા અમદાવાદ ગયો. દલાલોની સ્પર્ધાથી અને વિના પરસેવે મળતા રૂપિયાની લાલચથી દીકરીના રૂપિઆ એક હજાર લઇ વેશવાળ કરી પાછો ફરતાં વિશ્રાંતિ માટે એક વાંવ પર થોભ્યો. ત્યાં એક ચંડાળણી આવી ત્રણ પાણાનો મંગાળો કરી હાડકાં ગોતી લાવી તેનો અગ્નિ કરી મૃતમાંસ એક રખડતી ખોપરીમાં રાંધવા માંડ્યું, અને ઉપર જોડો ઢાંકયો. બ્રાહ્મણથી આ દુર્ગંધ સહન ન થઇ શકી અને દુર જઇ રાંધવા કહ્યું. ચંડાળણીએ ગુસ્સામાં જણાવ્યું કે:— જમીન સૌની સરખી છે, અને અમે તારા કરતાં સારાં છીએ કારણ હું તો મૃતમાંસ રાંધી ખાઉં છું! જયારે તું તારી દિકરીનું માંસ ખાનારો છે."

આ દૃષ્ટાંતજન્ય લાગણીને અંતે તેઓએ પોતાનું લાંબુ વકતવ્ય સમાપ્ત કર્યું હતું.

ધર્મહાની અને પ્રતિજ્ઞા માટે જુસ્સાદાર અપીલ.

ત્રણે વિવાદ ભર્યા પ્રશ્નો ઉપર વિચાર કરતી સભાની સ્વસ્થતા અને શાન્તિ જોઇ વકીલ શ્રી ગીરધરલાલભાઇએ પોતાના વિચારો જણાવતાં કહ્યું, "જે વિષયને કુટ માન્યો હતો તે સરળ થઇ ગયો જણાય છે. કન્યાવિક્રય અટકાવવા અને તત્સંબંધે વિચાર કરવા શ્રી. રામજીભાઇ એક કમીટી નીમવા જણાવે છે, પણ જો તેઓ તેના ગર્ભમાં ઉતર્યા હોત તો તેનાં કારણો સ્પષ્ટજ છે. કન્યાવિક્રયના ગર્ભમાં એકજ વસ્તુ છે. ધર્મની હાની છે. જે સમજે છે તે કન્યાવિક્રય કદી નહીં કરે. કેટલાક બ્રાહ્મણો કન્યાદાન દેવા ઘેર ઘેર બીખ માગી રહ્યા છે તો જો માણસો પૈસા ન લેવા પ્રતિજ્ઞા કરે અને " प्राण जाय वचन नव जाय " એ ભાવના રાખે તો સ્હેજ બની શકે એમ છે. ધર્મની કુંચી આપણા હાથમાં આવી છે. અને એ ધર્મ જાળવવા સૌ પ્રતિજ્ઞા કરે તો न मे भक्तः प्रणश्यति એમ પરમાત્મા સ્વમુખેજ કહે છે: આપ સહુને એવીજ ઇચ્છા હોય કે:—'કન્યાવિક્રય એ પાપ છે તેથી વર્જ્ય છે.' તો **શ્રીનાથજીની પુજ્ય પ્રતિમા પાસે કરો સૌ પ્રતિજ્ઞા કે અમે કદી કન્યાવિક્રય નહીં કરીએ.** ધર્મભાવનાવાળી બ્હેનો પણ આમાં મદદ કરશે. પણ આ તો અહીંના બસો માણસોની વાત છે. જો મોટો ભાગ આ પ્રમાણે

કરે તો નાના બધા અનુવતશે. પછી પૈસા લેવા કોણ હીંમત કરી શકશે; ભાવનગરવાળા કન્યાવિક્રય અટકાવવા તૈયાર છે. ગામડાવાળાઓ પણ તેજ ઈચ્છે છે. તો આ શિહોર ક્યાં કન્યાવિક્રય કરે તેવું છે ? મારી ખાસ વિનંતિ છે કે સંમેલન પુરૂં થવા પહેલાં પ્રતિજ્ઞા કરવી.

વૃધ્ધલગ્ન.

આ સંબંધે વિવેચન કરતાં તેમણે જણાવ્યું કેઃ—જો કન્યાવિક્રયજ અટકશે તો આ પ્રશ્નજ નહીં આવે. આ એક પૂર્વોપાય તરીકે છે."

આ પ્રશ્નો ત્રણ દિવસથી ખાનગી અને જાહેરમાં બહુ ચર્ચાતા હતા અને પરિણામ શું આવશે તે સંબંધે સૌ ચિન્તાતુર હતાં. પણ તેમાં કોઈનો ખોટો વિરોધ ન જોતાં અને પ્રોત્સાહક વિવેચનો થતાં સભામાં આનંદ ફેલાયો હતો.

આટલી લાંબી ચર્ચા અંતે પરિષદના આત્મા શ્રી ત્રિભુવનભાઈએ કન્યાવિક્રય અને ત્રીજા પ્રકારના વેશવાળ સંબધે જણાવ્યું કે "શિહોરમાં કન્યાવિક્રય ઘણો ઓછો છે. મારી ૬૦-૬૨ વર્ષની ઉંમરમાં ફક્ત બે કે ત્રણ લેનારા નીકળ્યાનું જાણમાં છે. કોઈ ખર્ચ માટે બસો ચારસો લે તે કન્યાવિક્રય નથી અને મોટી રકમ લેવાના એવા દાખલા ત્રણ ચાર ભાગ્યેજ છે. અને તે પણ સંવત ૧૯૫૬ના ભયાનક દુષ્કાળ અને સં. ૧૯૭૮માં થએલ અતિ સ્ત્રી મરણ પ્રમાણ પછીજ લગ્ન પ્રસંગમાં વધુ ખર્ચા થતા તે પણ હવે તો બંધજ કર્યા છે. પ્રશ્નના નિર્ણય સંબંધે મારા ઉપર આપે વિશ્વાસ રાખી મારા ઉપરનો બોજો વધુ કર્યો છે. કન્યાવિક્રયથી મારા ટાંટીયા ધ્રુજે છે (આમ બોલતાં પોતે ગળગળા થયા અને આંખો આંસુભીની થઇ ગઇ. આખો મંડપ લાગણી ભીનો બની ગયો.) આપે મારા ઉપર બોજો તો મૂકયો છે, પણ હું એવો વિદ્વાન નથી. બધા બોલી લેશે ત્યાર બાદ હું મારો નિર્ણય આપીશ." આ સમયે સભામાં સંપૂર્ણ શાંતિ પ્રસરી રહી હતી. શ્રી જીવાભાઇએ જણાવ્યું જે "સહુને ત્રિભુવનદાસભાઇના નિર્ણયમાં પૂરી શ્રધ્ધા છે માટે તે જે કરશે તેમાં સહુ સમંત છે." કન્યાવિક્રયની ભાવના નાબુદ થાય એ વિચારને અંતઃકરણથી વધાવતાં અને બધા ભાઇઓ વધાવે એમ ઇચ્છતાં શિહોરના અગ્રગણ્ય વકીલ ગિરધરલાલભાઇએ કહ્યુંઃ—

"મને લાગે છે કે કપોળનો દિવસ ઘણો ઉંચો છે."

રામજીભાઇઃ—"એ શિહોરની ભૂમિનો પ્રતાપ છે."

એક ગૃહસ્થ—"એ આતમ ઋષિનો પ્રતાપ છે."

ગિરધરલાલભાઇ કહે—"જે સૂર્યનો પ્રકાશ થયો છે તે કપોળોનો ભાગ્યરવિ છે." સહુએ ત્રિભોવનદાસભાઇને નિર્ણય આપવા સત્તા આપી હતી. ત્રિભોવનદાસભાઇએ આ પ્રશ્ન ઉપર ટુંકમાં પણ લાગણી ભર્યા શબ્દોમાં ઉપસંહાર કરતાં જણાવ્યું કેઃ– 'કન્યા વેચી કોઇ પાઇ ન લ્યે, તે વસ્તુ શ્રેષ્ટજ છે, પણ અત્યારના સંજોગોમાં કોઇને ખર્ચ પુરતું લેવા જરૂર પડે તો ત્રીજા પ્રકારના વેશવાળમાં રૂ. ૬૦૦) લેવા રજા આપવી, જેમાં રૂા. ૨૫૦) વેશવાળ વખતે અને ૩૫૦) લગ્ન વખતે લેવાનું ઠરાવવામાં આવે છે. લગ્ન વખતની નાતા રીતનો આમાં સમાવેશ થઇ જાય છે."

આ સવાલ આટલી સહેલાઇથી અને સરળતાથી તેમજ **સર્વાનુમતે** પસાર થઇ જશે એમ કોઇની કલ્પનાજ ન હતી અને કન્યાવિક્રય અટકાવવા સંબંધે 'કોઇએ કાંઇ લેવુંજ નહીં' એવો ઠરાવ કરી પાછળથી ન પાળી શકીયે છતાં સભામાં આકર્ષણ કરે તેવી વાગ્જાળથી આ સંમેલન દુર રહી આ વ્યાવહારિક રસ્તો કાઢ્યો તે સફળતા છે. અલબત, એ તો દીવા જેવુંજ સ્પષ્ટ છે કે કોઇ કાંઇ ન લ્યે તોજ ખરી સફળતા ગણાય.

આ ઠરાવના પસાર થવા સાથે સભા સમગ્રમાં ઉત્સાહ અને કન્યાવિક્રય પ્રત્યે ધિક્કારની લાગણીઓ તરવરી રહી હતી. ગિરધરલાલભાઇએ જણાવ્યું કે;—"આ બધો યશ યોગીઓને છે. આ પ્રમુખ મહાશયની છાપ (રા. ત્ર્યંબકભાઇની છાપ) ઓછી નથી. તેના વિચારોને ઉલ્લંઘવાનું આપણું ગજું નથી."

રામજીભાઇ—નેતાઓના પુણ્યનું આ પરિણામ છે. કપોળ જ્ઞાતિનો ઉદય થયો છે.

ત્રિભોવનભાઇને આ ચર્ચા ભર્યા દેખાતા પ્રશ્નનો ઉકેલ આવી શાંતિથી થયો તેનો આનંદ ખુબજ ખુબ થયો હતો; અને સંમેલનની પ્રવૃત્તિને બળ આપનાર યોગીના સદ્વર્તન વખાણતાં તેઓ બોલ્યા "કે મને આજ દિવસોથી ઉંઘ આવી ન હતી, એ મારી હેરાનગતી અને મનોમંથનની શી વાત કરૂં? મને એમ હતું કે મને ગાળ ચડશે કે

મને " મારું શિહોર," "હું શામજી મેતાનો દિકરો " એ ભાવના મુઝવ્યા કરતી. કે કદાચ નિષ્ફળતા મળશે તો શું થશે? (ગદ્દગદ) અને આ બધા વાતાવરણમાં વળી મને નિર્ણય કરવાની સત્તા આપી, તો આ મારો નિર્ણય છે:—"

" વૃદ્ધલગ્ન.

કોઈ પણ વિધુરે ચાળીશ વર્ષની ઉમર પછી લગ્ન ન કરવાં અને અપુત્ર હોય તો ૪૫ વર્ષ સુધી પરણી શકે." આ ચર્ચા હવે ઉપસ્થિત થઇ. સાધારણ ચર્ચા પછી તેનો નિકાલ પણ તુર્તજ આવી ગયો, અને વધારામાં એવું પણ નક્કી થયું કે " કોઇ પણ ગૃહસ્થે ઉપર નિર્દિષ્ટ ઉમર કરતાં વધુને કન્યા પણ ન આપવી." આમ આ વધારો કરી ઠરાવના અધુરા મુત્સદ્દાની પૂર્તિ કરી.

કન્યાની ઉમર.

કન્યાની લગ્ન ઉમર ઓછામાં ઓછી ૧૪ વર્ષની હોવી જોઇએ એમ વિચાર રજુ થતાં શ્રી. રામજીભાઇએ શાસ્ત્ર અને વૈદકના આધારે તે ઉમર ૧૩ ની રાખવા સમર્થન કર્યું. આ વિચારનો વિરોધ કરતાં શ્રી. ગિરધરલાલભાઇ વકીલે સંમતિ વયનો કાયદો ટાંકી બતાવ્યો, જેમાં ૧૪ વર્ષની વય રાખવામાં આવી છે. શ્રી, રામજીભાઇએ જણાવ્યું કે, કણબીમાં બહુ નાની ઉમરે પરણવાની પ્રથા છે. તેનું કેમ થાય છે ? " આ પ્રશ્ન ઉપર નાનીશી ચર્ચા બાદ તેર વર્ષની ઉમર મંજુર કરવામાં આવી હતી.

આ ત્રણે પ્રશ્નો પ્રારંભથીજ ભાંજગડીયા ગણવામાં આવ્યા હતા, જે વગર વિરોધે અને સર્વાનુમતે સરળતાથી પસાર થતા જોઈ સહુને અતિ હર્ષ થયો હતો. સભા આખામાં ઉત્સાહ તરવરી રહ્યો હતો. આ અગત્યની પળો દરમીયાન શિહોરના આગેવાન નેતા અને સંમેલનના આત્મા શ્રી. ત્રિભુવનદાસભાઇ પોતાના દાનિજીવનના અનુભવમાંથી દોહીને કાઢેલાં કેટલાંક સૂચનો સંમેલન પાસે અવારનવર રજુ કર્યા કરતા હતા અને એ સૂચનોની પાછળ પોતાનો અનુભવ ટાંકી તેને વધારે જીવન્ત બનાવતા હતા.

આ પછી સભા ચ્હા માટે ઉઠી; છેલ્લી થોડી પળોમાં પ્રસરાએલા વાતાવરણમાં જે ચેતન સ્ફુરી રહ્યું હતું, તે હવે વાર્તાલાપમાં ઠલવાયું.

જુદા જુદા ટોળાઓ મળી આમ આનંદ પ્રદર્શીત કરી રહ્યા હતા.

પણ આ વાતાવરણની ખરી અસર તો સભાકાર્ય પુનઃ શરૂ થતાં દેખાઇ. શ્રી. ગિરધરલાલભાઇ વકીલે પ્રારંભ કર્યો. "આ પ્રસંગમાં પ્રભુનો હાથ છે. કૂટ પ્રશ્નોનો નીકાલ પાંચ મીનીટમાં આવ્યો તેથી ઉજળાં મોઢાં લઇ ગામમાં જઇ શકીશું. જ્યાં જ્યાં કપોળ હશે ત્યાં તમારી વિજય ગર્જના થશે."

ત્યારબાદ સિહોરના એક જુવાન આગેવાન ભાઇ શ્રી. મોહનલાલ વોરા આગળ આવ્યા: "શિહોરમાં શેઠ જીવરાજભાઈ કેશવજી અને પરમાણંદભાઈ શામજી ગયા પછી શિહોરની જ્ઞાતિ પ્રેસીડન્ટ વિનાની રહી છે. કેટલાક કારણોથી કોઇને નીમવાનું અમારાથી બની શક્યું ન હતું. પણ સિહોરને આંગણે આજે સોનાનો સૂર્ય ઉગ્યો છે. અમે મુરબ્બી શ્રી ત્રિભોવનભાઇને આ–જીવન પ્રમુખ નીમીએ છીએ (હર્ષનાદ) અમે તેમને રાજા જેવા માનીશું, અને તેઓશ્રી અમને પ્રજા તરીકે રાખશે. શેઠશ્રી દ્વારકાદાસ લક્ષ્મીદાસ મુનીને અને અમારા વડીલશ્રી વકીલ ગિરધરલાલ વ્હાલજીને અમે આ–જીવન ઉપપ્રમુખ નીમીએ છીએ." (તાળીઓ.)

આ આનંદજનક સમાચારને અંતે શ્રી રામજીભાઈ શેઠને બે શબ્દો બોલવાનું મન થઈ ગયું:—"અત્યાર સુધી અમને ખબર ન હતી કે ત્રિભુવનદાસભાઇ શિહોરના શેઠ નથી. લાયક પુરૂષને લાયક માન મળે છે એ આનંદની વાત છે."

પોતાને મળેલ માન માટે આભાર માનતાં શ્રી. ગિરધરલાલભાઇ વકીલે ઉચિત શિષ્ટાચાર કર્યો:—"ઘણી વાર એવું બને છે કે, માણસો ઉત્સાહમાં આવી જાય છે ત્યારે કીમતમાં પણ ભૂલે છે. આ બંને મહાશયોને આપ સહુ જે માન આપી રહ્યા છો તે તો સ્થાનેજ છે. પણ મ્હને–જુઠું બોલવાની દલાલી કરે તેને (વકીલ) ઉપપ્રમુખ નીમો છો તો હું લાયક નથી. હું ખુશી નથી, એમ કહું તો આપ સહુને નારાજ કરૂં, તેથી આ પદ સ્વીકારૂં છું."

અને તેવોજ સૌજન્યભર્યો શિષ્ટચાર શેઠ દ્વારકાદાસ મુનીએ કર્યો:— "મને ઉપપ્રમુખ નીમ્યો, પણ હું લાયક નથી, વળી મારી સિહોરમાં

ગેરહાજરી રહે છે, તેથી આ પદ ન સ્વીકારી શકું." આ વચનોને અંતે પણ સહુની આગ્રહભરી તાળીઓ ચાલુ રહેવાથી તેમણે પણ પદ સ્વીકાર કરી વળતો આભાર માન્યો હતો. **પોતાની પવિત્ર અને મૌનમુખપ્રભા તથા ચારિત્ર્ય જ્યોતથી સભામાં પ્રકાશ** પાડનાર પ્રમુખ મહાશય તાળીઓના ગડગડાટ વચ્ચે ઉભા થયા. "આજે હું તો એમ માનું છું કે હર્ષનો દિવસ છે. આજે આપણે કૂટ પ્રશ્નોનો સરળતાથી નીકાલ કર્યો છે. ઉપરાંત જે લાયક પુરૂષને અત્યાર અગાઉ માન મળવું જોઈતું હતું તે આપે આપ્યું છે. તેમના કુટુંબની આજ વરસોની જ્ઞાતિ સેવાની આપને જાણ છે. વળી એક બીજા શુભ સમાચાર આપને આપું કે, **શિહોર ચોરાએ ચિંતન કરી શિહોર ચોરા સમસ્તની શેઠાઈ તેમને સોંપી** છે (આનંદના ઉદ્‌ગારો અને તાળીઓનો લાંબા વખત સુધી ગડગડાટ) હું અનુભવી નથી તેથી ચીંતા હતી, પણ મારો બધો બોજો પણ તેમણેજ ઉપાડી લીધો છે અને બધો યશ તેમનેજ ઘટે છે."

રામજીભાઈ:—"હું મારી ઉલટભરી લાગણીઓ રોકી નથી શકતો—મને આજ અપૂર્વ આનંદ થાય છે."

સંમેલનના સહુ કાર્યોને ઓપ આપે તેવો ચોરાના શેઠને **ચોરાના મહાજન સમસ્ત તરફથી શાલ પાઘડી આપવાનો વિધિ** પ્રમુખ મહાશયને હાથે થયો. આ વખતે સભા આનંદના સમુદ્રમાં લહેકા ખાતી હતી.

ચૅારાની શેઠાઈ માટે અભિનંદનો અને અનુમોદનો શરૂ થયાં.

શેઠ રામજીભાઈ શેઠે ભાવનગર તરફથી, વકીલ પુરૂષોત્તમભાઈએ પાલીતાણા તરફથી અને શેઠ ચત્રભુજ હીરજીએ તળાજા તરફથી આનંદ પ્રદર્શીત કર્યો.

ત્રિભોવનભાઈએ વળતો જવાબ આપતાં જણાવ્યું કે—"આ બધો વડીલોનો પ્રતાપ છે. મારા વડીલે મને આજ્ઞા કરી હતી:—"જ્ઞાતિને બારણે જા અને **મેતાનો ફરજંદ હો તો પક્ષાપક્ષી કરીશ મા; અને કરીશ તો દિકરીએ દીવો નહીં રહે**" મેં મારી ફરજ યથાશક્તિ બજાવી છે. આપે મને જે બોજા નીચે આજે મૂકયો છે, તે ઘણો વધારે છે. આપ સહુની તે કાર્યમાં મદદની જરૂર રહેશે. હું

મારી શુદ્ધ બુધ્ધિથી કામ ચલાવ્યે જઇશ. મારા દિકરા કરતાં મારૂં નાક મને વધારે વ્હાલું છે. મારી આબરૂ મને પ્રાણથી પણ પ્રીય છે. તમે આટલા બધા ઉત્સાહમાં છો અને હું ના પાડું, તે મ્હેતાના દિકરાને ઘટતું નથી. મારી પ્રજા અને મારા કુટુંબને તથા મારા પુત્રોને આપે અનંત ઉપકાર તળે મૂકી દીધેલ છે." આ બોલતી વખતે તેમની મુખપ્રતિમા ઉપર જે ભાવો તરવરી રહ્યા હતા, જે જ્ઞાતિસેવા કરવાની ધગશ તેમના ચ્હેરામાં ઘુમી રહી હતી, તેમની આંખોમાં જે આભાર પ્રદર્શન રેલાઇ રહ્યું હતું, તે જડ શબ્દમાં કેમ બતાવી શકાય ? આ દૃસ્ય જોનારનેજ આ પ્રસંગે યથાચિત્ત ખ્યાલ આવી શકે !

શ્રી. ગીરધરલાલભાઈએ પ્રસંગને અનુરૂપ રંગ પૂર્યો:-"શ્રી. ત્રીભોવનદાસભાઇએ પોતાના કાર્યમાં મદદ માગી તે યોગ્ય છે. આ પ્રમુખ સાહેબ જેવા યોગીન્દ્રનું બળ અને તેજ તેમને પ્રેરશે. તપશ્ચર્યાવાળા હાથથી શાલ પાઘડી મળે છે, તેમાં તેમનું બળ અને આશિર્વાદ રેડાણા છે."

આ પછી અમરેલીવાળા ભાઇ પ્રતાપરાયે શિહોર ચોરાના સંમેલનની સફળતાનો આનંદ, અન્ય ચોરાવાળા એક કપોળભાઈ તરીકે દર્શાવતાં અભિનંદન આપ્યું હતું, અને

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ।

એ શ્લોક ટાંકી જણાવ્યું કે 'સંમેલનને મોખરે જ્યાં ત્રંબકલાલ મુની જેવા યોગેશ્વર હોય અને ત્રિભુવનભાઇ જેવા ધનુર્ધર હોય અને પાંડવો સમાન સહકારીઓ હોય, ત્યાં શ્રી. વિજય અને ભુતિ અને નીતિ અવસ્ય આવીજ મળે છે. એકેએક ઠરાવમાં સહુનો સહુ મત એ સંમેલનની અભુતપુર્વ સફળતા છે. આ સફળતા અમરેલી, મહુવા અને જાફરાવાદને જગાડે એમ ઇચ્છું છું."

થોડા વિવેચન બાદ આનંદ સાથે તે દિવસનું કાર્ય સમાપ્ત થયું હતું.

તા. ૫-૯-૨૮ બુધવાર.

સહવારે

શેઠ દ્વારકાદાસભાઇ મુની અને પુરૂષોત્તમદાસ મુનીના સુહૃદય આમંત્રણનો સ્વીકાર કરી ઉપહાર માટે મહેમાનો અને ગૃહસ્થો તેમને ત્યાં

જઇ આવ્યા બાદ સવારના સાડાદશ વાગે સભાકાર્યની શરૂઆત થઇ. એકાદ બે પ્રતિનિધિ બંધુને આવશ્યક કારણે સિહોરથી વ્હેલા જવું પડે તેમ હોવાથી, ઠરાવોમાં પોતાની સહી મુકવા ઇચ્છા દર્શાવી. આમ સહુએ સહી દેવાનો પ્રશ્ન આકસ્મિક કંઇક વ્હેલો ઉપસ્થિત થયો. શેઠ શ્રી રામજીભાઇએ સહી એટલે શું એ સમજાવ્યું. જે ગામડાવાળાઓ તરફથી પોતે બોલતા, તેમને આ વિગત સમજાવવા પોતાની ફરજ તેમણે માની. ગામડાવાળાઓ તો સંમેલન અને તેની સફળતા ખાતર જે કહો તે કરવા તૈયાર હતા. શ્રી રામજીભાઇની દલીલની પાછળ એવો અર્થ રહેલો હતો કે સંપૂર્ણ સમજીને અને પોતાની જવાબદારીનો અર્થ જાણીને જેઓ અહિં હાજર નથી તેઓને પોતાને ગામ જઇ પૂછીને પછીજ સહી કરે તેવી દલીલ રજુ કરી. ગામડાવાળાઓ સહી આપે તોજ સારૂં, તેથી સહી અને તે કરવાના હકાહક સંબંધે ઉહાપોહ શરૂ થયો. પણ સિહોર મહાજને તો પહેલેથીજ આમંત્રણમાં દરેક ગામની ન્યાત તરફથી પ્રતિનિધિઓ ચુંટીને મોકલવાજ વિનંતિ કરી હતી, તેથી સહી કરવાના પ્રતિનિધિભાઇઓના હકકનો સવાલજ ન હતો. આ ક્ષણોમાં વાતાવરણમાં શિથિલતા વ્યાપી રહી. ઘડી ભરતો ગઈ કાલનો આનંદ ઓસરી જતો હતો તેમ લાગ્યો. ત્યાં તો સભાના ચોરાના એ શેઠે પડકાર કર્યો અને જે માન ગઈ કાલે તેમને સભા સમસ્તે આપી ચોરાના શેઠ નીમેલા તેની યાદી આપી, અને વધારામાં જણાવ્યું કે "હું" તમને ફરજ નથી પાડતો. તમારૂ મન કહે અને આત્મબળ વધે તોજ સહી કરશો. હું તમારો શેઠ નથી, સેવક છું" બાદ સેવા ભાવી ચોરાના શેઠે પાઘડી ઉતારી આજંવભરી વિનંતિ કરી.

શેઠ જીવાભાઇ પ્રભુદાસ અને છગનલાલ ભવાનભાઇ અને બીજાઓએ આની તરફેણમાં જુસ્સો દર્શાવ્યો. સભા તો તૈયારજ હતી અને સહીઓ ચપોચપ થવા માંડી. આ ચર્ચાની પાછળ સુંદર રહસ્ય હતું. બધાનાં હૃદય કયાં છે, તેનું સ્વચ્છ પ્રતિબિંબ અંતે નિતરી ઉઠયું.

બાકી રહેલા પ્રશ્નો સેક્રેટરીએ રજુ કર્યા, અને કામ સપાટાબંધ ઉપડયું; ઉત્તર ક્રિયાના પ્રસંગો સુધી પહોંચાયું, અને દાયતરના પ્રશ્ન વખતે કંઇક ચર્ચા થઈ. દાયતર થવા દેવું કે કેમ એ પ્રશ્નજ રજુ થયો. શ્રી પરશોત્તમદાસ વકીલ વગેરેએ તરફેણમાં દલીલ કરી,

જ્યારે નાગરદાસભાઇ વગેરે ન કરવાના મતમાં બોલ્યા. શ્રી. વસંતરાયે "**લાણું થાય તોજ દાયતર**" એ મધ્ય રસ્તો કહાડયો **અને** શ્રી. મોહનલાલ વોરાએ **લાણાં** કરતાં હલકી કિંમતનું હોવું **જોઇએ એમ** કહ્યું. છેવટે "**લાણું થાય તોજ દીકરી દાયતર કરી શકે; દાયતર લાણાં કરતાં હલકું હોવું જોઇએ અને પીયરીઆ રજા આપે તોજ તે થઇ શકે.**" એમ નિર્ણય થયો. આ પછી કેટલીક ચર્ચા બાદ ઠરાવોનું કામ પૂર્ણ કરી સૌ વીખરાયા.

તારીખ ૬-૯-૨૮ ગુરૂવાર.

મહેતા કુટુંબ તરફથી શેઠ અનંતરાય ભાઇચંદભાઇને ઘેર અતિથિઓને ઉત્સાહ ભરેલા સત્કાર અને ઉપાહાર બાદ શ્રી અનંતરાયભાઇએ શેઠ ત્રિભોવનદાસભાઇને સિહોર ચોરાએ આપેલા બહુમાન માટે પોતાના કુંટુંબ તરફથી આભાર માન્યો હતો. તેમના આ શિષ્ટાચારના સૌમ્ય શબ્દોએ બીજાઓને પણ બોલવા પ્રેર્યા. શ્રી. ગિરધરલાલભાઇ અને અન્યે સંમેલનની સફળતા વિષે વિવેચન કર્યું અને શ્રી. દામજીભાઇ અને બીજા પોતાના વિચાર જણાવવા તૈયાર હતા. પણ જે વિધિ અહીં થવા લાગી તેનો કાર્યક્રમ તો મંડપમાં અત્યારે રાખવામાં આવ્યો હતો. તેથી મંત્રીઓને ચીવટ થઇ, અને મંડપ ઉપર જવા સહુ ઉઠયા. શાસ્ત્રીજી વિશ્વનાથભાઇએ પ્રસંગોચિત આશિર્વાદ અને આનંદ જનક વચનો કહ્યા બાદ શેઠ રામજીભાઇએ શરૂઆત કરી:—

"છુટા પડીએ તે પહેલાં શું કર્યું અને શું કરવાનું રહે છે તે તરફ દૃષ્ટિ કરીએ. જ્યારે જ્યારે સંમેલન ભરવાનું આવે ત્યારે સિહોર જે નાક ગણાય છે ત્યાં ભરાય તો સારૂં. આવું એકસંપથી કામ ક્યાંઇ પણ બન્યું હોય તો અહીં છે. ન્યાતમેળા અહીં ભરાય છે પણ ન્યાતનું સંમેલન આ પહેલુંજ છે.

એક ત્રૂટી.

પણ અત્રે એક ત્રૂટી આપણે જોઇએ છીએ, આપણી ન્યાત જ્યાં આમ એકત્ર થાય છે, ત્યાં વેશવાળો થાય છે, તેમ આ ન્યાતમેળામાં પણ થયાં હોત તો સારૂં હતું. **શ્રી પુરૂષોતમદાસભાઇ મુનિના પ્રયાસથી આ સંમેલનનો ઉદ્ભવ** થયો છે. આ ઝાડને ટટાર બનાવવામાં કોઇ માન ખાટી જતું હોય તો વિઠ્ઠલદાસભાઇને છે.

જાહેરમાં બોલવાનો પહેલો પ્રસંગ.

આમ બોલી સિહોરની ન્યાતનો આભાર માન્યો હતો, **અને** ઠરાવની **ચાલી સંબંધે કેટલી** વાતો **કરી** કાર્યની **સફળતામાં પ્રમુખોના હિસ્સા** સંબંધે બોલતાં જણાવ્યું કે–'ઉંચા આત્માવાળા, ચારિત્રવાળા પુણ્યશાળી જીવો છે." ત્યાર બાદ સભાના આશ્ચર્ય સાથે એમણે જણાવ્યું કે આમ જાહેરમાં તેઓ પ્રથમજ બોલ્યા છે. સિવાય કે ૧૬ વર્ષ પહેલાં કપોળ મિત્ર મંડળમાં કવચિત પ્રસંગ આવતો અને છેવટ શ્રી નંદલાલભાઈની છબી ખુલી મૂકતાં બોલવાનો અવસર પ્રાપ્ત થયેલો આમ છતાં ભાષા ઉપર તેમનો કાબુ અને સહુને સમજાવવાની અને કામ લેવાની તેની શૈલી આકર્ષક હતાંજ–માત્ર તેમણે તેને અત્યાર સુધી તેનો ઉપયોગ નહિ કરેલો તેજ આશ્ચર્ય !

બોડીઆરની માનતા ! !

આગળ તેમણે જણાવ્યું કે ભાવનગરને આ સંમેલનની સફળતા માટે બહુજ તીવ્ર ઇચ્છા હતી. જો સંમેલન સફળ થાય તો **બોડીઆરને લાપશી કરી પછીજ ભાવનગરમાં ઘેર જવાની ભાવનગરના ભાઈઓની માનભરી વાત તેમણે કરી.** આ સાંભળી ભાવનગરના ભાઇઓની ધગશ માટે સહુને માન અને આનંદ થયો, તાળીયો ખુબ પડી.

"સંમેલનની બધી બેઠકોમાં બધું કામ સર્વાનુમતે થયું છે એ વાત છાપાવાળા જગતને આપશે એમ કહ્યાબાદ સહી સંબંધે પોતાનો હેતુ શુધ્ધ જ હતો એમ શ્રી. રામજીભાઇએ જણાવી "મારા તરફથી કોઇને દુઃખ થયું હોય તો હું માફી માગુ છું" એમ કહી 'બ્રહ્માંડ આ તો ગૃહતાતનું છે" એ કલાપીના શબ્દો ટાંકી કોઇ કોઇનો ઉપકાર કરતું નથી, એમ દર્શાવ્યું હતું. **આ ઠરાવોને અમલમાં મુકવા અને ચાલુ કરાવવા** સેન્ટ્રલ કમીટી માટે તેમણે સભાને પ્રાર્થના કરી હતી. આ પછી જમરાળાવાળા નાગરદાસભાઇ ઉઠયા. જો કે ઉપસંહારમાં તેમણે અને ત્યાર પછી ઘણા ઘણા ગૃહસ્થોએ ભાષણ કર્યા હતા, પણ **આખા ઉપસંહાર વિધિને રંગ આપનાર શબ્દો તો આ ગામડીયા કહેવાતા નાગરદાસભાઇના મુખમાંથી નીતર્યા.** પાંચ છ દિવસથી દાબી રાખેલો તેમનો ઉભરો આજે નીકળ્યો. ગામડાવાળાઓ

નથી બોલી શકતા એ માન્યતા સામે તેમણે સખત પડકાર કર્યો. કન્યાવિક્રય સંબંધેનું તેમનું રૂપક સહુને ગમ્યું. મંડપ લાગણીભીનો અને ભાવનાવશ બની ગયો. આ ભાષણ સહુને વિનોદ અને ધડો આપશે એમ માની પરિશિષ્ટમાં આપેલ છે જે વાંચી જવા સહુને વિનંતિ છે. ત્યાર પછી ઉભા થયા શેઠ કેશવલાલભાઇ કોઠારી. તેમના વિવેચન બાદ છ દિવસના આ જ્ઞાતિ જ્ઞાન યજ્ઞની પુર્ણાહુતી કરતાં પ્રમુખ મહાશય બોલ્યા કે જ્યારે હું મુંબઈથી આવવા નીકળ્યો ત્યારે મારા પગમાં કંપ થતો હતો કે; જે કામ માટે જાઉં છું તે પાર પડશે કે કેમ? અનેક પ્રકારની અફવાઓ ફેલાતી હતી. પણ જ્યારે અહીં આવ્યો ત્યારે તે સંબંધે વાટાઘાટ થતાં જોઇ શકયો કે અફવાઓ માટે ડર ખાવા જેવું નથી. મને હર્ષ થાય છે કે આ શુભ પરિણામ આવ્યું છે. ભવિષ્યની પ્રજાને પણ આનાં ફળ ચાખવાનાં છે. મારૂં બોલવાનું આજે શ્રી રામજીભાઇએ અને નાગરદાસભાઇએ બોલી લીધેલ છે.”

સંમેલનના લાભો દર્શાવતાં તેમણે આ મુદ્દાઓ ચર્ચ્યાઃ—

૧ પરસ્પર મીલન અને દર્શન, ૨ ભવિષ્યની પ્રજા ઉપર બોજો ઓછો થયો છે, ૩ બાળલગ્ન અને વૃદ્ધલગ્ન અટકાવવાના પ્રયાસથી ભાવી પ્રજાને સતેજ કરવનો પ્રયાસ થયો છે, ૪ વિધવાની સંખ્યા ઘટવાની શુભ ભાવના–બાળ લગ્ન અને વૃધ્ધ લગ્ન ઉપર અંકુશ મુકી ભવિષ્યની માતાને તમે દુઃખમાંથી બચાવી છે, ૫ સહુથી મોટું—સિહોર ચોરાનું બંધારણ અસ્તવ્યસ્ત હતું તે નક્કી કરી સિહોર ચોરાનો પુનરૂધ્ધાર કર્યો છે. અને તેનો નેતા સ્થાપ્યો છે, ૬ શ્રી કૃષ્ણજન્મ દીન અષ્ટમીથી આ કાયદાનો અમલ કરવા સ્વાગત પ્રમુખે જાહેર કર્યું છે.

ત્યાર બાદ આ ધારાના અમલ માટે વિનંતિ કરી હતી. ચાલેલા કામકાજ પ્રત્યે સંતોષ દર્શાવતાં તેમણે જણાવ્યું કે “ઘંટડી વગાડી કોઇને બોલતા અટકાવવાનું થયું નથી તે આનંદની વાત છે.” તે પછી તેમણે એક પછી એક સહુનો આભાર માનવાની શરૂઆત કરી. શ્રી. ભાઇ મોહનલાલ વોરા, વિઠ્ઠલદાસ કોઠારી, અને શિહોર જ્ઞાતિના ભાઇઓનો ત્રિભુવનભાઇ મ્હેતા, અને બકોરભાઇ ભુતા, સ્વ. કરશનજીભાઇએ ઉજાગરા કરી કાયદા ઘડવામાં મદદ કરનાર મેંબરોને મંત્રીઓ, તથા સહુ બહારગામથી પધારેલાં પ્રતિનિધિ

બંધુઓને તેમણે સંભાર્યાં, અને આભારની યાદીમાં રાત દિવસ સેવા માટે વિચરતા સ્વયંસેવકોને કેમજ ભૂલાય ! જે સેવકોના પ્રતાપે જ્ઞાતિમાં પીરસવાના અવ્યવસ્થા સુધારી ૧૮ પાલી ભાતનો થતો બગાડ ૧૧ પાલી ઉપર આવી રહ્યો તેમને આ સંમેલનને અંગે શ્રી. વિઠલદાસ કોઠારી તરફથી રૌપ્ય પદકો આપવાનું તેમણે જાહેર કર્યું. જ્ઞાતિની સાથે દેશની સેવા બજાવવાનો પણ તેમણે ઉપદેશ આપ્યો.

ધારાધોરણના પાલન માટે પુનઃ આગ્રહભરી અપીલ કરી. તાળીઓના ગગડાટ વચ્ચે પ્રમુખશ્રીએ પોતાનું વકતવ્ય પુરૂં કર્યું.

અને પછી બોલ્યા તાત્વિક દૃષ્ટિથી શ્રી ગિરધરભાઈ વકીલ. પાંડવોએ યજ્ઞ કર્યો ત્યારે રાજાઓએ કેટલીક સેવાઓ વહેંચી લીધી હતી ત્યારે શ્રીકૃષ્ણે **પાતળો નાખી દેવાની અને પગ લુછવાની સેવા સ્વીકારી હતી.** એ દૃષ્ટાંત ટાંકયું હતું. ત્યાર બાદ જનકની સભામાં ૨૧ વર્ષની સ્વરૂપવાન છતાં એક વસ્ત્રી ગાર્ગી આવ્યા અને તે વખતે વિવાદ થયો, તે કથા પણ તેમણે તેમની લાક્ષણિક શૈલીમાં રજુ કરી. લક્ષ્મણજી મુર્છાગત થતાં શોકાગ્રસ્ત રામને જોતાં વાનરોએ પૂછેલા પ્રશ્નોનો પ્રત્યુત્તર આપતાં શ્રી રામે જણાવ્યું કે મને શોક તેનો નથી. સિવાય કે મેં વિભિષણને વચન આપ્યું છે તેનો ભંગ ન થાય તેની ચિંતા છે. આમ પ્રતિજ્ઞાનું મહત્વ બતાવતાં શ્રી ગિરધરલાલભાઇએ પ્રત્યક્ષ દેવ પ્રગટેશ્વરનું પ્રત્યક્ષ ફળ અને સંમેલન સફળતા સંબંધે સહુનું ધ્યાન ખેંચ્યું હતું, અને પુનઃ સમેલન ભરાય તેમ ઈચ્છતાં શ્રી **પુરૂષોત્તમભાઇ મુની** પાસે તેની યોજના કરવા ભિક્ષા માગી હતી.

ત્યાર બાદ ઔપચારિક ઠરાવો રજુ થયા. શેઠ જીવણદાસ પ્રભુદાસે પ્રમુખ મહાશયનો આભાર માનવાની દરખાસ્ત રજુ કરી હતી. તેને અનુમોદન આપવા ઉભા થયા મુની વલ્લભદાસ નથુભાઈએ જણાવ્યું કે પ્રમુખ મહાશયને આયુર્વેદના પ્રખર અભ્યાસી અને સફળ વૈદ તરીકે ઓળખાવી તેઓ સિહોરનાજ અને મુની કુટુંબના હોવા તરીકે આનંદ દર્શાવ્યો હતો અને ઐતિહાસિક રીતે મુની કુટુંબની મહત્તાનાં વખાણ કર્યાં હતાં. શ્રી **પુરૂષોત્તમહાસભાઈ મુની**, મગનલાલ બાલુભાઈ મુની, મોહનલાલ વોરા વગેરેનો આભાર પણ માન્યો હતો. અને જુવાનને છાજતો જુસ્સો દર્શાવી પડકાર પણ કર્યો કેઃ—વડીલો **ભુલ કરશે તો અમે ધર્મયુધ્ધ આદરશું"**

પ્રમુખ મહાશયના આભારના ઠરાવને વધુ ટેકો આપતાં શ્રી છગનલાલ ભવાનભાઇએ વૃધ્ધાવસ્થા છતાં લીધેલ પરિશ્રમ માટે આભાર માન્યો હતો, અને જ્ઞાતિમાં વધી પડેલા સડા માટે તેમના જેવા આયુર્વેદ ભુષણ વૈદની જરૂરજ હતી એમ દર્શાવ્યું હતું. વકીલ શ્રી વનમાળી ભાઇએ તેના વિચોરને ઘટતા શબ્દોમાં અનુમોદન આપી પ્રમુખની દીર્ઘ દૃષ્ટિ અને ડહાપણ માટે વખાણ કર્યાં હતાં.

ત્યાર પછી સ્વાગત પ્રમુખ શ્રી ત્રિભોવનદાસભાઇનો આભાર માનવાનો વિધિ વિદ્વાન શેઠ શ્રી છોટાલાલ હરગોવિંદદાસ મુનીથી શરૂ થયો તેને કરદેજવાળા મોદી ગિરધરલાલભાઇએ અનુમોદન આપ્યું. ભાઇ પ્રતાપરાય મહેતાએ તેમને uncrowned king (તાજ વગરના રાજા) કહી અર્ધ્ય આપ્યો, અને એ વિધિ થયો. સ્વાગતના ઉપ–અધ્યક્ષ શેઠ દ્વારકાદાસ ભાઇ મુનીના આભારનો ઠરાવ પણ શ્રી ચુનીલાલ દોશી તરફથી રજુ થયો. અને અન્ય ગૃહસ્થો તરફથી ટેકો મળતાં પસાર થયો. ત્યાર પછી શ્રી. ગીરધરલાલભાઇ વકીલ ઉભા થયા તેમણે સંમેલનના પ્રથમ પુરૂષ શ્રી વિઠ્ઠલદાસભાઇ કોઠારીનો આભાર, એકલા સિહોર તરફથી નહિ પણ ચોરા સમસ્ત તરફથી માન્યો. સંમેલનના ગણપતિ સ્વરૂપ મંત્રીઓ શ્રી. **ચુનીલાલ, અમૃતલાલ, નારણદાસ** અને તેમને મદદ કરતા **પ્રતાપરાયને** પણ આભારપાત્ર ગણ્યા અને ફરીથી એક વાર **શ્રી. પુરૂષોત્તમદાસ મુનીને** આવતા સંમેલન માટે અતિ આગ્રહપૂર્વક વિનંતિ કરી.

સંમેલનના આખાય કાર્યક્રમ દરમિયાન પુરૂષોત્તમદાસ મુનીએ ઉપનામોચિત મૌનજ સ્વીકાર્યું હતું. અને કેવળ વાતાવરણ સરજ્યા કર્યું હતું તેમને ટેબલ પાસે આવવા ફરજ પડી–" અને જણાવ્યું કે **અમારે બીજા ચોરાઓમાં પણ કામ કરવાનું છે, અને ત્યાં પણ સંમેલન ભરવાનાં છે** ત્યાર પછી એટલે પાંચેક વર્ષ બાદ આપણે સિહોર ચોરાના દ્વિતીય સંમેલનનો વિચાર કરીએ."

પણ **શ્રી ગિરધરલાલ ભાઇ** તેમની લાક્ષણિક રમુજથી બોલ્યા;– હું ત્યાં સુધી કાંઇ જીવવાનો હું ? આમ વિનોદ કરીને પણ પુનઃ પુનઃ આગ્રહ કર્યો શ્રી મુનીપુરૂષોતમદાસ—" આપ બધા વડીલો સાથે મળી; આશા

કરતા હો તો, હું **તે બોજો ઉપાડી લેવા કબુલ છું,"** (તાળીઓ) **આ** **આનંદ સમાચાર પછી શ્રી જીવાભાઇએ કન્યાવિક્રય નિષેધ સંબંધેનું** ફંડ એકત્ર કરવા યોજના રજુ કરી હતી. ત્યારબાદ પ્રાણલાલભાઈ ભુતાએ **મહાજન તરફથી વિઠ્ઠલદાસભાઇને સાલ પાઘડી પ્રમુખને હાથે અપાવવા** વિનંતિ કરી હતી. જે **મુજબ મહાજન** મંત્રી શેઠ બકોરભાઇ **ભૂતાએ** સાલ પાઘડી પ્રમુખને આપતાં **તેમણે શ્રી.** વિઠલદાસભાઇને તાળીઓના નાદ વચ્ચે આપી હતી.

શ્રી. વિઠલદાસભાઈએ તે **યશની પોટલીરૂપ** સાલ પાઘડી સપ્રણામ સ્વીકારતાં કહ્યું;—" મેં કાંઇ કર્યુંજ નથી " સિહોર મહાજનની કૃપાથી આ બધું થવા પામ્યું છે. મારી અરજીનો સ્વીકાર કરી મારા ઉત્સાહનો તેમણે સ્વીકાર કર્યો છે. અને તે માટે તેમનો હું આભાર માનું છુ " પછી તેમણે સ્વયંસેવકોની રાત દિવસની સેવાઓની ખુબજ તારીફ કરી હતી, અને પોતા તરફથી રૂપાના ચાંદ આપવાનો નિર્ણય જાહેર કર્યો. જો કે ચાંદો વખતસર તૈયાર થઇ સભામાં તેમને આપી શકાયા નહિ તે માટે દીલગીરી દર્શાવી. પછી પ્રગટ નાથની જગાનો વપરાશ કરવા દેવા મહેતા કુટુંબનો તેમણે આભાર માન્યો હતો કે જેના જેવી અનુકુલતા અન્યત્ર કયાંઇ પડી ન હોત. પૂજ્ય શામજી મહેતાની છબી સંબંધે બોલતાં તેમણે જણાવ્યું કે " તેના પૂણ્યનો અંશ અને પ્રતાપ આ સભામાં પણ પડયાં " ત્યાર બાદ તેમણે પોતાના તરફથી રૂા. ૧૦૦ નું ઇનામ **મુની હાઈસ્કુલમાં** જે સંસ્કૃતમાં પ્રથમ નંબરે આવે તેને તેના વ્યાજમાંથી આપવા માટે આપ્યું અને તે ઈનામને પ્રમુખ સાહેબ **ત્રંબકલાલ મુની પારિતોષીક** તરીકે રાખવા ઇચ્છા દર્શાવી, રૂા.૧૦૦) ની નોટ શ્રી. ત્રિભુવનદાસભાઇને સોંપી હતી આ રકમમાં રૂા. ૧૦૧) એકસો એકની રકમ શ્રી. ત્રંબકલાલભાઈ મુની તરફથી ઉમેરાણી હતી કલાકોના કલાક સુધી ઉભા રહી કામ ચલાવનારા કાર્યપટુસ્વાગતાધ્યક્ષ મહાશય કે જેઓ પોતાના પ્રત્યેક નિર્ણયને અંગત છાપ મારીને સચોટ વાણીમાં રજુ કરતાં હતા તેમણે પણ ટુંકમાંજ ઉપસંહાર કર્યો. પ્રમુખનો આભાર માનતાં તેના "લાખો વણજારો' કહેવાતાં ઉદાર પિતાની પુન્ય યાદ કરી હતી. અને તેના આજ્ઞાંકિત સુપુત્રના વખાણ કરતાં તેની વિદ્વત્તા વગેરેની વાત કરી હતી, આ ઉપરાંત

સહુનો આભાર માન્યો હતો. વિઠલદાસભાઇ કોઠારી, સ્વયંસેવકો, શિહોરની જ્ઞાતિ અને પધારેલા અતિથિઓને તેમણે ધન્યવાદ અને આભાર અર્ઘ્ય અર્પ્યો શ્રી પુરૂષોત્તમદાસ મુની તરફથી ચોરાના પ્રત્યેક લાણાદાર દીઠ આ સંમેલનના નિવેદન અને ઠરાવોની બે હજાર ચોપડીઓ છપાવી ભેટ આપવાની ઉદારતા જાહેર કરી હતી અને તે માટે તેમનો આભાર માન્યો હતો.

પછી શ્રી. વિઠ્ઠલદાસભાઇએ વિનંતિ કરી હતી કે શ્રી ત્ર્યંબકલાલભાઇ, ત્રિભુવનદાસભાઈ અને દ્વારકાદાસભાઇની મોટી છબીઓ જો જ્ઞાતિને મળે તો સારૂ, અને તે જ્ઞાતિના વંડામાં મૂકવી. જે વાત સ્વીકારવામાં આવી હતી. સ્વયંસેવકોને રૂ. ૫૧) ભાવનગર અને બધા મહેમાનો તરફથી આપવા શ્રી વસંતરાય ઉભા થયા અને સ્વયંસેવકોની સ્વયંસેવાની પ્રશંશા કરી. સ્વયંસેવકના એક આગેવાન ભાઈ રતીલાલ રામજીએ આભાર સાથે તેનો વિનયથી અસ્વીકાર કર્યો. (તાળીઓ) સ્વયંસેવકોની આવી નિસ્વાર્થપરાયણતા જોઇ શ્રી ત્રિભુવનદાસભાઈનો આત્મા બહુ પ્રસન્ન થયો, તેના મુખમાંથી આશીર્વાદના વચનો સરી પડયાં.

સ્વયંસેવકો સંબંધે ઉચ્ચારેલા શબ્દોના જવાબમાં સ્વયંસેવક મંડળ તરફથી ભાઇ રતીલાલે સુંદર સચોટ અને સહુના કાન ખેંચી રાખે તેવી આકર્ષક ભાષામાં ભાષણ કર્યું અને તેમણે કેવળ ફરજજ બજાવી છે એમ જણાવ્યું. આપણા ઉગતા વર્ગને આ ભાષણ મનનીય છે તેથી અક્ષરશઃ પરિશિષ્ટમાં અમે છાપીએ છીએ. અને આ સ્વયંસેવકોના આ નમ્ર નિવેદનની અસર કાંઇ જેવી તેવી ન હતી. સહુના અંતરમાં તેનો આનંદ હતો પણ શ્રી ગિરધરલાલભાઈએ તો તુરતજ વ્યકત કર્યો 'જેનું મોઢું નાનું છે તેમાં અકકલ વધારે હોય એમાં પ્રભુનો હાથ છે. તેમની બુધ્ધિ જોઇ મને આનંદ થયો છે.' આમ કહી આ લાગણીભર્યા ભાષણ માટે ઘણો ઉંચો મત દર્શાવી ઉછળતા અંતરે આશિર્વાદ આપ્યા હતા.

. અને શ્રી વિઠલદાસભાઇ ઉપર પણ આ બાળકોના બોલની ખુબજ અસર થઇ. તેમણે બધા સ્વયંસેવકોને યુનીફોર્મ ડ્રેસ પોતાના તરફથી આપવાનું વચન દયું, અને તેનો સ્વીકાર થયો ત્યાર પછી મહેતા કુટુંબવાળા

આત્મારામ ભાઇ બોલ્યા શ્રી પ્રગટેશ્વર મહાદેવની કૃપાથી તેની પવિત્ર છાયામાં આપણા આ સંમેલનની સફળ પુર્ણાહુતિ નિરખી અમારા સિહોરવાસીઓનાં હૃદય બહુજ આનંદથી ઉભરાઇ જાય છે. અમારા પુજ્ય ભાઈ ત્રિભુવનદાસભાઇને આપ સહુએ જે અદ્વિતીયમાન આપ્યું છે તે માટે હું મારા અને અમારા કુટુંબ તરફથી આપનો આભાર માનું છું. પ્રમુખો ઉપપ્રમુખ અને બહારથી પધારેલા અતિથીઓએ વ્યવસાયો ત્યજી પોતાની સેવાજ્ઞાતિ ચરણે ધરી છે તેથીજ વિજ્ય થયો છે. સેવાપરાયણ ભાઇ શ્રી. વિઠલદાસભાઇનો આભાર જેવો તેવો નથી. આ સંમેલનનું અનુકરણ અમરેલી, મહુવા અને જાફરાવાદ પણ કરશે અને દેશકાલોચિત ફેરફારો બંધારણમાં ઘડશે એમ આશા રાખી અને આપણા બધા ભાઇઓ આ ઠરાવોને સંપુર્ણ અમલ કરે એમ ઇચ્છી બેસી જવા રજા લઉં છું."

ઘડીઆળ ત્રણનો ટકોરો પોકારી રહી હતી. બોલવાનો ઉત્સાહ ઘણાને દેખાતો હતો. પણ વખતજ કયાં હતો. ? જાણીતા આગેવાન ભાઇ દામજી ભાઇ વકીલના પૌત્ર વામનરાયે હોંશથી સંમેલન સફળતાની કવિતા ગાઇ. શ્રી. દામજીભાઇ અને અન્ય ઘણાને બોલવાનું બાકી હતું, પણ ભોજનનો ઘંટ સહુનું ધ્યાન ખેંચી રહ્યો હતો, છતાં શાસ્ત્રીજી ભગવાનજી ભાઇનો આશિર્વાત્મક શ્લોક અને કવિતા સહુએ હોંશથી સાંભળ્યાં. જ્યોતિષી મગનલાલ ભાઇએ પ્રમુખ આગેવાનો અને સંમેલનની સફળતા સંબંધે જ્યોતિષ ગણતરી કરી હારતોરા આપ્યા. અને પ્રમુખો અને શ્રી વિઠલદાસભાઈને આનંદથી અર્પાયા. સંમેલનની આ સફળતાનો આનંદ મહાતો ન હતો, ઘણુંજ મોડું થયા છતાં કોઇને ભુખ્યા પેટ સાંભરતાં નહતાં. પ્રગટનાથજી અને શ્રી નાથજીની જય સંમેલનની વિજય ગર્જના અને વંદેમાતરમના અવાજો વચ્ચે આમ સંમેલન સભાની પૂર્ણાહુંતી થઇ.

શ્રી વિઠલદાસભાઇનો આદિ સંકલ્પ, સંમેલનના વિચારો ગતિમાં મૂકવા માટે સિહોરની જ્ઞાતિ, સ્વાગત પ્રમુખ અને ઉપ પ્રમુખ તથા મંત્રીઓએ કરેલા પ્રયત્નો જ્ઞાતિ જીવનમાં રસ લેતા પ્રતિષ્ટિત પ્રતિનિધિઓની હાજરી આટલા પૂર્વ તૈયારીના આધારપર આમ સંમેલન શરૂ થયું અને પુરૂં પણ થયુ. હવે આખાએ સંમેલનના સૌથી અગત્યના કાર્ય તરફ વળીએ. જ્ઞાતિ સંમેલન એ માત્ર તમાસો થાય અને 'આવો ભાઇ જે શ્રી કૃષ્ણ કેમ ખુશીમાં છોને? વગેરે"

વગેરે વાતો કરી જ્ઞાતિભાઈઓ અને ચાલકો છુટા પડે એમ તો કોઇ ઇચ્છે નહિં. સંમેલનને અંગે થોડું પણ વ્યવહારમાં મૂકાય તેવું જરૂર કરવું એવો વિચાર મૂળથીજ હતો. ખાતાંપીતાં, ઉઠતાં, જાગતાં અને સુતાં સ્વપ્નામાં પણ આ વાત સહુને હૈયે હતી. સંમેલનમાંથી છુટયા બાદ વાળુથી પરવારી સહુ અતિથિઓ ભેગા થતા, વાતો કરતા, ચર્ચા કરતા અને ઘડીઆલ રાત્રીના બાર, એક બે એમ ટકોરા માર્યાજ કરે પણ તેમનો ઉત્સાહ તે તરફ બેદરકારજ રહેતો. આટલી મોડી રાત્રે પણ સ્વયંસેવકો ચ્હાની કીટલી લઇને સેવા કરતાજ હોય એ જાગેલા જુવાન વર્ગનું દષ્ટાંત. આ રાત્રીચર્યામાં રામજીભાઇનો પરિશ્રમ અગાધ હતો. શ્રી. નાગરદાસભાઇ, મોનજીભાઇ અને સહુ કોઇ મહેમાનો તેને મદદ આપી રહ્યા હતાજ. ફોટો પાડવાનો વિધી પણ કાર્યવાહકો ચૂકયા ન હતા. ભાવનગરથી ખાસ ફોટોગ્રાફર બોલાવી, મુર્ની કુટુંબની ઉદ્દારતાના પ્રત્યક્ષ દષ્ટાંત રૂપ હાઇસ્કૂલમાં તેની સગવડતા કરી. ફોટાનું કામ પૂરૂં થયું ત્યાં તો મેદાનની વચ્ચેથી સીટી પડી અને સિહોર અખાડાના મુજબુત બાળકો વ્યવસ્થિત ગોઠવાઇ ગયા. એક કપોળભાઈની પ્રેરણા કપોળની મદદ અને કપોળ મંત્રી પદથી આ અખાડો સુંદર કામ કરી રહ્યો છે તેને સવિશેષ ઉત્તેજનની જરૂર છે.

આ સંમેલન પાંડિત્ય પ્રધાન ન હતું, પણ જ્ઞાતિ સંમેલનો પાંડિત્ય પ્રધાન ન બનતાં વિચાર પ્રધાન અને અનુભવ પ્રધાન રહે એ બાબતોજ ઈષ્ટ છે, અને તેમજ થયું હતું. સંમેલનમાં ઠરાવો તેના સુધારાવધારા અને છેવટની સર્વાનુમતિ. આ બધાનું સ્થાન ચર્ચાએ લીધું હતું. જ્ઞાતિજીવનને અંગે ઉપસ્થિત થતા અનેક પ્રશ્નો ઉપર સૌ જૂદા જૂદા દષ્ટિબિંદુથી ચર્ચા કરે અને એ ચર્ચાને પરિણામે કેટલીક વાર એકજ પ્રશ્ન અનેક રીતે જોઇ શકાય અને જીવનમાં ઉતારી શકાય એવી સમજણ ઉભી થાય એમાં અમે જ્ઞાતિ પ્રશ્ન મીંમાસાના આ સંમેલનની એક પ્રકારની સફળતા માનીએ છીએ.

પરંતુ આ વિચારો અને ઉચ્ચારોની પાછળ સંમેલનને અંગે જે બધી તૈયારી થઇ રહેલી હોય છે તેનો વિચાર આપણને ભાગ્યેજ હોય છે. આવા સંમેલનોના મંડપની શોભા પાછળ કેટલેક સ્થળે ખુબ ગોટાળો

છુપાઇને રહે છે. પરિષદનાં ભાષણો સાંભળી અને ઠરાવો ઘડી જમવા જઇએ ત્યાં ઘોંઘાટ અને એઠવાડના ઢગ; સડાંસ તો જાણે પાંચ દસ મિનિટની જેલ; ઉતારામાં તો ગાદલાઓના અવ્યવસ્થિત ઢગ પડયાજ હોય, પણ અહીં તેવું ન હતું. સંમેલનના કાર્યવાહકોએ આ બધી બાબતો પર સંપૂર્ણ લક્ષ્ય આપ્યું. શ્રી. વીઠલદાસ કોઠારી સંમેલનના ભાષણોમાંથી ઘડી ભર ખસી જઇ અતિથિઓના સ્વાગતની યોજનાઓ પોતાના મંડળ સાથે ઘડી રહેતા હતા, અને સ્વયંસેવકો તો દિનરાત મહેનત કરીજ રહ્યા હતા. સિહોરને ધન્ય છે કે આટલું સુંદર સ્વાગતને તે સહનું કરી શકેલ છે!

હજી થોડી વાતો રહી જાય છે. શિહોરની જનતાનો ઉત્સાહ કયા જડ શબ્દો ચીતરી શકે? તેમની વિશાળ નામાવલી કેમ લખી શકાય? ચીવટથી ઓફીસકામ સંભાળતા ભાઈશ્રી ચંપકલાલ મહેતા અને તેમના રતીલાલ પારેખ વગેરે સાથીતો, સ્વયંસેવકોમાં સાંભળતા ભાઇશ્રી વામનરાય અને ભગુભાઇ, કામ કરવા દીન રાત ઉછળતા હરીભાઇ ભુતા અને રતીલાલ ગમજી તથા ભૂપતરાય મુની—આવા બધા કેટલાનાં નામ લખ્યા જાય! ઉત્સાહી મંત્રીઓ અનંતલાલ નરોત્તમદાસ શ્રી. ચુનીલાલ દોશી શ્રી નારણજી ભીમજીભાઇ એમની અવિશ્રાંત સેવા માટે મારી આ કલમ કેટલું લખી શકે એમ છે? અને એ પૂજ્ય મહેમાનો! એ શિષ્ટ અતિથીઓએ તો શિહોર પધારી શિહોરને દીપાવ્યું છે.

અહીં આ નિવેદન પૂરૂં થાય છે. આ બધા કાર્યવાહકો સ્વયંસેવકો અને કેટલાકનાં નામો પણ અત્રે લખાયાં નથી, તેઓ ન હત તો આ સંમેલન ભરીજ શી રીતે શકાત? સંમેલનની આ કાર્ય રૂપરેખા શિહોરના આ શિરોમણીઓએ આ ત્રણ દિવસમાં જે કાંઇ વિચાર્યું ઉચ્ચાર્યું તેની આ ટુંકી નોંધ મારા સ્મરણ કે શ્રવણદોષથી વા અન્યથા તેમાં કાંઇ ક્ષતિ રહેવા પામી હોય તે આપ મહાનુભાવો પાસે ક્ષમા પ્રાર્થું છું.

ૐ શાંતિ શાંતિ શાંતિ

પ્રતાપરાય ગિરધરલાલ મહેતા

વિભાગ ત્રીજો

વિનંતી

આ સાથે બીજા વિભાગમાં આપવામાં આવેલા શ્રી સિહોર ચોરા કપોળ જ્ઞાતિ સંમેલનમાં પસાર થયેલા ધારાધોરણો શ્રી સિહોર ચોરામાંહે વસ્તા દરેક લાણાદાર ભાઈઓને તળપદમાં અને ધંધા અર્થે મુંબઈ તેમજ પરદેશમાં વસ્તા તમામ ભાઈઓને લાગુ પડશે માટે વિનંતી છે કે દરેક લાણાદાર ભાઈઓએ તે પ્રમાણે અમલમાં મૂકી વર્તવું.

ધારાનો ભંગ કરનાર માટે સિહોરચોરા મહાજન યોગ્ય પગલાંલેશે.

પરંતુ જો વેવિશાળ કરેલી કન્યા બીજા ચોરાની હોય તો તે ચોરાના મહાજનના કાયદાને માન આપવું. શ્રી સિહોર ચોરાની કન્યા હશે તો બહારના લાણાદાર ભાઈઓને શિહોર ચોરાના મહાજનના ધારાને માન આપવું પડશે.

ધારા ઘડનાર કમીટીના મેમ્બરોનાં નામ.

મેહેતા ત્રીભોવંનદાસ પરમાનંદદાસ, દોશી દોલતરાય શામજીભાઈ, દોશી નાગરદાસ કલ્યાણજી, મુની બાળકૃષ્ણ વનમાળીદાસ, મુની પરશોત્તમદાસ લક્ષ્મીદાસ, મેતા વૃજલાલ રણછોડદાસ, મેતા દામોદરદાસ હરગોવીંદ, કોઠારી દુર્લભજી ચત્રભુજ, પારેખ રૂગનાથ ત્રીકમજી, મેતા જમનાદાસ પરભુદાસ, અથવા વામનરાય અમૃતલાલ, દોશી માધવજી મોનજી, મુની દ્વારકાદાસ લક્ષ્મીદાસ, મુની સુખલાલ ભગવાન, મેતા કરશનજી વેલજી, કોઠારી વીઠલદાસ નારણજી, પારેખ દામજી મકનદાસ, પારેખ હરજીવનદાસ ગીરધર, વોરા મોહનલાલ પરમાણંદદાસ, શંઘવી મુળજી જગજીવન, શંઘવી ભગવાન હરજીવન, ભુતા પ્રાણલાલ બકોરદાસ, મેતા ગીરધરલાલ વહાલજી, મેતા છોટાલાલ વીઠલદાસ, મેતા માવજી હંસરાજ અથવા અમૃતલાલ, ગાંડા, મેતા દુર્લભદાસ, બેચર સાયર, ગાંધી કલ્યાણદાસ વનમાળી, સંઘવી મગનલાલ ડાહ્યાભાઇ, સંઘવી છગનલાલ ગોપાળજી, ચીતળીયા હરજીવનદાસ જેઠાભાઈ, ભુતા ત્રીકમજી ડાહ્યા, મેતા રતીલાલ છગનલાલ મેતા હરીલાલ નારણદાસ, પારેખ રણછોડદાસ ભાણજી અથવા પારેખ નારણદાસ હરજીવન, કાણકીયા મુળજી ભગવાનદાસ.

સુધારો.

નાગરદાસ મુળજી ભુતાને બદલે દેશાઇ ઝમરાળાવાળા વાંચવું.

ક્ષમા પ્રાર્થના.

સંમેલન અંક બહાર પાડવા માટે ઘણી ઉતાવળથી બનતી મહેનતે કામ કર્યું છે તો પણ બધું સાહિત્ય તૈયાર થઇને મલવામાં અને વસ્તી પત્રક વધારે છાપવામાં અગવડતાવાળું હોવાને કારણે ઢીલ થવા પામી છે.

સંમેલન અંકની ત્રણ હજાર પાંચસોહ કોપી કાઢવાની હોવાથી આટલો વખત તો લાગે એમ સહજે સમજી શકાય તેમ છે તો પણ મારા સ્નેહી સેલર પ્રેસના મેનેજર સાહેબ શ્રી. જાદવજીભાઇએ બનતી ઉતાવળે આ કાર્ય પુરૂં કરી આપ્યું છે તે માટે હું તેમનો આભારી છું. આપ સૌ આ ઢીલ માટે ક્ષમા આપશો તેવી આશા રાખું છું. લી૦ ભવદીય

પુરૂષોત્તમદાસ મુની.

શ્રી. સિહોર ચોરા કપોળ જ્ઞાતિ સંમેલનના પ્રમુખઃ



પ્રાણાચાર્ય વૈદરાજ ત્રંબકલાલ ત્રીભુવનદાસ મુની.


જોશી આર્ટ, કોટ-મુંબઇ.

શ્રી સિહોર ચોરા કપોળ જ્ઞાતિ સંમેલનના સ્વાગતના પ્રમુખઃ



શેઠજી ત્રીભુવનદાસ પરમાણંદદાસ મહેતા.

જેઓને શ્રી સિહોર કપોળ જ્ઞાતિએ જીન્દગી સુધીના પ્રમુખ અને શ્રી સિહોર ચોરા કપોળ જ્ઞાતિ સંમેલને ચોરાના શેઠ તરીકે નીમી માન આપ્યું છે.



શ્રી સિહોર ચોરા કપોળ જ્ઞાતી સંમેલનના
સ્વાગતના ઉપ પ્રમુખઃ

શેઠ શ્રી. દ્વારકાદાસ લક્ષ્મીદાસ મુની.

જેઓને શ્રી સિહોર કપોળ જ્ઞાતિએ જીન્દગી સુધીના ઉપપ્રમુખ તરીકે
નીમી માન આપ્યું છે.

શ્રી સિહોર ચોરા કપોળ જ્ઞાતિ સંમેલનનો
સ્વાગત ખર્ચ આપનાર:



શ્રીયુત વિઠ્ઠલદાસ નારાયણદાસ કોઠારી.
(મુંબઇ કપોળ યુવક મંડળના પેટ્રન.)

જોશી આર્ટ, કોટ, મુંબઈ

શ્રી સિહોર કપોળ જ્ઞાતિભૂષણ, સિહોર ચોરા સંમેલનના અગ્રગણ્ય
આગેવાન, યુવકોની નવિન ભાવનાને પોષનાર



વકીલ શ્રી. ગિરધરલાલ વહાલજીભાઇ મહેતા

જેઓને શ્રી સિહોર કપોળ જ્ઞાતિએ જીંદગી સુધીના જ્ઞાતિના ઉપપ્રમુખ તરીકે
નીમી માન આપ્યું છે.

શ્રી સિહોર કપોળ યુવક મંડળના સેવાભાવી ઉત્સાહી પ્રમુખ–



શ્રી મોહનલાલ પરમાણંદદાસ વોરા


જેઓએ શ્રી સિહોર કપોળ જ્ઞાતિના વહીવટને અવ્યવસ્થિત દશામાંથી સુવ્યવસ્થિત કરવાને માટે બહુ પરિશ્રમ કર્યો હતો.

જોશી આર્ટ, કોટ–મુંબઈ.



શ્રી સિહોર ચોરા કપોલ જ્ઞાતિ સંમેલનના સેવા ભાવી ઉત્સાહી માનદ મંત્રીઓ.

શ્રી સિહોર ચોરા કપોળ જ્ઞાતિ સંમેલનની ધારા ધોરણ ઘડનારી કમિટીના ઉત્સાહી સભાસદઃ



સ્વ૦ કરસનજીભાઇ વેલજી મહેતા.


(જેઓનું સંમેલન મળવાના સમયમાં ખેદજનક અવસાન થયું હતું).

જોશી આર્ટ, કોટ, મુંબઈ.



શ્રી સિહોર ચોરા કપોલ જ્ઞાતિ સંમેલનની સેવા ભાવે અનુપમ સેવા કરનાર ઉત્સાહી સ્વયંસેવકો

(સ્થળ મુની લક્ષ્મીદાસ દામોદરદાસ હાથરકુંડનું ચોગાન.)



શ્રી સિહોર ચોરા કપોલ જ્ઞાતિ સંમેલનમાં રજુ કરવાના ધારાધોરણ ઘડનાર કમિટીના સભ્યો.


(સ્થળ શ્રી સિહોર કપોળ જ્ઞાતિનો વંડો).

શ્રી ભાવનગર કપોળ જ્ઞાતિભુષણ:



શ્રી. વૈદરાજ શેઠ રામજીભાઈ નરોત્તમદાસ.

જેઓને ભાવનગર અને બીજા ગામોના પ્રતિનિધિઓએ નેતા તરીકે અગ્રગણ્ય પદ આપી પોતાના સુધારા સંમેલનમાં રજુ કરવાનું માન આપ્યું હતું.



(સ્થળ-લક્ષ્મીદાસ દામોદરદાસ મુતી દાક્તરકુલના ચોગાનમાં)

સંમેલનમાં પધારેલા પ્રતિનિધીઓનો સંમેલન ગ્રુપ.

જોશી આર્ટ, ફોર્ટ-મુંબઇ.

શ્રી સીહોર ચોરાં કપોળ જ્ઞાતી સંમેલન સંવત ૧૯૮૪ના બીજા શ્રાવણ વદી ૧ થી ૭ સુધી સીહોર મુકામે ભરવામાં આવેલું તે વખતે પસાર થયેલા

ધારા ધોરણો.

—————

પ્રકરણ ૧ લું.

વેવીશાળ સંબંધે

ઠરાવ—૧—આપણી જ્ઞાતીમાં નીચે જણાવ્યા મુજબના વેવીશાળો થઇ શકે.

(ક) ઘરેણાં વડીએનું વેવીશાળ થાય તેમાં વરવાળાએ કન્યાને દાગીનો વધારેમાં વધારે રૂ. ૮૦૧, **અંકે આઠસોને એક** રૂપીઆ સુધીનો ચડાવવો.

(ખ) પડલું તથા ઘરેણા વડીએ વેવીશાળ થાય તેમાં વરવાળાએ વર કન્યાના નામથી પડલાના રૂા. ૪૦૧) અંકે ચારસોને એક ત્રીજે ઠેકાણે વ્યાજુ મુકવા અને તે પડલાના ખાતાની ચોપડી કન્યાના વાલી પાસે રાખવી. આ રીતના વેવીશાળમાં વરવાળાએકન્યાને દાગીનો વધારેમાં વધારે રૂા. ૬૦૧) **અંકે છસો ને એક** સુધીનો ચડાવવો.

(ગ) **આપણી જ્ઞાતીમાં આર્થીક સ્થીતીને લઇને** કેટલાક સંજોગોમાં કન્યાવાળાને ખર્ચમાં મદદ માટે રૂપીઆ લેવા જરૂર પડે છે તેવે વખતે રૂા. ૬૦૦) અંકે **છસો રૂપીઆ** સુધી નીચેની વિગતે લઇ શકે.

રૂા. ૨૫૦) વેવીશાળ વખતે રૂપીઆ બસો ને પચાસ.
રૂા. ૩૫૦) લગ્ન પ્રસંગે રૂપીઆ ત્રણશો ને પચાસ.
આવા પ્રસંગે વરવાળાએ રૂા. ૫૦૧) **અંકે પાંચસો ને એક** રૂપીઆ સુધીનો દાગીનો કન્યાને ચડાવવો.

૨ **વેવીશાળ** સંબંધી મહાજનને ચોપડે નોંધ કરાવવા બાબત.

(ક) જે સ્થળે વેવીશાળ થાય ત્યાંના મહાજનને ચોપડે વર-વાળા તથા કન્યાવાળાએ, સીહોર ચોરાવાળું ગામ હોય ત્યાં રૂ. ૨) બે અને અન્યત્ર ત્યાંના રીવાજ મુજબ લાગો ભરી વેવીશાળની નોંધ કરાવી પહોંચ લેવી. કન્યાના બાપનું લાણું વેવીશાળ થયાના સ્થળ સિવાય બીજે હોય તો વેવીશાળ સ્થળે કરાવેલી નોંધની પહોંચ મળે તે કન્યાના બાપના લાણુવાળા ગામના મહાજનને મોકલી ત્યાં પણ રૂ. ૨) બે ભરી નોંધ કરાવવી.

(ખ) ઉપરની રીતે જ્યાં સુધી માહાજનને ચોપડે વેવીશાળનો નોંધ કરાવેલો નહીં હશે ત્યાં સુધી વેવીશાળ થયેલું છે એમ જ્ઞાતી માનશે નહીં.

(ગ) ઉપર મુજબ વેવીશાળની નોંધ માહાજનને ચોપડે કરાવવાના રૂ. ૨) અંકે બે રૂપીઆ માહાજનને લગ્ન લખાયા અગાઉ નહીં ભર્યા હોય તો લગ્ન વખતે રૂ. ૨) બે રૂપીઆને બદલે રૂ. ૪) ચાર રૂપીઆ માહાજન વસુલ લેશે.

૩ વેવીશાળ વખતે કન્યાવાળાને ત્યાં વરવાળા જઈ સાકર વહેંચે છે તે રીવાજ સદંતર બંધ કરવામાં આવે છે. તેને બદલે કન્યાવાળાએ આવેલ સ્ત્રીપુરૂષોને ગોળ ધાણા ખવરાવવા.

૪ કન્યાવાળા તરફથી વરવાળાને ત્યાં વેવીશાળનું શ્રીફળ તથા રૂ. ૧) એક જે કોઇ લઈને આવે તેને શીખનો રૂ. ૧) તથા અખીઆણું આપવું.
(અખીઆણું એટલે એક પાલી ઘઉં પાશેર ગોળ તથા શ્રીફળ.)

૫ વેવીશાળ વખતે કન્યાવાળા પોતાના આશ્રીતોને અમુક દક્ષિણા વરવાળા પાસેથી અપાવે છે તે રીવાજ બંધ કરવામાં આવે છે.

૬ વેવીશાળની ચુંદડી પાકા રંગના સુતરાઉ કસુંબાની લેસ વગરની ઓઢાડવી અને ચુંદડી ઓઢાડતી વખતે કન્યાના હાથમાં

રૂ. ૧) તથા સુખડી શેર ૧। સવા કન્યાના ખોળામાં આપવી ચુંદડીને છેડે રૂ. ૧) એક બાંધવાનો રીવાજ બંધ કરવામાં આવે છે.

૭ મુહુરત કરાવતી વખતે કન્યાને વરવાળાએ એક ચુંદડી સારી રૂ. ૪) ચાર સુધીની કીંમતની અને રૂ. ૧) એક રોકડો આપવો તથા સુખડી શે. ૧। સવા આપવી. તેજ મુજબ વરને મુહુરત કરાવતી વખતે કન્યાવાળાએ વધારેમાં વધારે રૂ. ૫) પાંચ સુધી આપવા.

૮ નાની જોડનાં લુગડાં મુહુરતવંતાં વધારેમાં વધારે રૂ. ૫૧) એકાવન સુધીની કીંમતનાં કરવાં અને આ લુગડાં ચડાવતી વખતે ડાબલી ડાબલા આપવા પણ લીલા સુકા મેવાને બદલે સુખડી શે. ૫। સવાપાંચ આપવી. મોટી જોડનાં લુગડાં મુહુરતવંતાં આપવાનો રીવાજ બંધ કરવામાં આવે છે. તેને બદલે હેમ ગદી ૫) પાંચ ઉતર વખતે મુહુરતવંતુ આપવાનું છે.

(જુઓ લગ્નપ્રકરણની ઉતર સંબંધેની કલમ

૨૦ ની પેટા કલમ ૬)

૯ સમુરતાનાં લુગડાં ચડાવવા છાબ ભરીને વરવાળા જાય છે તે વખતે છાબમાં રૂ. ૧) તથા શ્રીફળ ૨ તથા સોપારી ૫ અને લુગડાં (કલમ ૮મા જણાવ્યા પ્રમાણેનાં મૂકવાં.

રૂ. ૧) એક રૂપીઓ કન્યાના હાથમાં મુહુરતવંતો આપવો.

કન્યાવાળાએ છાબમાં રૂ ૧ તથા શ્રીફળ ૧ તથા સોપારી ૫ એ રીતે પાછું વાળવું.

આ પ્રસંગે સાકર, સોપારી કે કાંઇ પણ વહેંચવાના રીવાજ કોઈ સ્થળે હોય તો તે બંધ કરવામાં આવે છે.

લુગડાં ચડાવતી વખતે નાતગોર જો હાજર હોય તો દક્ષીણાનો રૂ. ૦။ આઠ આના દક્ષિણા આપવી. એ સિવાય કન્યાવાળાએ તેમના કોઈપણ આશ્રીત બ્રાહ્મણો વીગેરેને વરવાળા પાસેથી કાંઈ પણ દક્ષિણા અપાવવાની નથી.

બહારગામથી સમુરતું ચડાવવા મેમાન આવે તેને ત્રણ દીવસથી વધારે રોકવા નહિ.

બહારગામ સમુરતું ચડાવવા જતી વખતે માણસોની સંખ્યા દશથી વધુ ન હોવી જોઈએ.

ગામવાળાને પહેરામણી રૂ. ૧) એક અને બહારગામથી આવનારને વધારેમાં વધારે સાસુ સાડલો વિગેરે બધું મળીને રૂ. ૫) પાંચ સુધીની પહેરામણી આપવી.

૧૦ વેવીશાળ થયા બાદ પહેલી દશરાની સુખડી (મોટી સુખડી) કન્યાને આપવી તેમાં રૂ. ૫) પાંચ સુધીની ચુંદડી તથા સુખડી શે. ૫ા સવાપાંચ શેર આપવી. ફાફડા વીગેરે આપવાનો રીવાજ બંધ કરવામાં આવે છે ત્યાર બાદ લગ્ન થતાં સુધીમાં દર વરસે દશેરાની સુખડીમાં ફક્ત મીઠાઈ શે. ૪) ચાર આપવી.

ટીપ—વેવીશાળ બાદ અને લગ્ન પહેલાં વિજયાદશમી ન આવતી હોય તો દશેરા આપવાની નથી.

૧૧ વેવીશાળ થયા બાદ હુતાશનીનો પહેલો હારડો (મોટો હારડો) નીચે પ્રમાણે આપવો.

૧ હારડાને બદલે સાકર શે. ૫ા સવાપાંચ.

૨ બધો મળી સુકો મેવો શે. ૫)પાંચ.

૩ રૂ. ૫) પાંચ સુધીની ચુંદડી.

દાગીનો અથવા હેમ આપવાનો રીવાજ બંધ કરવામાં આવે છે. ત્યાર બાદ લગ્ન થતા સુધીમાં દર હુતાશણીએ ફક્ત હારડા બદલ સાકર શે. ૫ા સવાપાંચ આપવી.

ટીપ—વેવીશાળ થયા બાદ અને લગ્ન પહેલાં હુતાશની ન આવતી હોય તો હારડા બદલનું કાંઈ આપવાનું નથી.

૧૨ કન્યાની ઉમર પંદર વરસની થઈ ગઈ હોય અને વર, વેશવાળ

થયા બાદ જીવનનો નાશ થાય તેવા અસાધ્ય વ્યાધીથી પીડાતો હોય, અથવા સંસાર સુખ ભોગવવાને નાલાયક હોય, અથવા ચિત-ભ્રમ થયો હોય કિંવા પતિયો થયો હોય, અગર બેઉ આંખે અંધ થયો હોય, અથવા વાઈનું દરદ હોય, જ્ઞાતિથી બહિષ્કાર થયો હોય, વટલી ગયો હોય, અગર કન્યાને વેશવાળમાંથી મુકત કરવાના કોઈ અનિવાર્ય સંજોગો ઉભા થયા હોય, એવે પ્રસંગે કન્યાને વેશવાળમાંથી મુકત કરવા કન્યા અથવા તેના વાલીઓ પોતાના ગામના મહાજનને અરજ કરી શકશે. તે અરજીનો નિકાલ બધી બાબતની ચોકશી કરીને મહાજને ત્રણ માસની અંદર આપવો તે નિર્ણયથી તેને જો અસંતોષ થાય તો તે ગામ જે તપામાં આવેલું હોય તે તપાના માહાજનને અરજ કરે અને તપાના માહાજને તે બાબતનો ત્રણ માસની અંદર નીકાલ કરવો. તે નિર્ણય ઉપર પણ અસંતોષ થાય તો ચોરાના મહાજનને અરજી આપી શકે અને ચોરાના મહાજને છ માસમાં તેનો નિકાલ કરવો અને તે નિર્ણય છેવટનો ગણાશે.

ઉપર જણાવેલા કારણોસર જ્ઞાતિ તરફથી કન્યાને વેવીશાળથી મુકત કરવાનું વ્યાજબી લાગે તો કન્યાના બાપે લીધેલો અવેજ તથા દાગીનો તમામ વરવાળાને પાછો અપાવ્યા પછીજ જ્ઞાતી કન્યાને પ્રથમના વેવીશાળમાંથી મુકત કરી શકશે.

૧૩ એક ઠેકાણે પ્રથમ થયેલું વેવીશાળ ઉભું રાખી કોઈ ભાઈ બીજે ઠેકાણે વેવીશાળ કરશે તો માસ એકની અંદર પ્રથમની કન્યાને ફારગતી આપી મુકત કરવી. તેમ કરવામાં કસુર કરશે અને જ્ઞાતીમાં ફરીયાદ આવશે તો જ્ઞાતી તેની તપાસ કરી કન્યાને તત્કાળ મુકત કરશે.

આવા પ્રસંગે વરવાળા તરફથી અપાએલ અવેજ ઘરેણાં કે લુગડાં ઉપર વરનો હક રહેશે નહીં પણ વેશવાળના

થયેલા ઠરાવ મુજબ બધો અવેજ દાગીના ઉપર કન્યા-વાળાનો હક રહેશે. વરવાળા પાસે કાંઈ અવેજ દાગીનો બાકી હશે તે પણ કન્યાવાળાને પાછો આપવો પડશે. આવા પ્રસંગમાં પડલા ઉપર વરવાળાનો હક હોવાથી કન્યાવાળાએ પડલાની ચોપડી તેમ રૂપીઆ ઉપાડવાની સમંતી વરવાળાની તરફેણમાં આપવી.

૧૪ કન્યાને ચડાવેલ દાગીનાની લગ્ન થતાં સુધીમાં કન્યાવાળા કોઈપણ રીતે ગેરવ્યવસ્થા કરશે અને તે બાબતની વરવાળા તરફથી જ્ઞાતીને ફરીયાદ કરવામાં આવશે તો તેને માટે જ્ઞાતી તરફથી યોગ્ય ઠરાવ કરવામાં આવશે.

૧૫ વેશવાળ કર્યા બાદ લગ્ન થવા અગાઉ દૈવયોગે કન્યાની ગેરહૈયાતી થાય તો વરવાળાએ કન્યાને ચડાવેલું ઘરેણું કન્યાવાળાએ વરવાળાને પાછું આપવું અને દૈવયોગે વરની ગેરહૈયાતી થાય તો વરવાળા તરફથી કન્યાવાળાને મળેલો અવેજ દાગીનો વીગેરે કન્યાવાળાએ વરવાળાને પાછો સોંપી આપી વરવાળા તરફથી ફારગતી લીધા પછીજ તે કન્યાનું બીજે લગ્ન થઈ શકે. જ્ઞાતી રીવાજ મુજબ નાકની ચુંક તથા હાથની ચુડીઓ વરવાળાને કન્યાવાળાએ પાછી આપ-વાની નથી. આ ધારાની વીરૂદ્ધ વર્તન કર્યા બાબતની જ્ઞાતીમાં ફરીયાદ આવશે તો તેને માટે જ્ઞાતી તરફથી યોગ્ય ઠરાવ કરવામાં આવશે.

૧૬ વેવીશાળ પ્રકરણની કલમ પહેલીમાં જણાવ્યા મુજબના વેવી-શાળ થાય એ જ્ઞાતીનો ધારો છે છતાં તેથી વિરૂદ્ધ મનસ્વીપણે વરકન્યાવાળા ગમે તે રીતનું વેવીશાળ કરશે તો તે બાબ-તમાં વરકન્યાવાળામાંથી કોઈ પણ સંજોગોમાં કોઈની ફરીયાદ જ્ઞાતીમાં આવશે તો તેવી ફરીયાદ જ્ઞાતી સાંભળશે નહી.

૧૭ કલમ પહેલાંની પેટા કલમ (ખ) મુજબના વેવીશાળમાં

વરવાળા તરફથી વર કન્યાને નામે મુકાએલું પડલું લગ્ન થયા પછી દશ વરસો વિત્યા બાદ બંનેની સંમતીથી ઉપાડી શકાશે અને એકબીજાની રજા કજા એ જે હૈયાત હોય તેનો તે પડલાની રકમ ઉપર હક છે.

વેવીશાળ થયા પછી લગ્ન થતાં સુધીની વચમાં વર કે કન્યા બેઉમાંથી ગમે તેની ગેરહૈયાતી થાય તો પડલા ઉપર વરવાળાનો હક છે.

૧૮ કન્યા જે ગામમાંથી વરની હૈયાતી ન હોવાથી પાછી ફરી હોય તે કન્યાનું વેશવાળ તેજ ગામમાં કરી શકાશે નહીં ઉપરના ઠરાવની વિરૂધ્ધ કોઈપણ વર્તન કરશે તો કન્યાવાળા અને વેવીશાળ કરનાર વરવાળા, એ બેઉ પક્ષો માટે જ્ઞાતી સખ્ત પગલાં લેસે. ઉપલા ઠરાવ વિરૂધ્ધ વેવીશાળ કર્યા બાબત જ્ઞાતીને ખબર મળ્યાથી એવું વેવીશાળ તરતમાં મહાજન તોડાવી શકશે છતાં કોઈ તાત્કાળીક એવાં લગ્ન ચોરી છુપીથી ગમે તે રીતે કરી લેશે તો વરવાળા અને કન્યાવાળાને માટે જ્ઞાતી સખ્ત પગલાં લેસે.

૧૯ કોઈ પણ જ્ઞાતીભાઈ વીધુર હોય તેને ૪૦) વર્ષ સુધા પરણવાની રજા છે, પણ જો તેને પુત્ર સંતતી ન હોય તો તેને ૪૫) પીસતાળીસ વર્ષ સુધી પરણવાની રજા છે. તેમજ ઉપર દર્શાવેલી ઉમર કરતાં વધારે ઉમરના વરને કોઈએ કન્યા આપવી નહીં. તેમ છતા આ ચોરાનો કોઈ વીધુર જ્ઞાતીભાઈ ઉપર દર્શાવેલી ઉમર પછી અહીં અગર બીજા ચોરામાં લગ્ન કરશે અથવા કોઈ જ્ઞાતીભાઈ પોતાની કન્યાનું ઉપર દર્શાવેલી ઉમર કરતાં વધારે ઉમરવાળા વર સાથે વેવીશાળ કરશે તો જ્ઞાતીને યોગ્ય લાગે તેવાં પગલાં લેશે.

ઠ–૨૦ પરણેતર વખતે કન્યાને ઓછામાં ઓછુ તેરમું વરસ હોવું જોઈએ વેશવાળ કરતી વખતે કન્યાની ઉમર કરતાં વરની

ઉમર પાંચ વરસથી વધારે મોટી હોવી જોઈએ.

૬-૨૧ એક ગામની વેવીશાળ થયેલી કન્યાનું લગ્ન બીજા ગામમાં અથવા બીજા ચોરામાં અન્ય વરની સાથે થાય અથવા કરવામાં આવે તો જે ગામમાં તેવી સવેલી કન્યાનું લગ્ન થાય તે ગામની અથવા તેના તપ્પાના ગામની જ્ઞાતે અથવા જ્ઞાતીના ચોરાના માહાજન તરફથી સવેલી પરણનાર વર અને કન્યા વાળાને પંક્તિબહાર મુકવા, અને તેવા કાર્યની કપોળ ભાઈઓથી વસાએલા દરેક ચોરા તથા ગામો તથા શેહેરોમાં ખબર આપવી.

ઉપર મુજબની ખબર મળ્યા બાદ દરેક ચોરા તથા ગામો અને શેહેરોમાં વસતી કપોળ જ્ઞાતીએ સવેલી પરણનાર તથા પરણાવનાર સાથે કોઇ પણ પ્રકારનો જ્ઞાતી વહેવાર રાખવો નહી.

ઉપર મુજબ સવેલા પરણેતરના કામમાં મદદ કરનારાઓ પણ જ્ઞાતીની સખ્ત શીક્ષાને પાત્ર થશે.

આવી રીતે પંકિતબહાર થયેલ વર અને કન્યાવાળા જો પંકિતમાં આવવા ઈચ્છા ધરાવતા હોય અને અરજી કરે તો મુળ વરને પરણાવી દેવાનો તમામ ખર્ચ આપી તેને પરણાવી દે, તો તેને જ્ઞાતિ યોગ્ય શીક્ષા કરીને પંકિતમાં લઇ શકશે.

આ કામમાં સામેલ રહેલા બીજાઓ જો જ્ઞાતીમાં આવવા અરજી કરશે તો તેમને પણ જ્ઞાતી યોગ્ય શીક્ષા કરી પંકિતમાં લઈ શકશે.

સવેલી પરણાવનાર ગોર પાસે તેના યજમાન યાતો કોઈ પણ કપોળે ધર્મક્રીયા કરાવવી નહી પણ આ ગોરે અરજી કરવાથી તેને માટે મહાજન ઘટતું કરશે.

પ્રકરણ ૨ જુ.

લગ્ન પ્રસંગના ઠરાવો.

૧ લગ્ન પત્રીકા લઇને કન્યાવાળા તરફથી જે બ્રાહ્મણુ લગનીયો આવે તેને વરવાળાએ રૂ. ૧) એક રૂપીઓ શીખનો આપવો. બહારગામથી લગ્ન પત્રિકા લઈને બ્રાહ્મણુ આવે તેને જમાડીને રૂ. ૨) બે રૂપીઆ શીખના આપવા. બીજી રીતે લગ્ન પત્રિકા આવે ત્યારે કાંઈ પણુ આપવાનું નથી. લગ્ન કેવી રીતે મોકલવા તે કન્યાવાળાની મરજી ઉપર છે.

૨ લાડી કોઢો (લાડકા લાડુ) માં કન્યાવાળાએ વરવાળાને મીઠાઈ શેર ૧। સવા મોકલવી અને વરવાળાએ મીઠાઈ શેર ૨॥ અઢીશેર કન્યાને મોકલવી. રોકડ રકમ આપવાની નથી.

૩ કન્યાવાળા તરફથી વરને જુહાર કરવા જાય ત્યારે રૂ. ૧) એક રોકડો તથા શ્રીફળ ૧) એક અને સોપારી નંગ ૫)પાંચ આપવાં અને વરવાળાએ તેમાં રૂ. ૧) એક તથા શ્રીફળ ૧) ઉમેરીને કન્યા વાળાને રૂ. ૨) બે રોકડા તથા શ્રીફળ ૨) અને સોપારી ૫ એ રીતે આપવું.

૪ જાન પરગામથી રેલ્વે રસ્તે આવે ત્યારે સ્ટેશનથી ગામને પાદર પહોંચવાનો ખર્ચ વરવાળાને શીર છે અને પછી સામૈયાનો ખરચ કન્યાવાળાએ આપવાનો છે. જાન પાછી વિદાય થતી વખતે માંડવેથી સ્ટેશન સુધીનો ભાડાનો ખરચ પણુ વરવાળાને શીર છે.

કન્યાના અને વરવાળાના ગામની વચ્ચે રેલ્વેની સવડ ન હોય અને તેથી કરીને જાન ગાડા રસ્તે આવે ત્યારે દરેક ગાડાવાળાને એક ટંક ખાવાનું તથા દરેક ગાડા દીઠ ખડખાણુ બદલનો રૂ. ൦॥ આઠ આના કન્યાવાળાએ આપવા અને વિદાય થતી વખતે જેટલાં ગાડાં જાન લઈને આવતી વખતે આવ્યાં હોય તેટલીજ સંખ્યાના ગાડાં કન્યાવાળાએ આપવાનાં છે, પરંતુ કન્યાવાળો જો વરવાળાનાં

ગાડાંને રોકે તો ઉપર જણાવ્યા મુજબ દરેક ગાડાવાળાને બે ટંક ખાવાનું તથા ખડખાણુના રોજના રૂ. ૦ાા આઠ આના લેખે કન્યાવાળાએ જાન વિદાય થતાંસુધી આપવું. તે પ્રસંગે ગાડાનો આવવા જવાનો બંને વખતનો ભાડાનો ખર્ચ વરવાળા ઉપર રહેશે. વિદાય થતી વખતે કન્યાવાળા જાન મુકવા ગાડાં મોકલે તેવે પ્રસંગે વરવાળાએ દર ગાડાં દીઠ આઠ આના ઘાસખાણુના, તથા ગાડાવાળાને એક ટંક ખાવાનું આપવું. કદાચ કોઈ જાનમાં વરવાળા એક યા બે ઘોડા લાવે તો તેને ખડજોગાણુના રૂ. ૦ા ચાર આના હંમેશાં કન્યાવાળાએ આપવા

૫ ખેપટમાં છાયલ આપવાનો જે રીવાજ ચાલુ છે તે રીવાજ ચાલુ રાખવો.

૬ કલવા વખતે ગાગર બેડીયામાં રૂ. ૧) એક રૂપીઓ કન્યાવાળાએ નાખવો અને વરવાળાએ તેમાં રૂ. ૧) એક ઉમેરીને રૂ. ૨) બે રૂપીઆ ગાગર બેડીયામાં નાંખવા. બાકી કલવા પ્રસંગે જે રીવાજ પ્રચલીત છે તે કાયમ રાખવો.

કલવા નીમિત્તે સાકર ખારેક કે સોપારી કોઈએ વહેંચવું કે વહેચાવવું નહીં.

૭ સામૈયું, કલવો અને ગૌરવ એ ત્રણે પ્રસંગમાં વાજાં, ઢોલ વીગેરે વગડાવવાનો ખર્ચ કન્યાવાળાએ આપવાનો છે. વરણું વરઘોડો તથા કન્યાને વળાવતી વખત, એ ત્રણ પ્રસંગનો ઢોલ વાજાનો ખરચ વરવાળાએ આપવાનો છે.

૮ લગ્ન પ્રસંગે વર અથવા કન્યાવાળા જે કોઈ બેન્ડ વગડાવશે તેનું ખરચ, અથવા બેન્ડ બહારગામથી આવે તો તેનું ભોજન ખરચ પણ લાવનારને શીર રહેશે. બહારથી બતી લાવે કે દારૂખાનું લાવે તેનું ખરચ પણ લાવનારના ઉપર છે.

૯ વરણું રૂા. ૧૪૧) એકસો એકતાલીસ રૂપીઆ સુધીનું કરવું તેની વીગત નીચે મુજબ.

વરણાની છાબમાં મુકવાના લુગડાં.

૧ અમર અથવા સાડી નંગ ૧

૧ શેલુ નંગ ૧

૧ સાડી નંગ ૧ લેસવાળી (ચીરને બદલે)

૧ કસુંબો લેસવાળો નંગ ૧

૨ પોલકાં નંગ ૨

ટીપઃ-ચણીયાનો બાબ કાઢી નાખવામાં આવે છે તેને બદલે દાગીનો હેમ કે રોકડ કાંઈ લેવાનું નથી.

છાબમાં વીશેષ નીચે પ્રમાણે મુકવું.

રૂ. ૧) રોકડો, શ્રીફળ નંગ ૨, સોપારી ૫, જરમનસીલવરની, પેટી ૧, હીંગળોકીયું ૧, કાચ ૧, નાડાછડી, કંકુનો પડો ૧, સવાપાશેરનો તથા ખાંડનો પડો ૧ સવાપાશેરનો તેમાં ચાર આના નાખીને (જે કલવામાં આવે છે તે, વરણામાં પાછાં મુકવાં.) લીલા સુકા મેવાને બદલે સાકર શેર પા સવાપાંચ મુકવી.

વરણાની છાબ વધાવતી વખતે જ્ઞાતીના બેથી ચાર ત્રાહીત અગ્રેસરોને વરણું બતાવવું એ વરણું મહાજનના ધારાધોરણ મુજબનુંજ છે એમ તેઓએ ખાત્રી આપ્યા પછીજ વરણું વધાવી શકાય. વરણું વધારે કીંમતનું છે એમ અગ્રેસરોને ખાત્રી થશે તો ધોરણ પ્રમાણે વરણું લેવા મહાજન ફરજ પાડશે અને તે મુજબનું વરણુ લઈ શકશે.

૧૦—ચુંદડી ઓઢવા ચડવાનો રીવાજ ઘણા વખતથી બધ છે તે બરાબર છે. હાલમાં વરણા વખતે ચુંદડી ઓઢાડવામાં આવે છે તે વખતે કન્યાવાળાને રૂ. ૧) એક રૂપીઓ આપી વરણામાંથી ચુંદડી બદલનો કસુંબો પાછો લઈ તે કન્યાને ઓઢાડવો અને કન્યાના હાથમાં રૂ. ૧) એક રૂપીઓ મુહુરત વંતો આપવો.

૧૧—લગ્ન પ્રસંગે જાનને કન્યાવાળાએ ત્રણ ટંક રાખવાની છે. તેમાં લગ્નને દીવસે સાંજે મીષ્ટાન્ન બીજે દીવસે બપોરે દાળ ભાત, અને

સાંજે હુરખ જમણ આપવાનું છે. અને વાર વાંકડાને અંગે ઉત્તર કરવાને તે દીવસે હરકત હોય તો કન્યાવાળા વળતે દીવસે કરી શકે. જાન બહારગામથી લાવનાર જે ગામમાં જાન લાવે તે ગામના પોતાના સગાં વ્હાલાઓને જાનૈયા તરીકે કહે છે તે સગાંવ્હાલાંઓ સહીત ગણી કુલ નાનાં મોટાં ૫૦ પચાસ માણસ સુધી જાનમાં લાવી શકે તેમજ ગામની જાનમાં પણ પચાસ માણસથી વધારે લાવી શકે નહીં જાનમાં ફકત ભાણે ખપતા માણસો લાવવા.

૧૨—વરઘોડો આવે ત્યારે તંબોળ છટામણનો કન્યાવાળાને વરવાળાએ રૂ. ૧) એક રૂપીઓ આપવો.

કન્યાદાન વખત શ્રી ગણપતી પુજન વિગેરે શાસ્ત્રોકત ક્રિયા કરાવવામાં દક્ષિણાના ચાર પૈસા તથા સોપારી ૫, અને મધુપર્કમાં રૂ. ૦। ચાર આના આપવા. વર તથા કન્યાએ ગૌદાનમાં દરેકે રૂ. ૦।ને સવાપાંચ આના અને લગ્ન વખતે પરચુરણ પુજામાં રૂ. ૦॥ આઠ આના, પરણેતરની ક્રિયા કરાવનાર આચાર્યને રૂ. ૧) એક રૂપીઓ, કંડોળીયાની નાતની કુશળ દક્ષિણામાં કન્યાવાળાએ રૂ. ૦। ચાર આના તથા વરવાળાએ રૂ. ૦॥ આઠ આના મળીને રૂ. ૦॥। બાર આના દક્ષિણાના આપવા. જો કુળગોર હાજર ન હોય તો તેની દક્ષિણા કંડોળીયાની નાતને આપવાની નથી.

આશ્રાગતના બધા મળીને રૂ. ૨) બે રૂપીઆ સુધી વધારેમાં વધારે કન્યાવાળા વરવાળા પાસેથી અપાવી શકે.

ઉપર લખ્યા મુજબની દક્ષિણા ઉપરાંત કોઈએ આપવું અપાવવું કે લેવું દેવું નહીં.

માયરા વખતે રેચંબો, ગોરધોતીયું તથા માતૃકાસ્થાપનના મળીને રૂ. ૩॥।ન અંકે ત્રણ રૂપીઆને તેર આના નહીં આપતાં

દાપા ચીઠ્ઠી કરવામાં આવે તે ·ચીઠ્ઠીમાંજ ઉપલી બાબતનો સમાસ થાય છે તેમ જાણવું.

માયરા પછી કન્યાવાળાને ત્યાં વરઘોડીયાને ગણેશ ગોત્રીજની પુજા કરાવવામાં (એકી બેકી રમાડવામાં) આવે છે તે પુજા વખતે વરવાળાએ વરના હાથમાં એક આનો અને કન્યાના હાથમાં એક આનો એ રીતે બે આના ગોરને દક્ષિણાના માટે આપવા, સોપારી કે ખારેખ આપવાનું બંધ કરવામાં આવે છે.

૧૩ માંડવો નાખતી વખતે કંડોળીયાને ગણેશ ગોત્રીજની પુજામાં તથા માણેક સ્થંભની પુજામાં તથા માંડવાની દક્ષિણામાં બધા મળીને રૂા. ૦ાા આઠ આના દક્ષિણાના આપવા. કુલગોરને ૦ા ચાર આના દક્ષિણાના આપવા.

૧૪ ચોરી વખતે ચોરીની છુટક દક્ષિણાના નાત ગોરને ૦ાાᳲ ચઉદ આના તથા ન્યાર ખોદવાનો રૂા. ૦ા ચાર આના અને કુળગોરને રૂા. ૧) એક એ રીતે રૂા. ૨)ᳲ બે રૂપીઆ બે આના વર વાળાએ આપવા, વરવાળાએ કન્યાના ભાઈને ચોરી વખતે અંગુઠો થોભાણનો રૂા. ૧) એક આપવો.

ઉપર લખ્યા ઉપરાંત સોપારી ખારેક કે કુશળ દક્ષિણા વિગેરે કાંઈ આપવાનું નથી.

૧૫ મોજડી સંતાડવા બદલનો રૂ. ૦ાા આઠ આના તથા સોપારી શે. ૧, એલચી રૂા. અઢીભાર, તજ નવટાંક, લવીંગ નવટાંક વરવાળાએ કન્યાવાળાને આપવાં.

૧૬ કન્યા માથુ ગુંથાવા આવે ત્યારે તેના હાથમાં બે રૂપીઆ રોકડા આપવા અને સુખડી શે. ૧ા સવા આપવી અને કન્યાને તેડવા આવેતેને વરવાળાએ સાકરના પડા આપવા તે પડા શે. ૦)ᳲ નવટાંકના, મોટાને નંગ ૨, તથા નાનાને નંગ ૧, એ મુજબ આપવા.

ટીપ–માથું ગુંથાવાના હેમ ગ. ૦ાા અરધાનો સમાવેશ ઉતર વખતે આપવાના હેમ ગ ાાા માં થઈ જાય છે.

૧૭ ગૌરવ વખતે કન્યાવાળાએ રૂ. ૨ બે રોકડા તથા ચોખા માણુ અઢી તથા શ્રીફળ નંગ ૨ લઈ જવા તેમાં વરવાળાએ રૂ. ૨ રોકડા તથા ચોખાનો રૂા. ૦ાા એ રીતે રૂ. ૨ાા અઢી તથા શ્રીફળ ૨ ઉમેરીને કન્યાવાળાને કુલ રૂ. ૪ાા સાડાચાર આપવા ગોરવ વખતે સોપારી વહેંચવાનો રીવાજ બંધ કરવામાં આવે છે.

૧૮ હરખ જમણુ વખતે કન્યાને ભાણે બેસારવામાં આવે છે તે વખત કન્યાના ભાણામાં રૂા. એક રોકડો તથા હેમની વીંટી ૧ ગદી ૧ાા અંકે ગદી દોઢની તથા સોપારી શે. ૧ા સવા વરવાળાએ મુકવાં. અને કન્યાવાળાએ વર બેન ચુડીના રૂા. ૨) બે આપવા. કન્યાની સાસુ વીગેરે કન્યાને પોતાની પાસે ભાણે બેસારી રોકડ વીગેરે આપે છે તે તદન બંધ કરવામાં આવે છે.

૧૯ વરવાળા કન્યાવાળાને માંડવે વરોઠી કરે તે નીચે જણાવ્યા મુજબ વરોઠી કરવાની છે.

૧ વરોઠી કરનારે સાદી વરોઠીમાં એક નાત અને લાણુવાળી વરોઠીમાં બે નાત કરવી અને માંડવાવાળાના કુટુમ્બને નાતના દીવસે બપોરે વરોઠીવાળાએ જમાડવા.

૨ માંડવાવાળાને ત્યાં વરવાળાએ તેના બહારગામનાં સગાં સંબંધીને લાણુા આપવા માટે જો લાણુવાળી વરોઠી કરે તો લાણુા ૨૫) પચીશ તથા નેગીઓ વગેરેના આપવા માટેનાં લાણુા ૧૦) દશ મળી કુલ લાણુા ૩૫) પાત્રીશ આપવા એથી વધારે વરવાળાએ આપવા નહીં અને કન્યાવાળાએ વધારે લાણુા લેવા નહીં. કન્યાવાળાને પોતાનાં સગાં સંબંધી અને નેગીઓમાં ઓછાં લાણાં આપવા જેવું હોય અને કન્યા-વાળા વરવાળા પાસેથી ઉપર જણાવેલા લાણુા કરતાં ઓછા લાણુા લે તો તે વધારે પ્રશંસા યોગ્ય છે.

૩ માંડવાવાળાને ત્યાં વરવાળાએ ન્યાતની વરોઠીમાં જે પકવાન કરેલ હોય તે મણુ ૨ાા અઢી અને મોળું મણુ

ાા પોણો મળી કુલ મણ ૩ા સવાત્રણ મણ ભાર આપવો. સાદી કે લાણુવાળી બંને જાતની વરોઠી નીમીતનો ભાર ફક્ત એકજવાર મણ ૩ા સવા ત્રણ આપવાનો છે.

૪ જ્ઞાતીની જે વિધવાઓ તથા અંતરાઈવાળી બાઇઓ જે જ્ઞાતીમાં જમવા ન આવતી હોય તેને વરવાળાએ વરોઠીની નાત વખતે એક એક પીરસણુ આપવું. જો વરોઠીની નાત બે દીવસ થવાની હોય તો બંને દિવસે પીરસણા આપવાં.

ટીપ—પીરસણામાં પકવાન્ન શે. ાા તથા મોળું શે. ા મળી શે. ૧) એક શેર ભાર આપવો.

૫ સાદી વરોઠીમાં કંડોળીયાને જનોઈ દીઠ સીધુ આપવું. બહારગામના કંડોળીયા આવ્યા હોય તેને સીધા બદલના રૂ. ૦)≡ ત્રણ આના રોકડા આપવા.

લાણુવાળી વરોઠીમાં કંડોળીઆને સહકુટુંબના સીધા આપવા અને બહારગામના આવેલા કંડોળીયાને સીધા બદલના રૂ. ૦ાં= આના રોકડા આપવા.

અ સાદી વરોઠીમાં નોતરા દેતી વખતે સ્થાનીક લાણુ દીઠ છ પાઈ આપવી અને લાણુવાળી વરોઠીમાં રૂ. ૦)- એક આનો આપવો. બહારગામના લાણુવાળાને આપવાનું નથી.

૬ વરોઠીમાં જ્ઞાતિ સીવાયના માણસોને જમાડવા સબંધમાં કન્યાવાળાના ગામના રીવાજ મુજબ કરવું.

૭ એક તારીખના લગ્નવાળા એકથી વધુ વરવાળા તરફથી વરોઠી થવાની હોય તેમાં વરોઠી સાથે લાણું કરનારને વરોઠી કરવાનો અગ્ર હક છે. જો એકસરખી વરોઠી એક કરતાં વધુ હોય તો ચીઠી નાંખી, ચીઠી પ્રમાણે વરોઠી કરવી. વરોંઠી કરનારે વરોઠીવાળી બીજી જાનોને સવાર સાંજ બને વખતનાં જમવાનાં નોંતરા જાનીવાસે આપવાં.

૭ ધર્માદા તથા આશ્રાગતનાં જેટલા સીધાં લેવાનો રીવાજ કન્યા વાળાના ગામનો હોય તે મુજબ વરવાળાએ આપવાનો છે.

૮ ઉતર વખતે અપાતી પેરામણી કે જેની વીગત ઉતર બાબતની કલમમાં છે તે ઉપરાંત કન્યાવાળાએ વરોઠી કરનારને સાસુ સસરાને સાડલો તથા પાઘડીના સાદી વરોઠીએ ઓછામાં ઓછા રૂ. ૫) પાંચ રૂપીઆ અને લાણુવાળી વરોઠીએ ઓછામાંઓછા રૂ. ૧૦) દશ પહેરામણીના આપવા, વધારે આપવાનું કન્યાવાળાની મરજી ઉપર છે.

૨૦ ઉતર વખતે વર કન્યાને માંડવામાં બેસારી લેવડદેવડ નીચે મુજબ કરવી.

૧ છાબમાં રૂ. ૧ રોકડો, ચુંદડી ૧, લીલો ૧, શ્રીફળ ૨, સોપારી ૫, હળદળના ગાંઠીયા ૫ અને મગ એ રીતે મુકવું.

૨ કન્યાવાળો વરવાળાને કુટુંબ પેરામણીના રૂ. ૫) પાંચથી વધારેમાં વધારે રૂ. ૧૫ પંદર સુધી આપે પણ જો વરવાળો વરોઠી કરે તો તેને કુટુંબ પહેરામણીના રૂ. ૧૫) પંદરથી વધારેમાં વધારે રૂ. ૩૦ ત્રીસ સુધી કન્યાવાળાએ આપવા.

ટીપ—વરોઠીના સાસુ સસરાની પેરામણી વરોઠીના ઉપર લખ્યા ધારા પ્રમાણે જુદી આપવાની છે.

૩ કન્યાવાળા ઉતર વખતે વરને કંદોરો, વીંટી, પીતાંબરી વગેરે પોતાની ઇચ્છા મુજબ પહેરામણી આપી શકે,

૪ કરવકરની બાબતમાં વધારેમાં વધારે રૂ. ૨॥ અઢી સુધી કન્યાવાળાએ વરવાળાને આપવા.

૫ ઉતર વખતે નીચે લખેલી બાબતના રૂપીઆ વરવાળા પાસેથી કન્યાવાળો લઇ શકશે.

રૂ. ૧) ઉબર જુહાર રૂ. ૧॥ ઢોલીનો રૂ ૫ રસોયાના
રૂ. ૫) કામારીના રૂ. ૩) આશરાગતના રૂ. ૨॥ વાળંદના
રૂ. ૧॥ ચોરીનો (કુંભારનો)

મહાજન તથા દરબારશ્રીના લાગાના કન્યાવાળાએ પોતાના ગામના ધારા મુજબ લેવાના છે.

જુહાર, ગાગર બેડીયાં, તંબોળ છંટામણુ અંગુઠો થોભામણુ અને મોજડી સંતામણુ એ પાંચ બાબતના અગાઉ તે તે બાબોની કલમોમાં જણાવ્યા મુજબના રૂ. ૪ાા સાડાચાર કરતાં કન્યાવાળાએ વધારે લીધા હોય તો તે ઉતર વખતે વરવાળાને મજરે આપવા. ગોર દાપાની ચીઠી વધારેમાં વધારે રૂ. પંદર સુધીની કરવી તેની અંદર રેચબો, ગોર ધોતીયું અને માતૃકાસ્થાપનનો સમાવેશ થાય છે. જો માંડવે વરોઠી થઇ હોય તો સાદી વરોઠીમાં ગોર ચીઠી રૂ. ૧૮) અઢાર સુધીની કરવી અને લાણુવાળી વરોઠીમાં રૂ. ૨૫) પચીશ સુધી કરવી.

ઉપર જણાવેલી બાબતો બધી વરવાળા પાસેથી લેવી યા ન લેવી તે કન્યાવાળાની મરજી ઉપર છે.

૬ મોટી જોડનાં મુહુરવંતા લુગડાં કરવાનો રીવાજ વેશવાળ પ્રકરણના ઠરાવ નં. ૮થી બંધ કરેલ છે તેને બદલે હેમ ૫) અંકે ગદી. પાંચ મુહુરતવતું વરવાળાએ કન્યાવાળાને આપવું

૭ વેશવાળ પ્રકરણના ઠરાવ ૧ ની પેટા કલમો (ક) અને (ખ) વાળા વેશવાળ વાળાએ ઉતર વખતે હેમ ગદી૦ ૭ાા સાડાસાત મુહુરતવતું વરવાળા પાસેથી કન્યાવાળાએ લેવાનુ છે. આમાં માથું ગુથામણુ ચુંદડી ઓઢાડવાનુ વીગેરે બધા બાબોનો સમાસ થાય છે. કલમ (ગ) વાળાએ આ હેમ લેવાનું નથી. તેનો સમાવેશ લગ્ન વખતે તેણે લેવાના રૂ. ૩૫૦) સાડા ત્રણુસોમાં થઇ જાય છે.

૮ થાપા થુપીના રૂા. ૦ા≈ છ આના, ઓત્રીજ પુજાના રૂ. ૦)≈ બે આના ગોરને આપવા ઉતર પાદરની દક્ષિણાનો રૂા. ૧) એક નાતગોરને આપવો. કુલગોરને આપવાની દક્ષિણાનો સમાવેશ ગોરદાપાની ચીઠીમાં થઈ જાય છે.

(૯) કન્યાને વળાવતી વખતે કન્યાના ભાઈને ગાડીમાં બેસાડવાનો રીવાજ ચાલે છે તે બંધ કરવો.

(૧૦) વરઘોડીયાં ઘરે જાય ત્યારે પોંખામણના રૂા.૦।~ પાંચ આના તથા કુશળ દક્ષિણાના રૂ. ૦)‌≡ ત્રણ આના એ રીતે રૂ. ૦।। આઠ આના વરવાળાએ કુળગોરને આપવા નાત ગોરને પણ રૂ. ૦।। આઠ આના આપવા.

ઠ.-૨૧—કોઇ પણ જ્ઞાતીભાઈને ઘરે, પરણ્યા પછી દસ વરસ સુધીમાં કાંઇ પણ સંતતી થયેલી ન હોય અને બીજી સ્ત્રી કરવા ઈચ્છા હોય તો પુરાં દશ વરસ થયા પછી આગલી પ્રથમની સ્ત્રી પોતાના ભરણ પોષણનો બંદોબસ્ત કરાવા માગે તો તેવો બંદોબસ્ત કર્યા પછીજ ફરીથી લગ્ન કરી શકે. પરંતુ પ્રથમની સ્ત્રી માટેના ભરણપોષણનો બંદોબસ્ત કર્યા સીવાય બીજી સ્ત્રી સાથે લગ્ન કરે અને તે બાબતની ફરીયાદ જ્ઞાતી પાસે આવશે તો ભરણપોષણનો બંદોબસ્ત કરવા જ્ઞાતી ફરજ પાડશે. ઉપર મુજબ દશ વર્ષ વીત્યા અગાઉ કોઈ પણ જ્ઞાતીભાઇથી એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી કરી શકાય નહીં. પરંતુ દશ વર્ષની અંદર કોઇપણ કારણસર પોતાની સ્ત્રીની સંમતીથી બીજી સ્ત્રી કરવાની ઈચ્છા હોય તો તેવા સંજોગોમાં સ્ત્રી અને પુરૂષ બન્નેએ તે બાબત જ્ઞાતીને જાહેર કરી પરવાનગી મેળવી લગ્ન કરી શકે. તેમાં જ્ઞાતી. રીવાજનો પ્રતિબંધ તેને બંધનકર્તા નથી.

પરંતુ અનિવાર્ય કારણને લઇને દશ વર્ષ પહેલાં ગમે તે વખતે સ્ત્રીની સંમતી ન હોય તો પણ જ્ઞાતીની પરવાનગી માટે અરજ કરી શકશે અને જ્ઞાતીને વ્યાજબી લાગેતે ઠરાવ કરશે.

ઠ.-૨૨—કન્યાને વર તરફથી ચડેલું ઘરેણું કે જે કન્યાને કન્યાના માવતરે પાછુ આપવાનું છે તે કન્યાને વળાવતી વખતે તમામ ઘરેણું કન્યાને પહેરાવવાનું છે. તે ઘરેણું કેવળ સ્ત્રીધન ગણાશે.

ઉપર લખ્યા મુજબનો દાગીનો જે કન્યાને વળાવતી વખતે વરવાળા તરફનો તથા કન્યાના માવતર તરફથી કન્યાદાનમાં અપાએલો કન્યાના અંગ ઉપર હોય તથા વરવાળાને સોપાએલ હોય તે સ્ત્રીધનજ ગણાશે.

ઠ. ૨૩ દીકરીને આણું વળાવવાનો રીવાજ ઘણા વરસોથી લગભગ બંધ થયો છે છતાં જે ગૃહસ્થને પોતાની દીકરીને આણું વળાવવાની ઇચ્છા હશે તેમને આણું વળાવાની છુટ છે.

ઠ-૨૪ કન્યાવાળો સીહોરના ચોરા વિભાગની હદનો રહેવાશી હોય અને તેણે પોતાની દીકરીના લગ્ન આ વિભાગની બહારની હદના ગામે કરેલાં હોય ત્યારે પણ લગનના લાગા લેવાનો આ વિભાગના મહાજનને હકક છે. (એટલે કે કન્યાનો બાપ જે ગામમાં લાણું લેતો હોય તે તપાના મુખ્ય ગામના મહાજનનો હકક છે) અને જે ગામમાં લગ્ન કરેલ હશે તે ગામનું મહાજન ત્યાંના ધારા મુજબ લાગો લેશે તે પણ વરવાળાએ ઈલાયદો આપવાનો છે.

ઠ-૨૫ કન્યાદાનમાં આપેલું સ્ત્રીધન પહેરનારી સ્ત્રી ગુજરી જાય તો તે સ્ત્રીધન ઉપર વરવાળાનો હકક છે. દૈવયોગે એવું સ્ત્રી ધન સ્ત્રીના માબાપ પાસે રહ્યું હોય તો તેણે પાછું આપી દેવું અને મરનારને છોકરો હોય તો તે સ્ત્રીધનનો ભોકતા તેનો છોકરો છે અને છોકરાનો પીતા તેના ટ્રસ્ટી તરીકે રહેશે. વરવાળા તરફનો કોઈ દાગીનો સ્ત્રીના માબાપને ત્યાં રહયો હોય તો તે પણ સ્ત્રીના માબાપે વરવાળાને પાછો આપી દેવો.

પ્રકરણ ૩ જું.

સીમંત પ્રસંગના ઠરાવો.

ઠ-૧ સીમંત વખતે અગાઉના બે દીવસોએ સાંજી ગવરાવવાનો રીવાજ છે જેમાં પહેલે દીવસે સાસરીયા તરફથી અને બીજે

દીવસે પીયરીયા તરફથી સાંજી ગવરાવવામાં આવે છે તેમાં સાંજી ગાવામાં જે હાજર હોય તેને છોકરાંઓને એક પૈસો અને બૈરાંઓને બે પૈસા એ રીતે આપવા.

નજીકનાં સગાને બેવડવાનો રીવાજ બંધ કરવામાં આવે છે.

ઠ-૨ સીમંતમાં લાંબેથી પગલા ભરવાનો રીવાજ બંધ કરી તેને બદલે સીમંતવાળી બાઈને ફકત ૨૦ વીસ સુધી પગલાં ભરાવી પગલા બદલના સોપારી શે. ૨॥ અઢી શેર તથા રૂ. ૧) એક રૂપીઓ રોકડો નણંદને આપવા.

ઠ-૩ સીમંત વખતે મોસાળામાં શકિત મુજબ મોસાળું આપવાનું છે પણ રાખડી બાંધનારને રાખડીના રૂ. ૨ તથા બુસટીયાને રૂ. ૦॥ આઠ આના અને કરવકરના રૂ. ૨॥ અઢી પીયરીયાએ આપવા.

ઠ.-૪ મોસાળું વાજતે ગાજતે ભરે તો નાતગોરને રૂ. ૦॥ તથા કુળ ગોરને રૂ. ૦॥ આઠ આના જે હાજર હોય તેને મોસાળું ભરનારે આપવા.

બેઠી છાબ ભરે તેમાં ગોર તથા નાતગોરને મોસાળું ભરનારે કાંઇ આપવું નહિં. ફકત પોખામણના ૦।~ પાંચ આના કુશળ દક્ષિણાના રૂા. ૦)॥ ત્રણ આના મળી રૂ. ૦॥ આઠ આના સાસરીયાવાળાએ આપવા.

ઠ-૫ સીમંત પ્રસંગે તેમજ મકાન નવાં ચણાવી વાસ્તુ કરે તે પ્રસંગે નાતવરો કરવાનું અયોગ્ય હોવાથી બંધ કરવામાં આવે છે.

પ્રકરણ ૪ થું.

ઉત્તર કાર્ય પ્રસંગના ઠરાવો.

ઠ-૧ ત્રીસ વર્ષ કે તેની અંદરની વયના સ્ત્રી કે પુરૂષના મરણ પ્રસંગે ઉત્તર કારજ નીમીતે નાતવરો બંધ કરવામાં આવે છે.

તેમજ તેટલી ઉમરની સ્ત્રી ગુજરી જતાં તેના પીયરીઆએ ગોરણી નીમીતે પણ નાતવરો કરવો નહીં.

ઠ–૨ ઉમરે પહોંચેલાના (ત્રીસ વરસ ઉપરાંતના) મરણના ઉત્તરકાર્યમાં શકિત મુજબ નાતવરો કરવાની દરેકને છુટ છે.

દશા અને અગીઆરમાને દીવસે નાતવરો બંધ કરવામાં આવે છે.

ઠ ૩ ઉત્તરકારજ કરનાર જો લાણું કરે તોજ દીકરી દોઈતર (સાકર અગર વાસણ) કરી શકે. અને દોઇતરમાં વાસણ કરે તો તે વાસણ લાણાના વાસણ કરતાં ઓછી કીમતનું હોવું જોઇએ.

આ ઠરાવો સંવત ૧૯૮૪ ના બીજા શ્રાવણ વદી ૮ શુક્રવાર તા. ૭ મી સપ્ટેમ્બર ૧૯૨૮) શ્રી કૃષ્ણ જન્મ જયંતિના પરમ પવિત્ર દિવસથી અમલમાં ગણાશે. આ ઠરાવોથી વિરૂધ્ધ વર્તન કરનારને માટે જ્ઞાતીને યોગ્ય લાગ્યા મુજબ કરશે.

સંમેલનમાં આવેલા પ્રતિનિધીઓએ ઉપરના ધારા પસાર કરી કબુલ કર્યાબદલ કરેલી સહીઓ.

જુઓ પાનુ

શ્રીહરિ.

સંવત ૧૯૮૪ના બીજા શ્રાવણ વદી ૧ શનિવાર તા. ૧-૯-૨૮ના રોજથી શિહોર ચોરા કપોળ જ્ઞાતિ સંમેલન શિહોર મુકામે મળેલું તેમાં પસાર કરેલા આ સાથે જોડેલા ઠરાવો શ્રી શિહોર ચોરાના તમામ ગામના પ્રતિનિધીઓએ એકત્ર મળી સર્વાનુમતે પસાર કર્યા છે. તે અમો નીચે સહી કરનારા શિહોર ચોરાના ગામોના પ્રતિનિધીઓને તથા જે ગામો તરફથી અમોને પ્રતિનિધી મોકલેલ છે તે બધાને કબુલ મંજુર છે.

ગામનું નામ શિહોર.

નંબર.	પ્રતિનિધીઓની સહી.
૧	ત્રંબકલાલ ત્રિભુવનદાસ મુનિ દા. પોતે
૨	ત્રીભોવનદાસ પરમાનંદદાસની સહી દા. પોતાના
૩	મેહેતા ગીરધરલાલ વહાલજી દા. પોતે
૪	મુની દુવારકાદાસ લખમીદાસ
૫	ભુતા બકોરદાસ ગોબર
૬	ચુનીલાલ મગનલાલ દોશી
૭	દોશી નારણજી ભીમજીભાઇ
૮	પારેખ અમૃતલાલ નરોત્તમદાસ
૯	વોરા મોહનલાલ પરમાણંદદાસની સહી દા. પોતે
૧૦	મેહેતા જમનાદાસ પ્રભુદાસની સહી દા. પોતાના
૧૧	મુની વલભદાસ નથુભાઇની સહી દા. પોતાના
૧૨	મેહેતા સવાઈલાલ જમનાદાસની સહી દા. પોતાના
૧૩	મેહેતા મોહનલાલ છગનલાલની સહી દા. પોતાના
૧૪	મેહેતા રતીલાલ છગનલાલની સહી દા. પોતાના
૧૫	ભુતા ત્રીકમજી ડાઆની સહી દા. પોતાના
૧૬	મહેતા નારણુ પરમાણુંદની સહી દા પોતાના
૧૭	પારેખ જીવરાજ લક્ષ્મીચંદની સહી દા. પોતાના
૧૮	પારેખ હરજીવંન ગીરધરની સહી દા. પોતાના
૧૯	મહેતા અનંતરાય ભાઇચંદભાઇની સહી દા. પોતાના
૨૦	હીમતલાલ ત્રંબકલાલ મુની

૨૧ મહેતા ગંગાદાસ પરશોતમદાસની સહી દા. પોતે
૨૨ જુતા રામજી મોનજીની સહી દા. પોતાના
૨૩ મહેતા ભાણુજી માધવજીની સહી દ. પોતે
૨૪ શાંધવી ગીરધરલાલ લવજીની સહી દ., પોતાના
૨૫ મુની સુખલાલ ભગવાનની સહી દા. પોતાના
૨૬ મહેતા ત્રીભોવન ઠાકરશીની સહી દા. મણીલાલલ ગાંડાલાલના
૨૭ દોશી વનમાળીદાસ ગીરધરલાલની સહી દા. પોતાના
૨૮ મહેતા હીંમતલાલ મોતીલાલની સહી દા. પોતે
૨૯ મહેતા ભાઇચંદ હેમરાજની સહી દા. ચુનીલાલ ભાઇચંદ
૩૦ મુની ચુનીલાલ ભગવાનદાસની સહી દા. પોતે
૩૧ મેતા હરીલાલ નારણુની સહી દા. પોતાના
૩૨ ચીતળીયા કરશનદાસ ભાણુજી ની સહી દા. પોતે
૩૩ મુની લાલજી રામજીની સહી
૩૪ જુતા જીવરાજ લવજીની સહી. દા. પોતે
૩૫ સંધવી છગનલાલ ગોપાળજી દા. પોતે
૩૬ મહેતા છોટામલાલ પરમાણંદદાસની સહી દા. પોતાના
૩૭ પારેખ દામજી મકનદાસ વકીલ ની સહી દા. પોતાના
૩૮ મહેતા આત્મારામ નારણદાસની સહી દા. પોતે
૩૯ દોશી દોલતરાય શામજીની સહી દા. પોતે
૪૦ દોશો નાગરદાસ કલ્યાણુજીની સહી દા. પોતે
૪૧ પારેખ ભગવાન ઠાકરશીની સહી દા. પોતે
૪૨ મુની બાળકૃષ્ણુ વનમાળીદાસ દા. પોતે
૪૩ શંધવી મગનલાલ ડાયાભાઇ દા. પોતે
૪૪ શંધવી નરોત્તમદાસ જગજીવનદાસ દા. પોતે
૪૫ શંધવી નાગરદાસ મગનલાલ સહી દા. પોતે
૪૬ વોરા મગનલાલ ત્રીકમજીની સહી દા. પોતે
૪૭ મુની લક્ષ્મીદાસ ગીરધરની સહી દા. પોતે
૪૮ શંધવી ભગવાનદાસ હરજીવનનાં સહી દા. પોતાના
૪૯ જુતા પ્રાણુલાલ બકોરદાસની સહી દા. પોતાના
૫૦ પારેખ રૂગનાથદાસ ત્રીકમદાસ સહી દા. પોતાના
૫૧ મેહેતા માવજી હંસરાજ સહી

૫૨ મણીલાલ ભગવાનદાસ પારેખ
૫૩ મેહેતા જયંતીલાલ નાગરદાસ
૫૪ કોઠારી વીઠલદાસ નારણદાસ
૫૫ મુની હરકીશનદાસ ગંગાદાસ
૫૬ મહેતા છોટમલાલ વીઠલદાસની સહી
૫૭ મેહેતા પ્રાણલાલ વીઠ્ઠલદાસની સહી
૫૮ દોશી ભવાનીદાસ રૂગનાથદાસ સહી દા. પોતે
૫૯ મેતા વ્રજલાલ સુંદરજીની સહી દા. પોતે
૬૦ મુની વનમાલી ગોપાળજી
૬૧ મુની પુરૂષોત્તમદાસ લક્ષ્મીદાસ
૬૨ મેહેતા જેઠાલાલ પરશોત્તમદાસ લંગળાવાળા
૬૩ રતીલાલ ત્રીભોવનદાસ પારેખ
૬૪ મેહેતા મોહનલાલ નરોત્તમદાસ સહી દા. પોતાના
૬૫ પારેખ મથુરાદાસ ગોકળદાસની સહી દા. પોતાના
૬૬ કાણકીયા મુળજી ભગવાનદાસની સહી દા. પોતે
૬૭ મુની જગજીવનદાસ છોટાલાલ દા. પોતે
૬૮ મહેતા દામોદર હરગોવીંદની સહી દા. પોતે
૬૯ મહેતા મોહનલાલ દ્વારકાદાસની સહી દા. પોતે
૭૦ દોશી હરગોવીંદ પરમાણંદદાસની સહી દા. પોતાના
૭૧ મેતા અમૃતલાલ હરજીવનદાસ
૭૨ પારેખ અમૃતલાલ રણછોડદાસની સહી દા. પોતે
૭૩ ચીતળીયા હરજીવંન જેઠા
૭૪ મહેતા દોલતરાય છગનલાલની સહી દા. પોતે
૭૫ મહેતા પોપટલાલ ગોવીંદજીની સહી દા. પોતે
૭૬ મહેતા ભગવાનજી વેલજીની સહી દા. પોતાના
૭૭ દોશી દોલતરાય ભગવાનદાસની સહી દા. મણીલાલ
૭૮ દોશી મણીલાલ ભગવાનદાસની સહી દા. પોતે
૭૯ મહેતા નંદલાલ દુવારકાદાસ સહી દા. પોતાના

ગાં કરકેજ.

૧ મોદી ગીરધરલાલ ગોપાળજી
૨ મોદી લવજી મેઘજી

૩ મોદી લખમીદાસ ભગવાન દા. મોહન
૪ મોદી વાલજી ગોવીંદજી દા. મોહન
૫ મોદી હરગોવીંદ ગાંડાલાલ

શ્રી નેસડા.

૧ મેતા હરજીવનદાસ ધનજી
૨ મેહેતા જમનાદાસ બહેચરદાસ

શ્રી ભાવનગર

૧ શેઠ રામજી નરોત્તમદાસ
૨ મેતા વૃજલાલ જગજીવન સહી દા. પોતાના
૩ હરીલાલ દામોદરદાસની સહી
૪ મહેતા ચુનીલાલ મગનલાલ
૫ શેઠ વસંતરાય હરગોવીંદદાસ
૬ મુની વૃજલાલ હરગોવીંદદાસ
૭ મેતા ચકુ ભીમજીની સહી દા. પોતે
૮ મેતા દુલભજી વીઠ્ઠલની સહી દા. પોતે
૯ દોશી બાળકૃષ્ણ મુળચંદની સહી દા. પોતે
૧૦ દોશી જમનાદાસ મુળચંદની સહી દા. પોતે
૧૧ મેતા રતીલાલ ગીરધરની સહી દા. પોતાના
૧૨ મેતા બાળકીશન ખુશાલદાસ દા. પોતાના
૧૩ શંઘવી મનસુખલાલ કાનજી
૧૪ મોદી વીરજી મોતીલાલનાં સહી દા. પોતે
૧૫ કોઠારી કેશવલાલ રણછોડદાસની સહી દા. પોતે
૧૬ કોઠારી બાળકૃષ્ણ ગાંડાની સહી દા. કેશવલાલ
૧૭ શા. પીતાંબરદાસ જાદવજીની સહી દા. પોતાના
૧૮ મહેતા છગનલાલ ભવાનની સહી દા. પોતાના
૧૯ શેઠ જીવરાજ ડોસાભાઇની સહી દા. પોતાના
૨૦ છોટાલાલ હરગોવીંદદાસ મુની દા. પોતે
૨૧ મહેતા દુલભદાસ માંનવજીની સહી દા. વસંતરાય દુલભદાસ
૨૨ કોઠારી દુલભદાસ ચત્રભુજ

શ્રી ઉમરાળા.

૧ ભુતા પરમાનંદ ગાંડાની સહી દા. પોતે
૨ વળીયા ગીરધર બેચરની સહી દા. પોતે

શ્રી લંગાળા.

૧ મોદી પરશોત્તમ આણંદજીની સહી દા. પોતાના
૨ મહેતા રાઘવજી ગોવીંદજીની સહી દા. પોતાના
૩ મુની કરશનદાસ માવજીની સહી દા. પોતાના
૪ મહેતા મોનજી દામજીની સહી તે તેની વતી વળીઆ પરમાનંદદાસ આણંદજી બજુડવાળા તેના કહેવાથી કરી આપી છે દા. પોતે

શ્રી ભોજાવદર.

૧ ગાંધી દામોદર આણંદજી સહી દા. પોતાના.
૩ બુટાણી જીવન માધવજીની સહી દા. પોતાના

શ્રી હળીયાદ.

૧ મેહેતા ભવાનીદાસ હીરજીભાઇની સહી દા. પોતે

શ્રી ખોપાળા.

૧ દેશાઇ રણછોડ કેશવજીની સહી દા. પોતે
૨ દેશાઇ દુલભ ગોપાળજીની સહી દા. પોતે

શ્રી માંડવા.

૧ શંઘવી ચત્રભુજ મુળજી સહી દા. પોતે
૨ મહેતા કરશનદાસ મનજીની સહી દા. પોતે

શ્રી ઝાંઝમેર.

૧ મહેતા આણંદજી રાઘવજીની સહી દા. ચત્રભુજ આણંદજી

શ્રી બજુડ.

૧ વળીઆ પરમાનંદદાસ આણંદજી સહી દા. પોતે

શ્રી ઈશ્વરીયા.

૧ મહેતા વીઠલદાસ રામજીની સહી દા. પોતે

શ્રી પાલીતાણા.

૧ પારેખ પરશોત્તમ ત્રીકમજી સહી દા. પોતે
૨ મહેતા પાનાચંદ કલ્યાણની સહી દા. પોતે
૩ મહેતા વીઠલદાસ કેશવજીની સહી દા. પોતે
૪ હકાણીરૂગનાથ ત્રીભોવનની સહી દા. પોતે

શ્રી રોહીશાળા.

૧ પારેખ છગનલાલ દીઆળની સહી દા. પોતાના

શ્રી બરવાળા.

૧ ભુતા નંદલાલ મોતીલાલ સહી દા. પોતે
૨ પારી પરશોતમ જસરાજ સહી દા. પોતે

શ્રી કમરાળા.

૧ દેશાઇ નાગરદાસ મુળજીની સહી દા. પોતે
૨ મહેતા મણીલાલ નરસીદાસની સહી દા. પોતાના
૩ મહેતા લવજી ધરમશીની સહી દા. પોતાના
૪ મહેતા જીવરાજ વલભની સહી

શ્રી સમઢીઆળા (બોટાદ પાસે)

૧ મેતા ધનજી રવજીની સહી દા. પોતાના

શ્રી ખાખરીયા.

૧ નાયાણી વનમાળીદાસ ભગવાન સહી દા. પોતે

શ્રી કુંભણ.

૧ મેતા ત્રીકમદાસ ભગવાનની સહી દા. પોતાના

શ્રી ભુભલી.

૧ ભુતા વનમાળીદાસ આણંદજીની સહી દા. પોતે

શ્રી તલાજા.

૧ મેતા ફુલચંદ હીરજીની સહી દા. પોતાના
૨ મેતા ચતરભુજ હીરજી સહી દા. પોતે

૩ મુની મણીલાલ છગનલાલની સહી દા. પોતે

શ્રી સથરા.

૧ જીવણદાસ પ્રભુદાસ
૨ દેવીદાસ પ્રભુદાસ

શ્રી ત્રાપજ.

૧ મેતા જમનાદાસ લખમીદાસ દા. પોતે

શ્રી તણુશા.

૧ ભાઇ હરજીવનદાસ રઘનાથની સહી દા. પોતે

શ્રી ભાળવાવ.

૧ મેતા પરમાણુંદદાસ રણછોડની સહી દા. પોતે

શ્રી પીપરડી.

૧ દેશાઈ પરશોત્તમ હરજીવન સહી દા. પોતાના

શ્રી ધામેલ.

૧ મેતા પરશોતમ લખમીદાસની સહી દા. પોતે
૨ મેતા રગનાથ રામજીની સહી દા. પોતે

શ્રી રસનાળ.

૧ મેતા મોનજી જેઠાની સહી દા. પોતાના

શ્રી જલાલપર.

૧ ચીતળીયા અમૃતલાલ પીતામ્બરની સહી દા. પોતે

શ્રી લીંબડા હનુભાઇના.

૧ મુની મગનલાલ ઓધવજીની સહી દા. પોતે

શ્રી ચોગઠ.

૧ દેશાઇ રગનાથ ઝવેરની સહી દા. પોતે
૨ દેશાઇ જેઠાલાલ ખુશાલની સહી દા. પોતાના
૩ દેશાઈ ભીખાભાઈ નથુની સહી દા. જમનાદાસ ભીખા

શ્રી સીહોર ચોરાના તપાની વિગત.

સીહોર તપાનાં ગામ. ૫)

સીહોર	ધાંધળી
કુંભણ	આખરીયા
સોનગઢ	

શ્રી ભાવનગર તપાનાં ગામ. ૪)

ભાવનગર	ભુંભલી
અવાણીયા	ઘોઘા.

શ્રી પાલીતાણા તપો ગામ. ૨)

પાલીતાણા	રોહીશાળા

લંગાલા તપો ગામ. ૧૦)

લંગાળા	માંડવા
ભોજાવદર	હડમતાળા
હળીયાદ	ખોપાળા
ટીંબી	ઝાંઝમેર
ઇશ્વરીયા	બજુડ

શ્રી કરદેજ તપો ગામ. ૩)

કરદેજ	નેસડા
ભોજપરા	

શ્રી બરવાળા તપો ગામ. ૪.

બરવાળા	સમઢીઆળા
ઝમરાળા	લુણધરા

શ્રી તળાજા તપો–તેમાં શ્રી તળાજા ૧)

શ્રી સથરા તપો ગામ. ૬)

સથરા	ત્રાપજ
પીપરલા	બપાડા
તણુસા	મણાર

આ છ ગામ માટે જીવાભાઈ પ્રભુદાસની કબુલત આવી ગઇ છે.

શ્રી રસનાળ તપો ગામ. ૩)

રસનાળ લીંબડા હનુભાઇના જલાલપર

શ્રી ભાળવાવ તપો ગામ. ૭)

ભાળવાવ	ધામેલ
સમઢીઆળા	નોધણવદર
પીપરડી	ગારીયાધાર
વેળાવદર	

શ્રી ઉમરાળા તપો–ઉમરાળા ગામ.૧

શ્રી ચોગઠ તપો–ચોગઠ ગામ. ૧)

કુલ તપા ૧૨ ગામ ૪૭

કુલ ગામ (૭) માં કપોળની વસ્તી છે.

શ્રી સોનગઢ, અવાણીયા, લુણધરા, બપાડા અને વેળાવદર એ પાંચ ગામની વસ્તી પત્રક આવેલ નથી. શ્રી સોનગઢવાળાનું લાણું શીહોરમાં હોવાથી તેનું નામ શીહોરના વસ્તી પત્રકમાં છે.

શ્રી શિહોર ચોરાનાં કપોળ સંમેલનના સ્વાગત મંડળના પ્રમુખ મહેતા ત્રીભોવનદાસ પરમાણંદદાસનું

ભાષણ.

માનવંતા સુજ્ઞ મહાશય બંધુઓ;

આપ સર્વ ભાઇઓએ અમારા આમંત્રણને માન આપી **અહીં** પધારવાને જે શ્રમ લીધો છે તે માટે અહીંની જ્ઞાતિ તરફથી પ્રથમ આપનો ઉપકાર માનું છું, અને આપને અંતઃકરણ પૂર્વક આવકાર આપી મારૂં વિવેચન શરૂ કરૂં છું.

મારા મુરબ્બી શ્રી **મહેતા સામજી ભીમજી**ના કુટુંબ પ્રત્યે આંહિના જ્ઞાતિ બંધુઓનો અથાગ પ્રેમ હોઈ મને આ સ્થાન આપ્યું છે નહીંતર આ સ્થાનને શોભાવનાર મારા કરતાં આપણી જ્ઞાતિમાં વિદ્વાનો, વયોવૃધ્ધો, કાર્યદક્ષો અને જ્ઞાતિ પ્રેમીઓ ઘણા છે. આવા મહાન કાર્યો તેવા કોઈ બંધુની આગેવાની નીચે બને તો અલબત તે વધારે શોભાવી શકત, છતા જ્યારે આ કાર્યનો ભાર માથે આવી પડે છે, તો આપ સર્વ બંધુઓની શુભેચ્છાઓ, ઉત્સાહ, અને ખંતથી નિરવિઘ્ને પાર પાડવા પરમ દયાળુ પરમાત્મા કૃપા કરશે એમ હું અંતઃકરણથી ઇચ્છું છું, અને આ સ્થાન મને આપવા માટે આ તકે આંહિના ભાઇઓનો ઉપકાર માનું છું.

સ્થાન મહત્તા—

આપ મહાશયો આજે સિહોર ઉર્ફે સિંહપુરમાં પધાર્યા છો તે સ્થળ પરાપુર્વથી પુરાણું, ઐતિહાસીક અને જાણીતુ છે. તે સંબંધી વધારે વિવેચન કરી આપનો સમય રોકવો મને યોગ્ય લાગતું નથી પણ એટલું કહયા વિના ચાલતું નથી કે જ્યારથી આ સ્થળ બંધાયું છે ત્યારથી આપણી કપોળ કોમનો વસવાટ આંહિ હોવો જોઈએ એમ જુના ઈતિહાસો, દંતકથાઓ અને

વૃદ્ધાની વાતો ઉપરથી જણાય છે. કહેવાય છે કે આ ગામ પ્રથમ બ્રાહ્મણોનું હતું. પરંતુ તે અગાઉ પણ આપણે તો આંહિ વસતાજ હતા, તેમ જુના ઇતિહાસો પુરવાર કરે છે. જે પ્રોફેસર "બરનીયર" સાહેબનો ઇતિહાસ વાંચવાથી ખાત્રી થશે, તેમાં જે વણીક કોમના નામથી વર્ણન કરવામાં આવ્યું છે તેના ઉત્તરોત્તરના વારસો **શાંઘવી કુટુંબ** અને **મુની કુટુંબ** હોય તેમ અનુમાન થાય છે, મતલબ કે આપણા જ્ઞાતિ બંધુઓ આંહીના જુના વતનીઓ છે તેથી આ સ્થળની મહત્તા માનીએ તો વાસ્તવીક રીતે ખોટું નથી.

કપોળ કેમ કહેવાયા—

સ્કંદ પુરાણમાં વર્ણવેલા સ્થાન મહાત્મોમાં કંડોળપુરીનું જે વર્ણન છે તેથી જણાય છે કે કર્ણવત્રૠષિએ પોતાના વસાવવાના શહેરમાં જે વણીકો અને વિપ્રોને વસાવ્યા તેમાંથી જે વણીકોએ કાનમાં કુંડળ પહેર્યાં હતાં તેને "કપોળ" અને બીજાને 'પ્રાગવટ" નામ આપ્યા કે જેઓ આજે પણ "કપોળ" અને "સોરઠીયા" ના નામથી ઓળખાય છે અને તેના પુરોહિત તરીકે જે વિપ્રોને નિયુકત કર્યા તેઓને "કંડોળીયા" સંજ્ઞા આપી જે હજુ પણ તેનાજ પુરોહિત તરીકે કામ કરે છે.

ઘોઘારી દેલવાડી કેમ કહેવાયા—

કંડોળપુરી કે જે હાલના વખતમાં "થાન" તરીકે ઓળખાય છે તે ગામ ઝાલાવાડના મધ્ય ભાગમાં લખતર તાલુકામાં છે. કાળાનુક્રમે આપણી કપોળ ભાઇઓની વસ્તી દરીયા કાંઠા તરફ ખંભાત ગઇ, ત્યાંથી દરીયા કાંઠે માધવપુર સુધી ફેલાણી, ૧૩મા સૈકામાં તળાજા અને વળાના રાજા બીજા "એભલે" કપોળોની ઘણી કન્યાઓના કન્યાદાન આપ્યાં. કારણ કે ગોર યજમાન વચ્ચે કન્યાદાન વખતે અપાતા સુવર્ણના હાથી સંબંધી મતભેદ હતો, જેના રૂપાન્તર તરીકે અદ્યાપી કન્યાદાન વખતે વરને રૂપાનો હાથી આપવાનો ચાલ આપણી કોમમાં પ્રચલીત છે. આવી રીતે આપણી કોમ જ્યાં જ્યાં વસવાટ કરવા લાગી તે સ્થાન યુકત નામો ધારણ કર્યા. તે આપણા હાલનાં નામો ઉપરથી સિદ્ધ થાય છે જેમકે ગુજરાત જીલ્લામાં વસ્યા તે **'ગુજરાતી'** ઘોઘા આસપાસ વસ્યા, તે **ઘોઘારી**, અને **દેલવાડાની** આસપાસ વસ્યા તે **દેલવાડી** કહેવાયા.

ચોરાનો સંક્ષેપ—

આપણા સમુહના બંધારણમાં નિયમિતતા રહે તેના માટે કાઠીયાવાડના વિભાગ પાડવામાં આવ્યા તે ચોરા કહેવાય છે.

૧. શીહોર, ૨. અમરેલી ૩. **મહુવા** ૪. **દેલવાડા** તેમ ચાર ચોરા છે તે ઉપરાંત ગુજરાતનો વિભાગ જૂદો ગણાય છે.

શ્રી શીહોરને મુખ્ય ગણવાનું કારણ—

શીહોર અત્યારે ભાવનગર સંસ્થાનનો એક મહાલ છે પણ ખરી રીતે ભાવનગર ગોહિલ રાજાઓની રાજ્યધાની ઇસ્વીસન ૧૬૦૪ થી શિહોરમાં સ્થપાઈ છે અને જ્યારથી હાલના રાજ્યકર્તાઓનાં પૂર્વજો અહીં આવ્યા ત્યારથીજ મહેતા રામજીભાઇ મેહેરાજભાઇ તથા મહેતા હરખજી-ભાઇ દામજીભાઇ તથા કોઠારી દેવચંદભાઇ ઘોળાભાઇ વીગેરે આપણી જ્ઞાતીના આગેવાન વડીલોનો તેમની સાથેનો નીકટનો સંબંધ રાજ્યનાં કામકાજ તેમજ લડાઇઓમાં પણ સાથે રહેવાનો હોઇ ઉત્તરોત્તર આપણી જ્ઞાતીની ચડતી થતી ગઇ અને વેપાર રોજગારમાં આપણી ઉન્નતી હતી તે સાથે રાજનિતીજ્ઞ તરીકેનું માન આપણાં વડીલોનું પ્રસિદ્ધ થયું તેથી ઉત્તરોત્તર આંહીંના રાજ્યકર્તાઓને આપણા વડીલો પ્રત્યે નિર્મળ ભાવના વધતી જવાના સબબે આપણી જ્ઞાતીનો મોટો ભાગ ગોહિલ રાજ્યોમાં વધતો ગયો. આહીંના રાજ્યના સંબંધના કારણે તેમના બીજા ભાયાતોના રાજ્યો જેવા કે પાલીતાણા, લાઠી, વળા વીગેરે સ્થળે આપણા ભાઇઓ જઇને વસ્યા. અને બાકી કેટલાક બીજા ભાગોમાં વેપારને અર્થે જઈ વસ્યા પરંતુ આપણો મોટો ભાગ એટલે કે આપણી એકંદર વસ્તીનો લગભગ દસ આના ભાગ ગોહિલ રાજ્યોમાં વસેલો છે અને જ્યારે ગંગા-જળીયા ગોહીલ માહારાજનું મુખ્ય સ્થળ સિહોર હોઇ આ શીહોરના ચોરાને આપણા ભાઈઓએ મુખ્ય માની લઇ હજુ સુધી તેનું માન સાચ-વતા આવ્યા છે. તે તે ભાઇઓની મોટાઇ અને પ્રેમ ભરેલી લાગણીનું પરિણામ હોય એમ લાગે છે.

ઉપર જણાવેલા ચાર ચોરા પૈકી આજે માત્ર શીહોર ચોરાના બંધુઓનું સંમેલન કરવામાં આવેલું છે તેની હદ ઉત્તરમાં કેરી નદી અને ભીમનાથથી દક્ષિણમાં અરબી સમુદ્રને બગડ નદી મલે છે તેના

-ક્રીનારાના કેટલાંક ગામો સુધી, પૂર્વમાં ખંભાતના અખાતથી પશ્ચિમમાં પાલીતાણાનું રાજ્ય, રસનાળ, અને ભાવનગરના લીલીયા મહાલના ધામેલ, ભાલવાવ તથા ગઢડા તથા બોટાદ મહાલો સુધી આપણી શીહોર ચોરાની હદ માનવામાં આવેલી છે.

મારા મુરબ્બી શામજી ભીમજી મહેતાના ઉત્તર કાર્યમાં પરગણા વખતે ૭૨ ગામ હતાં જે મારા વડીલોના વારંવાર કહેવાથી મારા જાણવામાં આવેલ છે. તે હાલ ઘટીને ૫૦] આશરે વસ્તીવાળાં રહ્યાં છે તેની વસ્તી આશરે ૪૫૦૦) માણસોની હોય તેવી માન્યતા છે પણ તેના ખરાપણા માટે આ સંમેલન સાથે વસ્તી પત્રક કરવાનું નિયત કરેલું છે તેથી હવે પછી જણાશે.

સંમેલનનો હેતુ—

આપણી જ્ઞાતી ખેતી વેપાર તથા રાજ્યની નોકરી ઉપર પોતાનો નિર્વાહ કરતી આવી છે તેમાં ખેતી અને નોકરીની અવ્યવસ્થાને લઇ બહાર દેશાવરમાં વસવાટની જરૂર થઈ, આવા વસવાટથી આપણા ભાઇઓ પરપરાના જ્ઞાતી પ્રચલીત રીત રીવાજોથી અજાણ્યા થતા ગયા અને પરાયા સંસર્ગના પ્રભાવે તેમજ પોતાની અનુકુળતાના અનુભવે પોતાની મુળ સ્થિતિના ધારાધોરણોથી જુદાજુદા વિચારોના ઉપાસકો બન્યા અને તેને લઇ પોતાની રહેણી કહેણીમાં મરજી મુજબ ફેરફાર કરવા લાગ્યા તેથી તેનું વર્ણન કરવું મારી દ્રષ્ટી તથા વિચાર પ્રમાણે અતિ ગંભીરતાવાળું લાગે છે. આ કાળમાં કેટલાકો પોતાના સ્વતંત્ર વિચારોનેજ માન આપી તેનેજ વળગી રહેવા દુરાગ્રહ કરે છે જ્યારે બીજા હાજી હા કરી સમજ્યા વિના એકજ પક્ષ ખેંચી સારાસારનો વિચાર કરવા શ્રમ લેતા નથી. એવા મમત્વવાળા વાતાવરણમાં આપ સર્વ સુજ્ઞ ભાઈઓને મારી ખાસ નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિના બંધારણની સાંકળ કેમ મજબુત થાય અને તે બંધારણ ગરીબ કે તવંગર તમામ જ્ઞાતિ બંધુઓને સાદુ સરલતાવાળુ અને કાયમ નભી શકે તેવું કેમ બને તે હેતુનેજ લક્ષમાં રાખી કાર્ય કરશો એમ મારી વિનંતી છે.

આપણી અખીલ ભારત કપોળ પરિષદ્ સંવત ૧૯૭૮ ની સાલમાં મુંબઇમાં ભરાએલ તે વખત શ્રમ કરી બંધારણ ઘડેલ તે પાલક

અને પોષકના અભાવે જેમનું તેમ કાગળ ઉપર રહ્યું છે તે જોઈ ખેદ-થતાં આપણું એક ચોરાનું સાદુ અને સર્વ માન્ય વર્તનમાં મૂકાય તેવું બંધારણ બને તો બીજા આપણું અનુકરણ કરે તેવા વિચારો થતાં માધવજીભાઇ મોનજીભાઈ દોશીના તથા ઘણા ભાઇઓના પ્રોતસાહન, જાત મહેનત ત્થા શુભ ભાવનાથી શ્રીમાન કોઠારી વિઠલદાસ નારણદાસને ઉત્સાહ થયો તેથી આ સંમેલન ભરવામાં આવ્યું છે. અને તે કામમાં હમણાંજ સ્વર્ગસ્થ થએલા ભાઇ કરશનજીભાઇ વેલજીભાઈ જે કે આંહીની આપણી જ્ઞાતીના અગ્રણી ગણાતા હરખજી મહેતાના નબીરા હતા તેણે આ સંમેલનના ધારા ધોરણનો ખરડો તૈઆર કરવામાં ઘણીજ ધીરજ અને ખંતથી ઉત્સાહ પુર્વક ભાગ લેવા માંડેલ હતો અને એ કામ તેમણે પંદરેક દીવસ તેમના સ્વહસ્તે કરી આપણને મદદ રૂપ થયા હતા. એમની આ વખતની કામ કરવાની ધીરજની શૈલી આપણે સૌને અનુકરણ કરવા જેવી છે તેમના જેવા ધીરજવાન સલાહકારની ગેરહાજરી આ પ્રસંગે ખેદ રૂપ ગણાય તે દેખીતું છે તેમ ઇચ્છી તેનો આ સંમેલનમાં ખેદ જાહેર કરાવા રજા લઉ છું.

આ પ્રસંગે બે શબ્દો શ્રીયુત્ વિઠલદાસ માટે કહીશ તો અયોગ્ય નથી તેઓ ઉદાર ધર્મનીષ્ટ કેળવાયેલા અને જ્ઞાતિ હિતચિંતક છે તેમણે ઉમર નાની છતાં ધર્મનાં કામો જેવાં કે વિશ્નુયાગ, જીર્ણ થઇ ગયેલાં આંહીના કેટલાંક દેવાલયોનો જીર્ણોદ્ધાર ત્થા કેળવણીની પ્રગતિમાં ઇનામો ત્થા વાર્ષિક જ્ઞાતિ ભોજન એવાં એવાં સત્કાર્યો કર્યાં છે અને કરે જાય છે. તેમાં આ સંમેલન ભરવું એવી ચર્ચા આંહી ઉભી થતાં તેના મેમાનોની સરભરા અને ભોજન ખર્ચ વીગેરે પોતાને શીર લઇ જે આ જ્ઞાતિ હિતનું કાર્ય કરેલ છે તેથી તેમનો સહર્ષ ઉપકાર માનું છું અને મારા લઘુ બંધુ તરીકે આશીર્વાદ આપું છું કે આવાં સત્કાર્યો કરી યશસ્વી અને દીર્ઘાયુષી બને.

આ સંમેલનના ઉત્સાહને જ્ઞાતિએ અનુમોદન આપી તે ભરવાનો ઠરાવ કર્યો તેના આમંત્રણને આપ ભાઇઓએ માન આપી અમુલ્ય સમયનો ભોગ આપી અહીં પધારવાની જે તસ્દી લીધી છે તે માટે

બીજીવાર આપ ભાઇઓનો ઉપકાર માનું છું અને વિનંતી કરૂં છું કે આપ બધુઓ આ સંમેલનમાં—

૧ કન્યાવિક્રય કેમ નાબુદ થાય?

૨ આપણી જ્ઞાતિની આર્થીક સ્થિતિ કેમ સુધરે?

૩ જ્ઞાતિ હિત કર્તા કેળવણીના વૃદ્ધિ કેમ થાય?

૪ જ્ઞાતિનું બંધારણુ કેમ વ્યવસ્થીત રીતે વર્ત્તનમાં મૂકાય?

આવી આવી બાબતોનો વિચાર કરી આપણી જ્ઞાતિ કે જે અત્યારે ધારાધોરણમાં શિથિલતા પામી છે તે આદર્શરૂપ બને તેમ કરવાના ઠરાવો કરશો એમ મારી નમ્ર વિનંતી છે.

મારામાં મારા વડીલોની મહત્તા સિવાય કોઇ અપૂર્વતા નથી કે જેને લઇ આપના સ્વાગતમાં અમારાથી કંઇ ન્યુનતા રહે તો આપ ભાઇયો આપના મનની મોટાઇથી ભૂલચુક દરગુજર કરી થોડું કર્યું ઘણું કરી માનશો અને શાંતી, ને સ્થિરતાથી આ સંમેલનનું કાર્ય નિરવિઘ્ને ઉકેલવા બધા ભાઇઓ તનમનથી મને મદદ કરશો એમ આપ પ્રત્યે મારી માગણી છે.

આવા મહાન કાર્યોનો ઉકેલ કરવો તે મનુષ્યોની શક્તિ બહારની વાત છે પરમદયાળુ શ્રી કૃષ્ન પરમાત્માએ જે આ શુભેચ્છાની પ્રેરણા કરી છે તે વિભુ આ મહાન કાર્ય પાર પાડશે.

આપણે સર્વ ભાઇઓ શ્રી વૈશ્નવ ધર્મના અનુયાયીઓ હોઇ દયાળુ પરમાત્મા શ્રીનાથજી બાવાને પ્રણામ કરૂં છું કે તે દયાળુ આ સંમેલનનું કાર્ય આપણા **બાળ મહારાજા કૃષ્ણકુમારસિંહજી**ના શાતીમય રાજ્યમાં સંપ, આનંદ અને ઉત્સાહ સાથે પાર પાડે તેમ વીનવી હું બેશી જવા રજા લઉંછું. તા. ૧–૯–૧૯૨૮ શનીવાર

સ્વાગતસભાના ઉપપ્રમુખ શેઠશ્રી દ્વારકાદાસ લક્ષ્મીદાસ મુનિનું ભાષણ

જ્ઞાતિભુષણરૂપ પુજ્યવડીલો, બંધુઓ અને યુવાન મિત્રો !

સમય અને યુગધર્મના પરિવર્તનના પરિણામે અત્યારે આપણા સામાજીક બંધારણને સુધારવા માટે આજ આપ સૌ શ્રી સિહોર જ્ઞાતિના અમારા આમંત્રણને માન આપી પરિશ્રમ અને વખતનો જે ભોગ આપી અત્રે પધાર્યા છો તે માટે આપ સૌનો આભાર માનું છું.

આપણી જ્ઞાતિમાં વયો વૃધ્ધ મુરબ્બીઓ અને વ્યવ્હાર કુશળ ભાઇઓ શ્રી સિહોરમાં છે તેમાંથી જો કોઇ અનુભવીની તથા કાર્યદક્ષ મહાનુભાવની નિમણુંક કરવાની મ્હારા કરતા પસંદગી થતે તો વધારે આસ્થાનને શોભાવત પરંતુ અહિંના પ્રેમાળ મુરબ્બીઓ અને ભાઇઓએ પ્રેમને વશ થઇ એ બોજો મ્હારે માથે મૂકયો છે પરંતુ હું ભાગ્યશાળી છું કે તે બોજો ખરેખર તો મ્હારા વ. બંધુશ્રી ત્રીભોવનદાસ ભાઇએ સંભાળ્યો છે અને તેમની મ્હારે માથે શીતળ છાયા હોવાથી મ્હારે માટે બહુ અલ્પ છે.

આપ સૌએ મ્હને જે સેવા કરવાની પ્રેમવશ થઇને અમુલ્ય તક આપી છે તે માટે આપ સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

મ્હારા મુ. વ. શ્રી ત્રીભોવનદાસ ભાઇએ આપ સૌને જે નિવેદન કરેલ છે તે પછી મ્હારે ભાગે કંઈ કહેવાનું આપને રહેતું નથી, મુંબઇમાં નિવાસ કરતાં શ્રી સિહોર જ્ઞાતિના ભાઇઓએ અત્રેની જ્ઞાતિને એક ઠરાવ અમલમાં મૂકવા વિનંતી રૂપે અરજી કરી હતી અને તે અરજીને માટે અહિંની જ્ઞાતિ ભેગી થતા ચર્ચા થતા આ સંબંધમાં નિર્ણય કરવા આપણા ચોરાના ભાઇઓનો મત લેવો એમ સુચના થતા અહિંની જ્ઞાતિએ સુચના વ્યાજબી ધારી આ ઉપરાંત અત્યારના બીજા બંધારણમાં પણ સુધારો આપણે જો ચોરાના ભાઇઓ ભેગા થઇએ તો કરી શકીએ તેવો મત થતા મ્હારા ઉદાર વૃતિના સ્નેહી વિઠ્ઠલદાસ ભાઇ કોઠારીએ ચોરાનો સંમેલનનો ખર્ચ પોતે ઉપાડી લેવા તૈયાર જણાવી જ્ઞાતિને આ સંમેલન ભરવા મક્કમ ઉત્સાહ આપ્યો જેને પરિણામે આપ

સૌ વડીલે અને ભાઇઓના દર્શનનો અમુલ્ય લાભ અમે મેળવી શકયા છીએ.

જગતમાં મનુષ્ય માત્રને જીવન માટે પહેલી ચાર વસ્તુની જરૂર અવશ્યકતા છે.

"ખાવા અન્ન, પહેરવા વસ્ત્ર, રહેવા ઘર, અને ગ્રહસ્થાશ્રમી જીવન."

એ ચાર પગથીઆ પહેલાં છે, એ જો દરેક મનુષ્યને મળી શકે તોજ સંસારની ઉન્નતી થાય છે.

જે સમાજમાં ઉપરની ચાર બાબતની જેટલી ઉણુપ હોય તે સમાજ તેટલે દરજ્જે દુઃખી રહે છે.

દરેક સમાજ અને જ્ઞાતિ મહાજનની પહેલી એ ફરજ છે કે જે સમાજમાં તે જન્મે તે સમાજે પોતાથી બની શકે એટલે દરજ્જે પોતાના સમાજના બંધુને તે ઉપલી ચાર બાબતની ઉણુપ ન રહે તેવા પોતાના સામાજીક બંધારણો, આચાર, વિચાર રાખવા અને ઘડવા જોઇએ, અને સમાજના નબળા ભાઇઓ સબળા ભાઇઓના ટેકાથી તે સમાજમાં પોતાના વ્યવ્હારો એક સરખા જાળવી એક પંકતિથી ગ્રહસ્થાશ્રમ જીવન કેમ સહેલાઇથી ગુજારી શકે તે જોવું તે સમાજના દરેક ભાઇઓની પહેલી ફરજ છે અને તે ફરજ બજાવવા માટે આજે આપ બધા મુરબ્બીઓ અને ભાઇઓ શ્રમ વેઠી સૌ ભેગા થયા છો. આપ સર્વને નમ્રતા પૂર્વક વિનંતી છે કે પરિવર્તન પામતા વિસમી સદીના પ્રવાહને ઓળખીને આપણા સમાજના લાભ માટે અંગત સૌ મતભેદ ભૂલી જઇને દીર્ધ દ્રષ્ટીથી વિચાર કરી અત્યારનું અને ભવિષ્યિને માટે આજે આપણે એકઠા થઇ જે બંધારણ ઘડીએ તે લાંબો સમય કેમ પ્રચલિત રહે તેવું કરવા પરમાત્માની કૃપાથી આપ સૌ શકતીવાન થાઓ તેવી શ્રી જગદિશ્વર પાસે મ્હારી માંગણી છે.

આપ સર્વ મહાનુભાવ મહેમાનોની સેવામાં જે કંઇ અમારી ભૂલચુકવાળી દ્રષ્ટીથી ઉણુપ રહી હોય તે ક્ષમાની દ્રષ્ટીથી જોઇ આપ સૌ અમારા દોષને જરૂર દરગુજર કરી ક્ષમા આપશો તેવી વિનંતી કરૂં છું. અને હવે આપનો અમુલ્ય વખત વધારે નહિં લેતા આજનો કાર્યક્રમ ચાલુ કરવા વિનંતી છે.

શ્રી શીહોર ચોરાના કપોળ સંમેલનના
પ્રમુખ
મુની ત્રંબકલાલ ત્રીભોવનદાસનું
ભાષણ.

પ્રિય જ્ઞાતિબંધુઓ,

આ શીહોર ચોરા સંમેલનમાં મારા કરતાં વિશેષ અનુભવી અને લાયક પુરૂષો હોવા છતાં આપ સર્વ ભાઇઓએ પ્રમખ તરીકે મારી પસંદગી કરી તે માટે આપ સર્વ ભાઇઓનો હું અંતઃકરણથી આભાર માનું છું. ભાઇઓ, પ્રમુખનું કામ મહાજન મંડળની યથાશકિત સેવા બજાવવાનું છે અને આપ સર્વ ભાઈઓની કૃપાથી તે કામ મને સોંપવામાં આવ્યુ તે હું મારૂં સદ્ભાગ્ય સમજું છું.

આ સંમેલનમાં ભાગ લેવા માટે દૂર દૂરનાં ગામો અને શહેરોમાંથી જે પ્રતિનિધિઓ પધાર્યા છે તેમને જોઇ મારા મનમાં ઘણો હર્ષ થાય છે. કારણ કે જ્ઞાતિના શ્રેયની ભાવના તે સર્વ ભાઇઓના હૃદયમાં સ્ફુરી રહી છે. સર્વ ભાઇઓના મુખમંડળ ઉપર જે ઉલટ અને ઉત્સાહ નજરે પડે છે તે ઉપરથી મને એમ લાગે છે કે આપ સર્વ ભાઇઓની સહાયતાથી આપણે આજ આરંભેલું કાર્ય જરૂર પાર પાડી શકીશું.

આપ સર્વ જાણો છો કે થોડાએક માસ ઉપર મુંબઇમાં વસતા શ્રી શીહોરના કપોળ બંધુઓએ શ્રી શીહોરના મહાજન મંડળ ઉપર એક અરજી મોકલેલી હતી તે અરજીમાં તે ભાઇઓ તરફથી એવી માંગણી કરવામાં આવી હતી કે પુરૂષોએ ૪૫ વર્ષની ઉંમર પછી લગ્ન ન કરવાં એવો ધારો જ્ઞાતિ માહાજન તરફથી બાંધવો. આ પ્રશ્નો ઉપર ચર્ચા ચાલતાં બીજા પણ કેટલાએક જ્ઞાતિહિતના ધારાઓ માટે વિચાર ચાલ્યો અને મહાજન મંડળે ચોરા સંમેલન બોલાવવાનું નક્કી કર્યું. ભાઇ વિઠ્ઠલદાસ કોઠારીએ આપેલી આર્થિક સહાયથી અને બીજા ભાઇઓના પ્રયાસથી આજે આપણે આ ભવ્ય સંમેલનમાં એકત્ર મળ્યા છીએ. આ સંમેલન બોલાવવાનો હેતુ કાઠિયાવાડમાં વસતા આપણા કપોળ ભાઇઓમાં લાંબા સમયથી જ્ઞાતિની સગવડને ખાતર ચાર ચોરા સ્થપાયેલા

છે. તેમાં શીહોર એક ચોરાનું સ્થાન છે. મહુવા, અમરેલી અને જાફ્રાવાદ, (દેલવાડા) તે બીજા ત્રણ ચોરાનાં સ્થાન છે. જ્ઞાતિને લગતા ધારાધોરણનું કામ તેમજ જ્ઞાતિમાં પડેલા વાંધા પતવવાનું કામ, તેમજ બીજા અગત્યનાં કામો આ પ્રત્યેક ચોરાના મહાજન મંડળ તરફથી કરવામાં આવે છે. આજે આપણે પણ ધારાધોરણમાં સુધારા વધારા કરવા માટે અહીં એકઠા મળ્યા છીએ.

સર્વ વણિક જ્ઞાતિમાં આપણી કપોળ જ્ઞાતિ અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. સમસ્ત વણિક મહાજનના શેઠ તરીકે ઘણાં વર્ષો સુધી જે માન મેળવેલું તે હજી આપણી સ્મૃતિમાંજ છે. વણિક જ્ઞાતિઓમાં જો કોઇ પણ સરનાઇટનું પ્રથમ માન મેળવવા ભાગ્યશાળી થયા હોય તો તે આપણા કપોળ છે. જે. પી. તેમજ કોર્પોરેશનના મેંબર થવાનું માન પણ આપણા કપોળ બંધુઓએ મેળવેલું છે. બેરીસ્ટર, ડોકટર, વકીલ, એન્જીનીયર, એમ., એ. બી. એ., વગેરે ઉંચી પદવીઓ ધરાવનાર વ્યક્તિઓ પણ આપણા કપોળ બંધુઓમાં છે. વળી ભાવનગર રાજ્યના કાર્યવાહક તરીકે પણ કેટલાએક કુટુંબોએ કીર્તિ સંપાદન કરી છે. આમ છતાં પણ હાલની પરિસ્થિતિ આપણને વિલક્ષણ લાગે છે. ઘણા વિચારશીલ અને દીર્ઘદૃષ્ટિવાળા પુરૂષોનું માનવું એવું છે કે આપણી જ્ઞાતિ હાલમાં અવનતિના માર્ગ તરફ વધારે ઘસડાતી જાય છે. કુટુંબોમાં મોટામોટા ખોટા ખર્ચો વધી ગયા છે. હાલમાં જો કોઇ સામાન્ય સ્થિતિના કપોળભાઇને ગૃહસ્થાશ્રમ માંડવો હોય તો ઓછામાં ઓછા ત્રણથી પાંચ હજાર રૂપીઆ વિના તે પોતાની ઇચ્છા પાર પાડી શકતો નથી, ગૃહસ્થાશ્રમ માંડ્યા પછી પણ ઘર સંસારના બોજાનો ભાર ઉપાડવો તેને બહુ કઠિન લાગે છે. એટલી એક વાત સાચી છે કે આગળ કરતાં હાલમાં બાળકો તથા કન્યાઓમાં કેળવણીનો પ્રચાર વધ્યો છે; પણ હાલના જમાનાનું કે હાલની કેળવણીનું એક પરિણામ આપણી દૃષ્ટિએ સ્પષ્ટ દેખાઇ આવે છે કે હાલના કેળવણી પામેલા સ્ત્રી પુરૂષોને કોઇ પણ પ્રકારના ધારાધોરણના બંધનમાં રહેવું ગમતું નથી જ્ઞાતિનું બંધન પણ તેમને મન એક બેડી સમાન છે. આચાર વિચાર પાળવામાં તેઓ શિથિલ બની જાય છે, વિદેશી રીત રીવાજો તરફ તેઓ પસંદગી બતાવે છે અને ઘણીકવાર તો તેનું અનુકરણ કરવા તૈયાર થાય છે,

સદ્‌ગુણો કરતાં દુર્ગુણોનું અનુકરણ કરવું સરલ હોવાથી ઘણા સ્ત્રી પુરૂષો દુર્ગુણોના ભોગ થઈ પડે છે, ફેશનની શીશીયારીની દેખાદેખીથી કેટલાએકની પાયમાલી થાય છે, કેટલાએક ભાઇઓનો આપણે એવો વિચાર પણ સાંભળીએ છીએ કે જો આપણા દેશમાં જ્ઞાતિબંધન જેવું કંઇ ન હોત તો આપણે વધારે સુખી બની શકત; તો આ પ્રસંગે આપણે ટુંકામાં જ્ઞાતિની ઉત્પત્તિ તથા તેની જરૂરીઆત સંબંધી કંઇક વિચાર કરીએ.

આ વાત તો નિર્વિવાદ છે કે પ્રથમથીજ આ આર્ય દેશમાં ચાર જાતિઓ હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર, હાલની સર્વ જ્ઞાતિઓની ઉત્પત્તિ ચાર વર્ણોમાંથીજ થયેલી છે. જેમ આપણી કપોળ જ્ઞાતિમાં થોડા મતભેદને લીધે તડા પડી ગયાં હતાં તેવીજ રીતે આ બ્રાહ્મણ કે વૈશ્યના સમૂહમાંથી ચોરાશી વિભાગ કે જ્ઞાતિઓની ઉત્પત્તિમાં એક પ્રકારનો મતભેદ નહિ પણ અનેક પ્રકારનો મતભેદ સાધનરૂઢ હોવો જોઇએ, એવું આપણને વિચાર કરતાં લાગે છે. સ્થાન ભેદ, ધર્મ ભેદ, કર્મ ભેદ તેમજ ભક્ષ્યાભક્ષ્ય કે સ્પૃશ્યાસ્પૃશ્ય સંબંધી વિચાર ભેદ આ પ્રમાણે જેમ જેમ ભેદ પડતા ગયા તેમ તેમ જુદી જુદી જ્ઞાતિઓ બંધાઈ હશે એવું આપણે માની શકીએ. આપણી ભગવદ્‌ગીતામાં પણ જાતિ ધર્મ અને કુળ ધર્મ વિષે કંઇક ઉલ્લેખ જોવામાં આવે છે. આ રીતે જોતાં હજારો વર્ષોથી આપણા દેશમાં જ્ઞાતિનું બંધારણ ચાલતું આવેલું હોવું જોઇએ. હવે આપણે જ્ઞાતિ શબ્દના અર્થ સંબંધી કંઇક વિચાર કરીએ. મારૂં માનવું તો એવું છે કે સમાન આચાર વિચાર અને ધર્મ પાળનાર તેમજ પરસ્પર ભોજન તથા કન્યાની લેવડદેવડનો વ્યવહાર કરનાર કુટુંબોનો સમૂહ તેનું નામ જ્ઞાતિ, આટલો વિચાર કર્યા પછી હવે આપણે જોઈએ કે જેવી સંસ્થાની જરૂર છે કે નહિ અને જ્ઞાતિ જેવી સંસ્થા આપણને લાભદાયક છે કે હાનિકારક છે? જે દેશોમાં જ્ઞાતિ જેવી સંસ્થા નથી તેવા દેશોમાં જ્યારે વેશવાળ કે લગ્ન સંબંધી વાંધા પડે છે ત્યારે તેઓને કોર્ટનો આશ્રય લેવો પડે છે અને વકીલ, બારીસ્ટરો અને કોર્ટના ખર્ચમાં હજારો રૂપીઆનું પાણી થઇ જાય છે. પ્રેમલગ્ન કર્યા પછી થોડા સમયમાંજ છુટા છેડા મેળવવા માટેના દાવા માટે કોર્ટમાં જવું પડે છે અને તેમ કરવામાં પણ ઘણો મોટો

ખર્ચ થાય છે, પણ જ્યાં જ્ઞાતિની સંસ્થા હોય ત્યાંનું મહાજન યોગ્ય રીતે વિચાર કરી આવા દાવાનો ચુકાદો આપે છે અને તેમાં કોઇ પક્ષને કંઈ પણ ખર્ચ કરવો પડતો નથી. આવા આવા અનેક તકરારના વાંધાઓ જ્ઞાતિના મહાજનને હાથે સરલતાથી પતી જાય છે. વળી જ્ઞાતિભાઇઓ પોતાને ત્યાં આવતા શુભ અવસરે જ્ઞાતિના ફંડમાં નાણાં આપી જ્ઞાતિબંધુઓને સહાય આપે છે. આ એકઠાં થયેલાં નાણાંનો ઉપયોગ જ્ઞાતિનાં ગરીબ બાળકોને કેળવણી આપવામાં અથવા નિરાધાર વિધવા અને લાચાર થઇ ગયેલાં જ્ઞાતિ બંધુઓ માટે કરવામાં આવે છે. વળી કોઇ પણ અગત્યના કામ માટે જ્યારે નાણાં એકઠાં કરવાં હોય ત્યારે તે કામની મહત્તા પ્રમાણે નાણાં એકઠાં કરી તેનો સદુપયોગ કરે છે. ઉદાહરણ તરીકે હું પારસી જ્ઞાતિ તરફ આપનું ધ્યાન ખેંચીશ. મરણ પ્રસંગે તેમજ બીજા સર અવસરે તેઓ હજારોની સખાવત પોતાના જ્ઞાતિ બંધુઓના લાભ માટે કરે છે. હાલમાં તેમની પાસે કરોડો રૂપીઆનું ફંડ છે, જેના વ્યાજમાંથીજ અનેક વિધવાઓ અને ગરીબ માણસોનું પોષણ થાય છે.

વળી જ્ઞાતિભોજન પ્રસંગે તેમજ બીજા સર અવસરને પ્રસંગે જ્ઞાતિબંધુઓની પરસ્પર મુલાકાત થતી હોવાથી ઓળખાણ પીછાણ વધતી જાય છે અને તે ભવિષ્યમાં દરેકને લાભદાયક છે.

જેમ ફોજદારી કાયદાઓ માણસનાં દુર્વર્તન ઉપર એક રીતે અંકુશ મુકે છે તેવીજ રીતે જ્ઞાતિના ધારાધોરણો પણ માણસના ખરાબ વર્તન ઉપર એક પ્રકારનો અંકુશ મુકે છે. તેના મનમાં એવા વિચારો ઉદ્દભવે છે કે જો હું જ્ઞાતિના ધારાધોરણોથી વિરૂદ્ધ વર્તન રાખીશ તો મારી જાતિમાં મારી હલકાઇ થશે, લોકોમાં મારી અપકીર્તિ થશે. અને મારા દીકરા દીકરી વરાવવાનું કામ ઘણું કઠિન થઈ પડશે. આવા ભયને લીધે ગમે તેવા ખરાબ માણસને પણ સન્માર્ગે ચડવાની ફરજ પડે છે. આપણા દેશમાં વૈશ્ય નામ ધરાવનારા કરોડો લોકો હશે, પણ તે કરોડોના સમૂહાયનું એક મંડળ થવું તે ઘણું અસંભવિત. પણ દશ વીશ હજાર માણસનો સમૂહાય પોતાના ભવિષ્યના હિતનો અને અભ્યુદયનો વિચાર રાખી ધર્મને અનુસરીને ધારાધોરણો બાંધી તે પ્રમાણે વર્તન રાખે તો તે પ્રમાણે બનવું શક્ય છે અને હિતકારક પણ છે. જનસમૂહાયનું હિત સાધવામાં જ્ઞાતિ કેવી રીતે સાધ-

નભૂત થઇ શકે તેનો દાખલો હાલમાં થોડા સમય ઉપર બારડોલી ખાતે બનેલો બનાવ આપણને પ્રત્યક્ષ રીતે પૂરાવારૂપ છે. બારડોલીમાં વસતી સર્વ જ્ઞાતિઓમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે સરકારે અઘટિત રીતે કરમાં વધારો કર્યો છે, તો તે સામે એક ઉપાય તરીકે કાયદાનો સવિનય ભંગ કરવો જોઇએ. આ પ્રમાણે કરવા, અનેક સંકટો સહન કરવા છતાં તેઓ પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા અને છેવટે સરકારને જોરજુલમ બંધ કરી અમુક સરતે સમજુતી કરવી પડી. બધી જ્ઞાતિના કોઇ પણ માણસે જ્ઞાતિનો ઠરાવ તોડવાની હિંમત કરી નહિ. નવસારીના એક ગૃહસ્થે બારડોલીની જમીન લીલામમાં સસ્તે ભાવે ખરીદ કરી. બારડોલીની ધોબી, હજામ, ભંગી વગેરે જ્ઞાતિઓએ નવસારીમાં વસતા પોતાના જ્ઞાતિ જનો ઉપર પત્રો લખ્યા. નવસારીની તે તે જ્ઞાતિઓએ ઠરાવ કર્યો કે કોઈ ધોબીએ તે ગૃહસ્થનાં કપડાં ધોવાં નહિ. હજામોએ ઠરાવ કર્યો કે તેની હજામત કરવી નહિ અને ભંગીઓએ પણ તેનું કામ કરવા ના પાડી. આ રીતે તે ગૃહસ્થને તે વખતે નવસારી છોડી અન્ય સ્થળે જવું પડયું. આ રીતે જો જ્ઞાતિભાઈઓ પોતાના કરેલા ઠરાવને વળગી રહે તો જ્ઞાતિનું બળ કાંઇ જેવું તેવું નથી.

હવે આપણી પાસે જે જે પ્રશ્નો ચર્ચા માટે આવવાના છે તેની ટુંકી રૂપરેખા આપની પાસે રજુ કરૂં છું. મારે જણાવવું જોઈએ કે આ પ્રશ્નો ઉપર બહુ બોલાઇ તથા લખાઈ ગયું છે તેથી મારા આ લખાણમાં જો પુનરૂકિત દોષ લાગે તો આપ સર્વ ભાઈઓ ક્ષમા કરશો.

ભાઇઓ, આપણી જ્ઞાતિમાં કેટલાએક નિંદાપાત્ર રિવાજો પ્રચલિત છે. તેમાં સર્વથી વધારે હાનિકારક રિવાજ કન્યાવિક્રયનો છે. ખરી રીતે જોતાં જ્ઞાતિમાં જે વિધવાઓની સંખ્યા વધતી જાય છે તેનું મૂળ કારણ કન્યાવિક્રય છે. જો આપણે વિધવાઓનાં દુઃખો તરફ ખરી લાગણી ધરાવતા હોઈએ તો આપણું પ્રથમ કર્તવ્ય તો એ છે કે કન્યાવિક્રય બંધ કરવો.

આગળ આપણો એક કપોળ બંધુ પોતાનું વેશવાળ અને લગ્ન હજાર પંદરસે રૂપીઆમાં કરી શકતો પણ હાલમાં ત્રણથી પાંચ હજાર રૂપીઆ તે કામ માટે ઓછા થઇ પડે છે. વધારે પૈસા મેળવવાના લોભથી માબાપો પોતાની કન્યા મોટી કરે છે. આપણી કપોળ જ્ઞાતિમાં

પોણોસોથી એંશી ટકા ભાગ સામાન્ય અથવા ગરીબ સ્થિતિના ભાઈ-ઓનો છે. તેઓ આવી પરિસ્થતિને પહોંચી વળવા અસમર્થ હોવાથી ઘણા યુવાનો ગૃહસ્થાશ્રમનું સુખ સંપાદન કરી શકતા નથી. તેમના મનમાં એવો ભય ઉત્પન્ન થાય છે કે હવે અમારો વંશ વેલો કેમ વધશે ? શાસ્ત્ર દ્રષ્ટિએ વિચાર કરીએ તો ધર્મશાસ્ત્રો કન્યા વિક્રયનો સ્પષ્ટ નિષેધ કરે છે, क्रया क्रीता च या कन्या पत्नि सा न विधिते । તેવું સ્મૃતિ વાકય છે. જે કન્યાને માટે પૈસા આપવામાં આવ્યા હોય તે ધર્મપત્નિ ગણાતી નથી. વળી જેઓએ કન્યાના પૈસા લીધા હોય તેઓની સ્થિતિ જો થોડાં વર્ષો પછી જોશો તો તેમની સ્થિતિ પાછી હતી તેવીને તેવીજ થઇ રહે છે. એવા અનેક દાખલા આપણે જોઇએ છીએ. માટે બધા ભાઈઓ જો મનમાં દઢ નિશ્ચય કરે કે મારે કન્યાના પૈસા લેવા નથી તો આપણી જ્ઞાતિમાંથી પણ ઘણા અનર્થોનું મૂળ ટળી જાય. આપણી પાસે વરની ઉંમરની હદ બાંધવાનો ઠરાવ રજુ થવાનો છે. ધારો કે આપણે તે ઠરાવ પસાર કર્યો પણ જો કન્યાવિક્રયનો ઠરાવ ચાલુ રહ્યો તો આ ઠરાવનો પુરેપુરો અમલ કરવાનું કામ બહુજ મુશ્કેલ થઇ પડશે. બાળ લગ્ન તથા વૃદ્ધ લગ્ન પણ જ્ઞાતિમાં ઘણા અનાર્થોનું મૂળ રૂપ છે. બાળ લગ્નથી પ્રજાની શારીરિક સંપત્તિ બગડતી જાય છે. નાની ઉંમરની માતાને પેટે જે બાળક અવતરે છે તે અશકત અથવા અલ્પાયુષી હોય છે. આ બાબતમાં આપણું આર્ય વૈદક શાસ્ત્ર તો એટલે સુધી કહે છે કે **उन षोडष वर्षाया मप्राप्तः मंत्र विंशतिं यदि गर्भ समाधन्ते कुक्षिस्थ ल विषयतो ।** આ વાકય સુશ્રુતનું છે.

પચીસ વર્ષથી ઓછી ઉમરનો પુરૂષ અને સોળ વર્ષથા ઓછી ઉમરની સ્રીથી ઉપ્તન્ન થયેલ ગર્ભનો ઉદરમાંજ નાશ થાય છે અગર અલ્પાયુષા થાય છે માટે જો આપણે આપણી ભવિષ્યની પ્રજાને બળવાન અને દઢ શરીરવાળી જોવા ઇચ્છતા હોઇએ તો બાળ લગ્નનો રીવાજ તદન બંધ કરી કાઢી નાખવો અને વર કન્યાની ઉંમરની હદ બાંધવી.

વૃદ્ધ લગ્નોથી વિધવાઓની સંખ્યામાં વધારો થતો જાય છે અને કુટુંબીજનોનાં હૃદય તેમનાં દુઃખો જોઈ અતિ કષ્ટ પામે છે. વળી વૃદ્ધ લગ્નને લીધે લોકમાં અનેક પ્રકારની સાચી ખોટી નિંદાને પાત્ર થવાય છે. આગલા જમાનામાં પુરૂષની આયુષ્ય ૧૦૦ વર્ષની

ગણાતી હતી, પણ હમણાં તો આયુષ્યની સરેરાશ પચાસથી સાઠ વર્ષની ગણવામાં આવે છે તો આવા સમયમાં વૃદ્ધ લગ્નો ઇચ્છવા યોગ્ય નથી. આપણા ભાઇઓની આર્થીક સ્થિતિ સુધારવાની બહુજ આવશ્યકતા છે માટે પ્રથમ તે આર્થીક સ્થિતિ સુધારવા તો કેળવણીનો વધારો થવો જોઇએ. કેળવણી પામેલા વર્ગનું ધ્યેય માત્ર નોકરીનું ન હોવું જોઇએ. પણ ધંધા ઉદ્યોગમાં પડવાની ખાસ પેહેરવી તેમણે કરવી જોઇએ.

બીજું આપણી જ્ઞાતિમાં લગ્ન પ્રસંગે, ઉત્તર કાર્ય પ્રસંગે, સામંત પ્રસંગે, જે મોટા ખરચો કરી જ્ઞાતિભોજન કરવામાં આવે છે તેમાં ઘટાડો થવો જોઇએ. કેટલાંક જમણવારો તો દેખાદેખીથી કરવામાં આવે છે. અને તેમ કરનાર પછી દેવાદાર સ્થિતિમાં આવી જાય છે માટે આ બાબતમાં પણ સુધારો કરવાની ખાસ જરૂરીયાત છે. આપની પાસે જે બાબતો રજુ થવાની છે તેનું માત્ર દિગ્દર્શન કરવામાં આવ્યું છે તે ઉપર આપ સર્વ ભાઇઓ ધીરજથી વિચાર કરીને ધારાધોરણો આપને પસાર કરવા યોગ્ય લાગે તે પસાર કરશો પણ આપ સર્વ ભાઈઓને મારી નમ્ર વિનંતિ છે કે જે ધારાધોરણ આપ સર્વ પસાર કરો તે પ્રમાણે ચાલવાને જો તમો તૈયાર હો તોજ તે પસાર કરશો અને જો તે પ્રમાણે ચાલવાનું તમારાથી ન બની શકે તો પછી તેવા ઠરાવો કે ધારા પસાર કરવા નકામા છે. મુંબઈમાં આપણા સર્વ જ્ઞાતિબંધુઓની જે કોન્ફરન્સ ભેગી મળી હતી તેણે બજાવેલું કામ હજી મારા સ્મરણમાં છે. ડાહ્યા અને વિદ્વાન ગણાતા માણસોએ ત્યાં ધારાધોરણ તથા ઠરાવો પસાર કર્યા હતા. ઘણા ખેદની વાત તો એ છે કે તે ધારાધોરણ પ્રમાણે હજી સુધી કંઇ પણ અમલ કરવામાં આવ્યો નથી. તેથી તમો ભાઇઓને હું પ્રાર્થના કરૂં છું. કે આપણું આ શીહોર ચોરા સંમેલન જે ધારાધોરણ પસાર કરે તે, અમલમાં મૂકવા જોઇએ, એવો સતત્ પ્રયત્ન આપ ભાઇઓ કરશો વળી અહીંના ચોરા સંમેલન તરફથી જે ઠરાવો પસાર કરવામાં આવે તેની નકલો બીજા ચોરાઓ ઉપર મોકલી તેવાજ ઠરાવો તેઓ પણ જ્ઞાતિમાં દાખલ કરે તેવી વિનંતિ તેમને પણ કરવી.

આ મારૂં ભાષણ હું સમાપ્ત કરૂં તે પહેલાં એક બે બાબત ઉપર આપ ભાઇઓનું ફરીથી ધ્યાન ખેચું છું. આપણી સમસ્ત જ્ઞાતિ માટે એક મોટું ફંડ એકઠું કરવાની ઘણી આવશ્યકતા છે એમ હું માનું છું. પ્રથમ એક રકમ એકઠી કરવામાં આવે પછી દરેક જ્ઞાતિબંધુ ત્યાં આવતા સર અવસરે તેમાં ઉમેરો કરતા રહે તો જ્ઞાતિ પાસે એક મોટી રકમ એકઠી થાય. જેનો ઉપયોગ કેળવણીનો ફેલાવો કરવામાં, બોર્ડીંગ સ્કૂલો સ્થાપવામાં તેમજ ગરીબ કુટુંબોને અને વિધવાઓને મદદ આપવામાં થઈ શકે.

વળી આ વાત પણ આપ ભાઇઓના જાણુવામાં આવી હશે કે રાજ્ય તરફથી પણ લગ્નને લાયક ઉંમર ઠરાવવાના પ્રયાસો કરવામાં આવે છે તો જ્ઞાતિજનોએ તેવા ઠરાવો પ્રથમથીજ પસાર કરીને પોતાની ભવિષ્યની પ્રજાનું હિત સાધવું જોઈએ એમ આપ સારી રીતે જાણો છો અને વૈદકશાસ્ત્ર પણ તેમજ કહે છે કે બાળલગ્ન અને વૃધ્ધ લગ્નથી ઉત્પન્ન થયેલી પ્રજા નિર્બળ, નમાલી તથા અલ્પ જીવી હોય છે તો પછી આપણી ભવિષ્યની પ્રજાનું હિત આપણે શા માટે ન સાધવું? આપણી જ્ઞાતિમાં તેવા કાયદાઓ બાંધો અને અંતઃકરણથી તે પ્રમાણે વર્તવાની દઢ પ્રતિજ્ઞા કરો આવી શીહોર ચોરા મહાજનને ધર્મ સાથે સંબંધ ધરાવનાર પ્રશ્નોના આ સંમેલનમાં વિચાર કરવાનું ઉચિત ધાર્યું નથી અને તે ઠીકજ કર્યું છે કારણ કે કેટલાએક તકરારી પ્રશ્નોના નિર્ણય માટે બધા એકમત ન થાય; ઝગડાઓ જાગે અને આ મહાજને પોતે કરવા ધારેલું કામ પાર પાડી ન શકે છેવટે પરમ પાવન પરમાત્મા પ્રતિ પ્રાર્થના છે કે જે શુભ ધારણાઓ આપણા મનમાં રાખીને જે કાર્યનો આરંભ કર્યો છે તે પુરેપુરી પાર પાડે.

એક સ્વપ્ન.

(સંમેલનમાં એક ભાષણ.)

[વકતાઃ—શ્રી. નાગરદાસ મૂળજીભાઇ ભૂતા, ઝમરાળા.]

वसुदेवसुतं देवं कंसचाणुरमर्दनम् ।
देवकी परमानंदं कृष्णं वंदे जगद्गुरुम् ।

પરમાત્માસ્વરૂપ પૂજ્ય પવિત્ર પિતાઓ અને ભાઇઓ !

મારા અગાઉ મારા વડીલ રામજીભાઇએ આપ મુરબ્બીઓના ઘણાં સારા સંબોધનથી ગુણાનુવાદ ગાયા છે છતાં પણ મહિમ્નઃ પારંતે ના નિયમાનુસાર તે પણ જ્યાં ન વર્ણવી શકે ત્યાં તેથી વધુ સારા રૂપમાં હું શું ગુણાનુવાદ ગાઇ શકું ? આપ સર્વની આજ્ઞાથી હું બોલવા ઉભો થયો છું. જીવનો એવો સ્વભાવ છે કે તે લાગણીને વશ થાય છે. આ નબળાઇ તે છોડી શકે તો જીવ મટીને શીવ થાય. હું એવો વિતરાગી નથી. નહીં બોલવાનો નિશ્ચય છતાં બધું વાતાવરણ મને બોલવા પ્રેરે છે. સિહોરના મુરબ્બીઓને એમ થાય છે કે ગામડાવાળાઓ બોલતા નથી. ભલે તે ભાષણ ન કરે, પણ કંઇ કાલીઘેલી વાણીમાં પોતાના વિચારો રજુ તો કરે. બીજા આવેલા ડેલીગેટ ભાઇઓ પણ બોલવાની સૂચના કરે છે પરંતુ અમે અતિ વિનીત ભાવે મુરબ્બી રામજીભાઇને અમારૂ સર્વનું અગ્રણીપદ લેવા વિનંતી કરી અને તેમણે કૃપા કરી અમારૂં મુરબ્બીપણું લેવા કબુલ કર્યું. કોઇ મતભેદ વચ્ચે અમે તેમને મુરબ્બીપણું છોડાવા માગતા નહીં. તેમ તેમણે પણ અમારા મતભેદ વચ્ચે જ્યાં જ્યાં વિચારનું સામ્ય થાય ત્યાં અમારી હઠ કબુલ રાખી આપની પાસેથી અમારી દરેક માગણીઓ કબુલ કરાવી છે. જ્યાં બધીજ માગણીઓ અમારી મંજુર થાય તેમાં અમને હર્ષ થાય. અતિહર્ષનું નામ ઉન્માદપણું આ અવસ્થાને ગાંડાપણું કહેવામાં આવે છે. તે સ્થિતિમાં હું સુતો. મને સ્વપ્નું થયું. સ્વપ્ન સૃષ્ટિમાં સ્થુળ શરીર રદ થાય છે અને સૂક્ષ્મ શરીર કામ કરે છે. એક આવરણ દૂર થતાં આત્મા પોતે દૃષ્ટા અને દૃશ્ય થાય છે. અને તેને લીધે આત્મા ચરાચર વ્યાપી કહેવાય છે. હવે મારી સ્વપ્ન સૃષ્ટિ.

આ શરિરમાંથી એક શ્યામ દેહધારી ભયંકર વ્યકિત નીકળી ચાલવા માંડી. મેં પૂછ્યું:—"તું કોણ? મારામાં કયાંથી? હું તને આજ દીન સુધી જોઇ શકતો નહતો. અને તું જાય છે શા માટે?"

"ભાઇ, તારા ઉપર અજ્ઞાનનું આવરણ હતું તેથી તું જોઇ શકતો નહોતો. હું કન્યાવિક્રય. આ કુરૂક્ષેત્રના યુધ્ધમાં હું હારવાથી હવે નાસી જાઉ છું."

"તું કોની સાથે યુદ્ધમાં હાર્યો? બોલ ભાઇ, ઘણા વરસોથી આપણે સાથે રહ્યા છીએ. માટે મારી સાથે ઘડીભર વાત તો કર."

"આ ધર્મ યુદ્ધમાં મારા ઉપર ઇશ્વરના છાયા સ્વરૂપ ત્રિભુવન, દ્વારકાધીશ,વિઠ્ઠલ, ગિરધર, અને રામના હાથોથી સુદર્શનચક્ર રૂપી શીવનું ત્ર્યંબક મારા નાશને માટે ફેંકાયું છે, તેનાથી હું બળું છું, ને થોડા વખતને માટે આ સમરભૂમિમાંથી મારૂં પલાયન કરૂં છું. મારી અહીંની ગેરહાજરી જોઇ તે લોકો હર્ષના ઉન્માદમાં આવી જશે. ને તાળીઓ પાડી મને બીવરાવતા હોય તેમ માની ઉન્મત્ત બનશે. જયાં જયાં આવા યુદ્ધ થાય છે તે તેં નથી ભાળ્યા? વા, સાંભળ્યા પણ નથી? આવા યુધ્ધમાં થોડીવાર હું એમ માની શકું કે મારો નાશ થશે પણ આ યુકિત શોધી કાઢી ઘડીભર આઘો પાછો થઇ જાઉં છું. મરેઠા યુધ્ધની કલા હું સારી રીતે શીખી ગયો છું. ઘડીભર નાસી જઇ પાછો હું સ્ટેશને તો ઉભોજ છું. પછીથી ભયંકર રૂપ લઇ વધારે વેર લઉં છું. મારે લીધે ઘણી કુમળી કન્યાઓ રંડાપો ભાળે છે. તને સ્વાર્થવૃત્તિથી થાશે કે "એમાં મને શું નુકશાન? મને પૈસા મળે છે. મજુરી કરવી પડે છે, આનંદજ છે." પણ **તેજ નાણા તારી કીર્તિ**, યશ, આલોક પરલોકનો નાશ કરે છે. મારા **પૈસામાંથી નિતરેલ ઝેરને** તું અમૃત માને છે. પણ અહીં તો મારો નાશ કરવામાં બે તરફથી મારો થાય છે. ઉપર દર્શાવેલ ત્ર્યંબક ત્રિભુવનાદિ રૂપો એક તરફથી મને મારી રહ્યા છે.

અને બીજી તરફથી **પુરૂષોત્તમ, મોહન** એ સ્વરૂપો મારો નાશ કરે છે. તને એમ લાગતું કે આ લોકોના ઘા અમારા ઉપર છે. પણ સમજફેર હતું. મારા શરિરને વધુમાં વધુ છીન્નભીન્ન કર્યું હોય તો તેમના પ્રહારો છે. હું જાઉં તો છું પણ મારૂં છાયા શરિર અહીં રહે છે અને

હું સમરભૂમિની બહાર ઉભો છું. વધુ વિકરાળ થઇ હું તેની સામે **થઇશ.** મારો સદંતર નાશ ક્યારે થશે કે જ્યારે **રામ** મારા માટે શસ્ત્ર હાથમાં ધરશે. રામ સિવાય રાવણ મુઓ નથી. આ કન્યાવિક્રયરૂપી હું એવો જે રાવણ–મારૂં મૃત્યું તેને હાથ છે. મને ભય છે કે તેણે મારા નાશને માટે હથીઆરો ઉપાડયા છે. **એટલે હવે તો સ્ટેટ છોડી ગાયકવાડમાં મારી જવાની ઇચ્છા છે, ત્યાં આ કાયદો લાગુ નહીં થઈ શકે.** પણ તું એમ માનીશ નહીં કે ત્યાં મારો નાશ નથી. મારા નાશ માટે ઇશ્વરનાં બીજાં સ્વરૂપો–**પરમાનંદ, કેશવ, ગિરધર, હર-ગોવિંદ, જગતજીવન,** ઇત્યાદિનો ત્યાં જન્મ છે. તેઓ હજી યોગ નિદ્રામાં છે. **આ તાળીઓના ટપાકા જો તેમની નિદ્રા ઉડાડે અને તે હથીઆર ગ્રહણ કરે તો ત્યાંથી નાસી હું સમુદ્ર** કિનારે જઇશ. ત્યાં મારો નાશ અત્યારે લાગતો નથી.”

આમ સાંભળતામાં તો મારી નિદ્રા ઉડી, ને ઉદાસી **રામને** મારા સન્મુખ મેં જોયા. તેમની ઉદાસી અવસ્થાનું કારણ મેં પૂછ્યું, તો સીતા પાછી વાળવાના યુધ્ધ માટે પોતે તૈયાર છે, પણ તેમને હનુમાન, અંગદ, જાંબુવાન વગેરે સૈન્યની જરૂર છે.

આ તે સ્વપ્નું કે સત્ય ?

(કાઠીઆવાડના એક ખુણે નાનકડા ગામડાવાસી આ લાગણીવાળા ભાઇના આ અનુભવ બોલ રજુ કરતાં અમને આનંદ થાય છે. એવા સ્વપ્નાના રામને અમે વિનવીએ છીએ કે શસ્ત્ર ઉપાડી રાવણને હણો. સંમેલનના નિર્દીષ્ટ દૈવી અંશોને અભિનંદન આપી, અમે ગાયકવાડી હદના પરમાનંદ, કેશવ, ગિરધર, હર–ગોવિંદ, જગત્–જીવન, અમૃત અને અન્યને આગ્રહભરી અપીલ કરીએ છીએ કે રાવણને નસાડે; અને યોગનિદ્રામાંથી હવે તો જાગે. અને દરીઆ કાંઠે લાંબો વખત ધામો નાખવા ઇચ્છતા રાક્ષસને હવે વધારે વખત ન રક્ષવા અમે મહુવા, જાફરાબાદ અને મુંબઇને વેગથી વિનવીએ છીએ, અને જોસથી ભયઘંટ (Alarm) વગાડીએ છીએ કે નહીં જાગો તો જ્ઞાતિજીવનના નાશને પંથે પળશો.

(તંત્રીઓ.)

કન્યાવીક્રયનીષેધ ફંડ.

શેઠ જીવાભાઇ પ્રભુદાસના આ સંબંધમાં સંમેલનમાં દર્શાવાયેલા વિચારો.

સંમેલનના ઉપસંહારવિધિ સમયે સથરાવાળા જાણીતા શેઠ જીવાભાઇએ કન્યાવિક્રયનિષેધ ફાળા સંબંધે પોતાની યોજના રજુ કરી હતી, તે સ્વીકારણીય છે. આ રહ્યા તે શબ્દો:—

શે૦ પ્રમુખ સાહેબ, અને અત્રે પધારેલા જ્ઞાતિબંધુઓ,

આપ સાહેબોને સૂચના કરૂં છું કે દરેક કુટુંબીઓએ પોત પોતાનામાં એક કમીટી નીમી કન્યાવિક્રયનિષેધ નામનું ફંડ સ્થાપવું, અને તે ફંડનું પ્રથમ ઉઘરાણું કરી જે રકમ ફંડમાં ભેગી થાય તે રકમ સારી જામીનગીરીમાં રોકવી અને તે ફંડને વધારવા અને નિભાવવા માટે દરેક કુટુંબે ચુલા દીઠ દર વર્ષે એક રૂપીઓ ઉપલા ફંડ માટે લેવો. ઉપરાંત સર અવસરે પોતપોતાની યોગ્યતા પ્રમાણે ઉપલા ફંડમાં મદદ કરવી.

ઉપર પ્રમાણેનું કન્યાવિક્રયનિષેધ ફંડ એ દરેક કુટુંબ અને ભાઇઓને એટલું ઉપયોગી થશે કે જેથી દરેક કુટુંબ પોતાના કુટુંબમાં કન્યાવિ ય અટકાવવા ભાગ્યશાળી થશે.

સંમેલન સમારંભમાં કન્યાવિક્રય બંધ કરવા થયેલા ઠરાવને દરેક ભાઇઓ પોતાનાથી બનતી તન મન અને ધનથી બનતી સહાય કરી અક્ષરશઃ નિભાવશો એવી મારી તમો ભાઇઓ પ્રત્યે પ્રાર્થના છે.

(આવોજ કંઈ વિચાર સિહોરવાસી એક ઉદાર ભાઈના અંતરના ઉંડાણમાં અમે જોયો હતો. તેનું વ્યવહારિક ફળ આવે એમ ઇચ્છીએ છીએ.)

શ્રી સિહોર કપોળ સ્વયંસેવક મંડળનું સંમેલનમાં નિવેદન

પૂજ્ય શિરછત્ર વડિલો,

આપણી જ્ઞાતિના આ પુનિત સંમેલનને ચરણે અમારી સેવાઓ ધરવા માટે અમને અહો ભાગ્ય પ્રાપ્ત થયું તે માટે અમારી જાતને અમે ધન્ય લેખીએ છીએ. જો કે અમે કેવળ અમારી ફરજજ બજાવી છે, છતાં આપે અમારા માટે સુંદરમાં સુંદર શબ્દોમાં આભારોદ્ગારો કહાડયા

છે, તે આપની મોટાઈ છે. ઉલટું અમને જે લાભ થયેલ છે તે અમારી સેવાઓ કરતાં ઘણો વધારે છે. જ્ઞાતિ મેળાના દર્શન અને તેમની સેવા એ જેવી તેવી બાબત નથી. **અમારી જીંદગીના આટલા વરસો દરમીઆન અમે જે શીખ્યા નથી, કે જે અમને શાળાઓ ભણાવી શકી નથી તે અમે આ સપ્તાહમાં શીખી શક્યા છીએ.** આ શબ્દો શિષ્ટાચારના નથી. જ્ઞાતિસેવા માટેની ધગશ, આપની સેવા અને પુન્ય સહવાસથી અમારામાં જાગેલ છે. સમાજની સેવા માટે આપના દીન રાતના ઉજાગરા, અથાક પરિશ્રમ અને અવિશ્રાંત પ્રયાસો જોઈ અમને ખરી સેવાનો રસ્તો જડયો છે. અત્યારસુધી અમે કરેલી સેવા એ કેવળ નામ માત્રની સેવા હતી. सेवा धर्मो परम गहनो योगिनामप्यगम्यः। અને सेवा परमो धर्मः એ સૂત્રોના સાચા અર્થ આજે અનુભવે અમને શીખવેલ છે.

વળી મતભેદ છતાં પ્રેમ ભાવના, સહનશીલતા, મનનું મોટાપણું અને સમતોલતા, વ્યવસ્થા શકિત, ગરીબ શ્રીમંતના ભેદનો અભાવ અને સમાનતાના ખરા દર્શન અમને આ જ્ઞાતિયજ્ઞે અમને કરાવેલ છે. માટે આભાર તો અમારે આપનો માનવાનો છે, આપે અમારો નહીં. આપે તો અમને ઉપદેશ્યા કરવાનું છે:—

कर्मण्ये वा ऽधिकारस्ते मा फलेषु कदाचन ॥

આ સ્થળે અમારા મંડળનો ઈતિહાસ કહેવો અસ્થાને છે, પણ ચોરાના અન્યભાગોમાં આવું અનુકરણ થઇ આવા સેવકો ઘડવામાં ઉપયોગી થાય તે માટે ટુંકામાં કહીએ છીએ. સંવત ૧૯૭૯ ના શ્રાવણ સુદ ૯ ના દિવસે આ મંડળનો જન્મ થયો જે વાતને આજ પાંચ ચોમાસાં વીત્યા છે. આ કાર્યમાં અમને પ્રેરણા કરનાર ભાઇઓ શ્રી. **અનંતરાય નંદલાલ મહેતા, મી० મનસુખલાલ ગંગાદાસ મહેતા અને ભાઇ રતિલાલ ત્રિભુવનદાસ પારેખ** વગેરે ખાસ કરીને છે. જો કે અમે અત્યાર સુધી જ્ઞાતિમાં પીરસવાનું વગેરે કામજ માત્ર કરેલ છે, પણ હવે આપના અનુભવથી શીખી શકયા છીએ કે જેમની નસેનસમાં ધગધગતું કશુંબલ લોહી વહી રહ્યું હોય છે એવા જુવાનો અને જુવાનોના મંડળો ઘણું ઘણું કરી શકે છે. અમને પ્રેરણા જાગી છે, અને બીજું હાથ ધરીશું તે કાર્યમાં અમને પ્રભુ બળ આપે એવો આપ શિરોમણીઓ અમને આશિર્વાદ આપશો.

આપનો વધુ વખત રોકવો એ ઠીક નથી. અમને કામ કરવાની આવી સુંદર તક આપી અમને આભારી કર્યા છે, પણ અમારી પરમાણુ જેવી સેવાને પર્વત સમી બનાવી માન ચાંદ આપી અમને ઉપકારના ડુંગર તળે દાબીજ દીધા છે. અમે વધું શું કહીયે ? When the heart is full the words are few જ્યારે હૃદય આપના જેવા પ્રેમલ આંદોલનોને લીધે છલોછલ થઇ જાય છે ત્યારે શબ્દો જડતા નથી. કઇ ભાષામાં અમારે અમારૂં આભાર પ્રદર્શન કરવું તે અમને ખબર નથી પડતી.

અમારા વડીલશ્રી ત્રિભુવનદાસભાઇને સિહોરનું અને ચોરાસમસ્તનું શેઠાઈપદ નિવાજ્યું છે, જે આનંદ પણ અમને ઓછો નથી થયો. તે માટે પણ આપના આભારી છીએ.

છેવટ એટલું જે કે અમારા કામમાં ઘણી ઘણી ભૂલો થઇ હશે, કોઇનું જાણ્યે અજાણ્યે અપમાન થયું હશે, અમારી અણુઆવડતને અંગે કોઇનું દીલ દુઃભાયું વા દુઃખાયું હશે, તે સંબંધ આપ સહુ મીજમાનો સિહોર મહાજન અને શ્રી. વિઠલદાસભાઇ પાસે માફી માગીએ છીએ.

પ્રભુ અમને આવી તકો નિરંતર આપ્યાજ કરો ! ! !

વોલંટીયર બંધુઓનાં નામ.

દોશી વામનરાય ભવાનીદાસ પ્રમુખ, ભુતા રતીલાલ રામજી ઉપપ્રમુખ, ભુતા ભગવાનદાસ બકોરદાસ, મુની ભુપતરાય બાલકૃષ્ણ, ભુતા હરીલાલ રામજી, મુની ગીરધરલાલ નથુભાઈ, મુની ગીરધરલાલ નથુભાઇ, મુની દામેદરદાસ ભગવાનદાસ, ભુતા હરગોવિંદદાસ રામજીભાઇ, પારેખ વામનરાય અમૃતલાલ, મેતા મોરલીધર છોટાલાલ. મેતા કૃષ્ણલાલ આત્મારામ, મેતા પરતાપરાય દુલેરાય, (સાયર), ભુતા આત્મારામ બકોરદાસ, દોશી કનૈયાલાલ ભવાનીદાસ, દોશી ચીમનલાલ દુલેરાય, મેતા બળવંતરાય નથુભાઇ, મેતા, ભુપતરાય પરભુદાસ જાંગલા, મેતા, તુળશીદાસ દુવારકાદાસ જાંગલા મેતા ભીખાભાઇ ભાઇચંદ, મુની ચીમનલાલ પરભુદસ, મેતા અનંતરાય કરશનજી, મેતા ગંગાદાસ ગોવીંદજી, સંઘવી મનમોહન હરીલાલ, કહાણી બાઉભાઇ ધનજી, સંઘવી બાબુભાઇ વનજીદાસ, દોશી ભુપતરાય નાગરદાસ, દોશી બાળકૃષ્ણ હરીવલભદાસ.

સંમેલનના પ્રારંભમાં

આશિર્વાદાષ્ટિક.

વૈદરાજ શાસ્ત્રીજી ભગવાનજી ગીરધરલાલ.

વસંત તિલકા.

શ્રી સિંહપુર નગરી, તટ ગૌતમી એ,
આવેલ ધામ પ્રગટેશ્વર દેવનું છે;
તેમાં કપોળ જનની શુભ આ સભાને,
વેદાંત વેદ્ય મહાદેવ સુશાંતિ આપે.... ..૧

આજે પ્રભાત શુભ મંગળકારી ભાસે,
સોનેરી સૂર્ય સઘળે સરખો પ્રકાશે;
ગાજે ગગન મહીં અદ્રશ્ય અવાજ એવો,
વેદાંત વેદ્ય મહાદેવજી તુષ્ટ તેવો.........૨

આવ્યો ઉમંગ સહુના ઉરમાં અતિશે,
પ્રારબ્ધના નિયમથી બનતુંજ દીસે;
કીધો કપોળ કુળનો બહુ ભવ્ય મેળો,
વેદાંત વેદ્ય મહાદેવજી શકિત ભેળો.......૩

મેતા કુટુંબ દ્વય, મુની કુટુંબ દીસે,
દોશી કુંટુબ વળી શંઘવી આવી બેસે;
કોઠારીજીની કીર્તિ સઘળા વખાણે;
વેદાંત વેદ્ય મહાદેવ ન ખામી આણે ૪

કાળા યુગ મહીં કકળાટ કરતા,
કાળા કુકર્મ કરી કારવી પેટ ભરતા;
પ્રાચીન સત તજી પારકી સારી જોતા,
વેદાંત વેદ્ય મહાદેવ બનો પ્રહર્તા.......૫

સારા અને સરળ આપ ઘડો સુધારા,
કાપો મનસ્વી જનના મતના કુધારા;
સર્વત્ર પ્રેમ ગુંથી કીર્તિ દિગંત સ્થાપો,
વેદાંત વૈદ્ય મહાદેવજી જ્ઞાન આપો........૬

સેવા સમાજ સમતા ધરી સેવ સેવે,
કોઠારીજી અતિ ઉદાર દિલેથી જોવે;
ખાઓ પીઓ ખુશી રહો સુખ ચેનમાં રે,
વેદાંત વૈદ્ય મહાદેવનું સ્થાન છે રે........૭

અંતર તણા ઉમળકા ઉછળ્યા અમારા,
આશિષ આપી ગુણગાન કર્યા તમારા;
શ્રી કૃષ્ણચંદ્ર પ્રભુને નમી હાથ જોડું,
વેદાંત વૈદ્ય મહાદેવ દીઓ ન થોડું........૮

સંમેલન પુર્ણાહુતી સમયે.

વૈદરાજ શાસ્ત્રીજી ભગવાનજી ગીરધરલાલ.

મનહરછંદ.

કપોળ સંમેલનનું, કામ આજ પુરૂં થયું.
અધુરૂં ન રહ્યું એક એમ ભાસે સર્વને;
માન પાન તણી લ્હાણી, એની શું કહું હું કહાણી,
વાણી મારી વિરમે છે ભપકો આ ભાળીને.......

જોઉછું નીહાળી લોક, થોકબંધ આવે જાય,
સર્વના મુખાકૃતિમાં હર્ષ ઉભરાયો છે;
મહાતમા મુનીજીને વૈદ્ય તરીકે વખાણું,
કે કપોળ ભાઈઓનાં પ્રમુખ પ્રમાણું કે........

આગેવાન આંધળાનું કટક કુવામાં પડે,
દેખતાનું પંથે ચડયું પ્રત્યક્ષ જણાય છે;
ડાહ્યા ડાહ્યા કહેવાતાનું ડહાપણ જે છાનું હતું,
આજ લેખોમાં લખાઇ ગામોગામ જાય છે.........

કોઠારીની કીરતિ, ને મુનીજીની મુરતી તો,
કપોળની કોમ માંહે અચળ સ્થપાઇ છે;
મુની ારકેશદાસ મહેતા ગીરીધરજીને,
ઉપ પ્રમુખની પદવીએ પધરાવ્યા છે,.........
ત્રીભુવનદાસભાઇ શેઠ થઈ શોભી રહ્યા,
મતભેદ ચાલ્યા ગયા રામજીના કામ છે;
જગતના જીવનમાં જીવતર એકજ છે,
સંપી સારા કામ કરો એજ વખણાય છે.........
શ્રી. સિહોર ચોરા તણા આગેવાન આપ સહુ
પરિશ્રમ લીધો બહુ અહીંયાં પધારીને;
જાતને સુધારશો તો નાતને સુધારી દેશો,
એમાં નથી કલેશ કશો દેખીતું જણાય છે ... ..
ધન્ય ધન્ય ધન્યવાદ કપોળના સંતાનોને,
હર્ષના આવેશ માંહે એમ ઉચરાય છે;
આશિષ દઉં છું અંતે ખંતે પાળશો સુધારા
આપની જ્ઞાતિને શ્રીનાથજી સહાય છે.

શ્રી શિહોર ચોરાનું સંમેલન સં. ૧૯૮૪ ના શ્રાવણ બીજા વદ ૧ને શનીવાર તા. ૧-૯-૨૮ રોજ થતા ચોરાનું વસ્તીપત્રક.

નંબર.	લાણાદારનું નામ.		માણસની સંખ્યા. પરદેશમાં	અને ગામમાં.	પુરૂષ.	સ્ત્રી.	છોકરા.	છોકરી.	કુલ સંખ્યા.
	ખુદ સીહોર પ્રેમજી પેટ.								
૧	મેતા ગીરધરલાલ વાલજી	(ગોત્ર વશીષ્ટ)	૦	૨	૨	૦	૦	૦	૨
૨	,, છગનલાલ વાલજી	,,	૧૨	૦	૩	૪	૩	૨	૧૨
૩	,, સુંદરજી નાનજી	,,	૦	૪	૧	૧	૦	૨	૪
૪	,, રણછોડ સુંદરજી	,,	૪	૦	૨	૨	૦	૦	૪
૫	,, હંસરાજ જીવરાજ	,,	૨	૦	૧	૧	૦	૦	૨
૬	,, માવજી હંસરાજ	,,	૨	૦	૧	૧	૦	૦	૨
૭	,, માંડલાલ અંદરજી	,,	૦	૩	૧	૧	૦	૧	૩
૮	,, હરજીવન હેમરાજ	,,	૦	૧	૦	૧	૦	૦	૧
૯	,, ગોકળદાસ નરશી	,,	૧	૧	૧	૧	૦	૦	
૧૦	,, પરમાણંદ ગોરધન	,,	૧	૨	૧	૧	૦	૧	૩
૧૧	,, પ્રેમજી ગોરધન	,,	૩	૦	૧	૧	૧	૦	૩
૧૨	,, ત્રીભોવન ઠાકરસી	,,	૦	૫	૧	૧	૦	૩	૫
૧૩	,, વૃજલાલ રણછોડ	,,	૦	૧	૦	૧	૦	૦	૧
૧૪	,, બાઈ લાડકુર (મેતા જેરામ પીતામ્બરની વિધવા)	,,	૦	૧	૦	૧	૦	૦	૧
૧૫	,, ત્રીભોવન બેચર	,,	૨	૦	૧	૧	૦	૦	૨
૧૬	,, પરશુદાસ ત્રીભોવન	,,	૫	૦	૧	૧	૦	૩	૫
૧૭	,, કેશવજી ભગવાન ગોકળ	,,	૩	૦	૧	૧	૧	૦	૩

૧૮	મેતા દુવારકાદાસ જગજીવન	„	૨	૦	૧	૧	૦	૦	૨
૧૯	„ શામજી મુલજી		૦	૧૦	૧	૨	૫	૨	૧૦
૨૦	„ પરમાણુંદ કરશન	„	૧	૫	૧	૨	૧	૨	૬
૨૧	„ કરશનદાસ નાગજી	„	૫	૦	૩	૨	૦	૦	૫
૨૨	„ છોટાલાલ છગનલાલ ઠાકરસી	„	૦	૩	૦	૧	૨	૦	૩
૨૩	„ નારણ વેલજી	„	૦	૯	૨	૨	૩	૨	૯
૨૪	„ વનરાવન ઠાકરસી	„	૦	૧	૧	૦	૦	૦	૧
૨૫	„ નંદલાલ ત્રીભોવન	„	૬	૦	૩	૧	૧	૧	૬
૨૬	„ નારણદાસ પરમાનંદ	„	૨	૫	૨	૨	૧	૨	૭
૨૭	„ વૃજલાલ પરમાણુંદ	„	૦	૩	૧	૧	૦	૧	૩
૨૮	„ શામજી વૃજલાલ	„	૦	૧૦	૨	૧	૩	૪	૧૦
૨૯	„ પીતામ્બર પરમાણુંદ	„	૦	૬	૧	૧	૪	૦	૬
૩૦	„ રતીલાલ હેમરાજ	„	૦	૪	૧	૧	૦	૨	૪
૩૧	„ જમનાદાસ ધનજી	„	૦	૫	૧	૨	૧	૧	૫
૩૨	„ દીઆલ વશરામ	„	૦	૧	૦	૧	૦	૦	૧
૩૩	„ રણછોડ હરગોવીંદ	„	૨	૦	૧	૧	૦	૦	૨
૩૪	„ છગનલાલ ધનજી	„	૧	૬	૧	૨	૧	૩	૭
૩૫	„ કાલીદાસ ભીમજી	„	૩	૦	૨	૦	૦	૧	૩
૩૬	„ ભગવાન પીતામ્બર	„	૦	૨	૧	૧	૦	૦	૨
૩૭	„ કેશુરદાસ પીતામ્બર	„	૧	૦	૦	૦	૦	૧	૧
૩૮	„ મકન માધવજી	„	૩	૦	૧	૧	૦	૧	૩
૩૯	„ બાઈ મુકતા (દોશી નાગરદાસ કલ્યાણજીની દીકરી વિધવા		૦	૧	૦	૧	૦	૦	૧
૪૦	„ વલભદાસ ઠાકરશી	(વર્ષ ૫૮)	૦	૨	૦	૧	૧	૦	૨
૪૧	„ ચત્રભુજ ધનજી	„	૦	૩	૧	૧	૦	૧	૩

૪૨	મેતા વાલજી જગજીવન	(ગોત્ર વશીષ્ટ)	૩	૦	૧	૧	૦	૧	૩
૪૩	,, કાનજી ખુશાલ	,,	૪	૦	૧	૧	૨	૦	૪
૪૪	,, વનરાવન નારણ	,,	૧	૧	૧	૧	૦	૦	૨
૪૫	,, હરગોવીંદ વનરાવન	,,	૧	૧	૦	૧	૧	૦	૨
૪૬	,, ગાંડાલાલ કેશવજી	,,	૭	૦	૩	૨	૦	૨	૭
૪૭	,, ઓધવજી હેમરાજ	,,	૪	૦	૧	૧	૧	૧	૪
૪૮	,, પ્રેમજી ખુશાલ	,,	૩	૦	૧	૧	૧	૦	૩
૪૯	,, ભાઇચંદ હેમરાજ	,,	૦	૩	૨	૧	૦	૦	૩
૫૦	,, હંસરાજ બેચર	,,	૨	૦	૧	૧	૦	૦	૨
૫૧	,, છગનલાલ ઠાકરશી	,,	૦	૧	૧	૦	૧	૦	૧
૫૨	,, રતીલાલ છગનલાલ	,,	૦	૮	૧	૧	૪	૨	૮
૫૩	,, નરોતમ મુલજી	,,	૦	૭	૧	૧	૪	૧	૭
૫૪	,, નરોતમ મુલજી મશીતીયા	,,	૯	૦	૪	૨	૧	૨	૯
૫૫	,, નાનાલાલ છગનલાલ વાલજી	,,	૯	૦	૧	૧	૪	૩	૯
૫૬	,, વાઘજી રવજી	,,	૧	૦	૧	૦	૦	૦	૧
૫૭	,, કરશનદાસ હીરજીની વિધવા	,,	૧	૦	૦	૧	૦	૦	૧
૫૮	,, હરગોવીંદ વીઠલ	,,							
૫૯	,, પરમાણંદ ભગવાન	,,	૨	૦	૧	૦	૧	૦	૨
૬૦	,, નંદલાલ ભગવાન	,,	૯	૦	૨	૧	૩	૩	૯
૬૧	,, બાઇ કાશી (મેતા રામજી નારણની વિધવા)	,,	૧	૦	૦	૧	૦	૦	૧
૬૨	,, બાલકૃષ્ણ ભગવાન	,,	૩	૦	૨	૧	૦	૦	૩
૬૩	,, ગાંડાલાલ ઠાકરસી	,,	૧	૧૧	૩	૪	૪	૧	૧૨
૬૪	,, કરશન બેચર	,,	૮	૦	૨	૨	૧	૩	૮

નંબર.	લાણાદારનું નામ.		માણુસની સંખ્યા. પરદેશમાં	અને ગામમાં	પુરૂષ.	સ્ત્રી.	છોકરા.	છોકરી.	કુલ.
૬૫	મેતા ગીરધર ત્રીકમજી	,,	૮	૦	૩	૨	૧	૨	૮
૬૬	,, વીઠલ ગોરધન	,,	૮	૫	૩	૪	૨	૪	૧૩

ધનજી પેટ તથા હરખજી મેતાનું પેટ

નંબર.	લાણાદારનું નામ.		પરદેશમાં	ગામમાં	પુરૂષ.	સ્ત્રી.	છોકરા.	છોકરી.	કુલ.
૬૭	મેતા હરી ગોવીંદ ત્રીકમજી	"	૦	૪	૧	૧	૧	૧	૪
૬૮	,, માધવજી ત્રીકમજી	"	૧	૦	૧	૦	૦	૦	૧
૬૯	,, નાગરદાસ દુલભદાસ	"	૨	૦	૧	૦	૧	૦	૨
૭૦	" પરમાણંદ ગોપાલજી કલા	"	૧	૩	૩	૧	૦	૦	૪
૭૧	" નરોતમ માધવજી	"	૨	૦	૧	૧	૦	૦	૨
૭૨	" બાઇ કમલા (જમનાદાસ માધવજીની વિધવા)	"	૦	૧	૦	૧	૦	૦	૧
૭૩	" બાપુલાલ ગોકલદાસ	"	૦	૬	૧	૨	૨	૧	૬
૭૪	" વૃજલાલ રણછોડદાસ	"	૦	૧	૧	૦	૦	૦	૧
૭૫	,, ગોવીંદજી કેશવજી	"	૦	૨	૧	૧	૦	૦	૨
૭૬	" રામદાસ પરશુદાસ કબા	"	૨	૦	૧	૧	૦	૦	૨
૭૭	" વીઠલદાસ વૃજલાલ	"	૩	૦	૧	૧	૧	૦	૩
૭૮	" વેણીલાલ વૃજલાલ	"	૨	૦	૧	૧	૦	૦	૨
૭૯	" કરસનજી વૃજલાલ	"	૨	૪	૨	૨	૧	૧	૬
૮૦	" મગનલાલ રવજી	"	૧	૧	૧	૧	૦	૦	૨
૮૧	,, દુવારકાદાસ ભાણા	"	૧	૦	૧	૦	૦	૦	૧
૮૨	" જમનાદાસ બાપુલાલ	"	૦	૫	૧	૧	૧	૨	૫
૮૩	" દામોદર હીરજી	"	૦	૫	૦	૨	૩	૦	૫
૮૪	" વલભદાસ વનમાલીની વિધવા	"	૧	૦	૦	૧	૦	૦	૧

૮૫	મેતા મુળજી જેકરશન	(વણીષ્ટ)	૩	૦	૧	૦	૨	૦	૩
૮૬	" ભાણા જેકરશન	"	૪	૦	૧	૧	૧	૧	૪
૮૭	" જગજીવન જેકરશન	"	૪	૧	૪	૧	૦	૦	૫
૮૮	" લક્ષ્મીદાસ ધોલા	"	૬	૦	૨	૧	૨	૧	૬
૮૯	" ત્રીભોવન ધોલા	"	૧	૨	૧	૧	૧	૦	૩
૯૦	" રતીલાલ મુળજી	"	૪	૦	૨	૧	૧	૦	૪
૯૧	" ચત્રભુજ દુવાંરકાદાસ	"	૧	૩	૧	૧	૧	૧	૪
૯૨	" ભગવાન હંસરાજ	"	૦	૧	૦	૧	૦	૦	૧
૯૩	" હરગોવીંદ ભાણા	"	૧	૦	૧	૦	૦	૧	૨
૯૪	" હરજીવન રવજી	"	૦	૧	૦	૧	૦	૦	૧
૯૫	" નંદલાલ દ્વારકાદાસ	"	૧	૫	૨	૨	૧	૧	૬
૯૬	" કરસનજી વેલજી	"	૦	૨	૧	૧	૦	૦	૨
૯૭	" છગનલાલ ગોપાલજી	"	૦	૩	૧	૧	૧	૦	૩
૯૮	" જુઠા જાદવજી	"	૦	૩	૦	૧	૦	૨	૩
૯૯	" બાઇ દુધી (મેતા રતીલાલ છગનલાલની વિધવા)	"	૦	૧	૦	૧	૦	૦	૧
૧૦૦	" જીવરાજ કેશવજી	"	૩	૦	૧	૨	૦	૦	૩
૧૦૧	" મગનલાલ ગોપાલજી	"	૦	૩	૦	૨	૧	૦	૩
૧૦૨	" પરમાણંદદાસ ગોપાલજી	"	૯	૦	૩	૨	૩	૧	૯
૧૦૩	" વેલજી કેશવજી	"	૦	૨	૧	૧	૦	૦	૨
૧૦૪	" મીઆળ જીવાટેક	"	૪	૦	૧	૧	૧	૧	૪
૧૦૫	" મોહનલાલ દુવારકાદાસ	"	૬	૪	૪	૩	૧	૨	૧૦
૧૦૬	" ચુનીલાલ ચત્રભુજ (ચાંડલસ)	"	૧	૨	૧	૨	૦	૦	૩
૧૦૭	" માધવજી રણછોડ	"	૦	૧	૦	૧	૦	૦	૧
૧૦૮	" દુલભદાસ બેચર શાપર	"	૦	૩	૧	૧	૧	૦	૩

નંબર.	લાણુદારનું નામ.		માણસની સંખ્યા. પરદેશમાં	અને ગામમાં	પુરૂષ.	સ્ત્રી	છોકરા.	છોકરી.	કુલ સંખ્યા.
૧૦૯	મેતા હરગોવીંદ હરજીવન (અપીમાન)	”	૦	૭	૧	૧	૩	૨	૭
૧૧૦	” બાઇ તારા (મેતા મનમોહનદાસની વિધવા	”	૦	૨	૦	૧	૦	૧	૨
૧૧૧	” છબીલદાસ છોટાલાલ	”	૦	૨	૦	૧	૧	૦	૨
૧૧૨	” બાઇ વીજળી (મેતા જુઠા જાદવજીની દીકરી વિધવા		૦	૧	૦	૧	૦	૦	૧
૧૧૩	” માધવજી મીઠા	”							
૧૧૪	” મુલજી લક્ષ્મીદાસ	”	૩	૦	૧	૨	૦	૦	૩
૧૧૫	” બાઇ અંબા (મેતા ઓધવજી ડાયાની વિધવા	”							
૧૧૬	” બાઇ નર્મદા (મેતા લાલજી પરસોતમની દીકરી વિ.	”	૦	૧	૦	૧	૦	૦	૧
૧૧૭	” રામદાસ તુળજારામ	”	૩	૦	૧	૨	૦	૦	૩
૧૧૮	” નાગજી રાઘવજી	”	૦	૨	૦	૧	૧	૦	૨
૧૧૯	” કલ્યાણજી રણછોડદાસ	”	૨	૦	૧	૧	૦	૦	૨
૧૨૦	” ગોવીંદજી ચત્રભુજ	”	૨	૦	૧	૧	૦	૦	૨
૧૨૧	” નારણ દેવરાજ	”	૦	૩	૨	૧	૦	૦	૩
૧૨૨	” જેઠા જુઠા	”	૨	૦	૦	૧	૦	૧	૨
૧૨૩	” જમનાદાસ જુઠા	”	૦	૧	૦	૦	૧	૦	૧
૧૨૪	” છોટાલાલ ધરમદાસ	”	૨	૦	૦	૧	૧	૦	૨
૧૨૫	” વનમાળી જીવા	”	૫	૦	૧	૨	૧	૧	૫
૧૨૬	” દોલતરાય વનમાળી	”	૧	૦	૧	૦	૦	૦	૧
૧૨૭	” જેઠા વાલજી ઉસરડાંયા	”							
૧૨૮	” વીઠલ પરશોત્તમ	”	૩	૦	૧	૨	૦	૦	૩
૧૨૯	” ધનજી દામજી	”	૧	૦	૧	૦	૦	૦	૧
૧૩૦	” ખુશાલ વાલજી	”	૧	૦	૧	૦	૦	૦	૧

૧૩૧ મેતા આણંદજી વાલજી ઉસરડીયા	”	૨	૦	૧	૧	૦	૦	૨
૧૩૨ ” આણંદજી કલ્યાણજી	”	૦	૧	૦	૧	૦	૦	૧
૧૩૩ ” માધવજી કમળશી (ધોલેરા)	”	૭	૧	૪	૪	૦	૦	૮

જુઠા મેતાનું પેટ.

૧૩૪ ” હરજીવન પ્રાગજી	(ગોત્ર ગારગસ)	૯	૦	૧	૨	૪	૨	૯
૧૩૫ ” ગીરધરલાલ દામજી	”	૦	૧	૦	૧	૦	૦	૧
૧૩૬ ” વામનરાય અમૃતલાલ	”	૫	૦	૧	૧	૦	૩	૫
૧૩૭ ” ભગવાનજી કેશવજી	”	૧	૫	૩	૨	૧	૦	૬
૧૩૮ ” ગુલાબરાય નારણજી	”	૦	૩	૧	૧	૦	૧	૩
૧૩૯ ” આત્મારામ નારણજી	”	૦	૬	૧	૧	૨	૨	૬
૧૪૦ ” ભવાનીદાસ પરમાણંદદાસ	”	૦	૫	૧	૧	૨	૧	૫
૧૪૧ ” ત્રંભોવનદાસ પરમાનંદદાસ	”	૨	૧૫	૫	૫	૪	૩	૧૭
૧૪૨ ” પ્રાણલાલ પરમાનંદદાસ	”	૦	૧	૦	૦	૧	૦	૧
૧૪૩ ” રણછોડલાલ બાઇચંદભાઇ	”	૧	૩	૧	૨	૦	૧	૪
૧૪૪ ” બાઇચંદ બાઇ શામજી	”	૨	૫	૩	૨	૨	૦	૭
૧૪૫ ” મગનલાલ દામજીની વિધવા બાઇ સુંદર	”	૦	૧	૦	૧	૦	૦	૧
૧૪૬ ” વેણીલાલ બાઇચંદભાઇ	”	૦	૧	૦	૦	૧	૦	૧
૧૪૭ ” ગંગાદાસ પુરૂષોત્તમદાસ	”	૦	૪	૨	૧	૦	૧	૪
૧૪૮ ” નંદલાલ રામજી	”	૩	૦	૨	૧	૦	૦	૩
૧૪૯ ” અમૃતલાલ કેશવજી	”	૯	૧	૩	૩	૪	૦	૧૦
૧૫૦ ” મેતા હીરજી જેઠા	”	૨	૦	૨	૦	૦	૦	૧
૧૫૧ ” નંદલાલ નાગજી	”	૧	૧	૧	૦	૦	૦	૧

નંબર.	લાણાદારનું નામ.		માણસની સંખ્યા. પરદેશમાં	અને ગામમાં.	પુરૂષ.	સ્ત્રી.	છોકરા.	છોકરી.	કુલ સંખ્યા.
૧૫૨	મેતા સવાઈલાલ જમનાદાસ	"	૦	૫	૧	૨	૨	૦	૫
૧૫૩	" કરસનદાસ પરભુદાસ	"	૨	૦	૧	૧	૦	૦	૨
૧૫૪	" જમનાદાસ પરભુદાસ	"	૧	૪	૨	૨	૧	૦	૫
૧૫૫	" મોહનલાલ જમનાદાસ	"	૦	૩	૧	૧	૧	૦	૩
૧૫૬	" મોહનલાલ છગનલાલ	"	૦	૩	૧	૧	૧	૦	૩
૧૫૭	" છગનલાલ દામજી	"	૩	૦	૧	૧	૧	૦	૩
૧૫૮	" દુર્લભરાય ત્રીકમજી	"	૬	૦	૧	૧	૩	૧	૬
૧૫૯	" છોટમલાલ પરમાણંદદાસ	"	૦	૬	૧	૧	૪	૦	૬
૧૬૦	" બાલકૃષ્ણ નાગજી	"	૩	૦	૧	૧	૧	૦	૩
૧૬૧	" નાગરદાસ પુરૂષોત્તમદાસ	"	૬	૧૦	૨	૨	૬	૬	૧૬
૧૬૨	" ત્રંબકલાલ અમૃતલાલ	"	૩	૦	૧	૧	૧	૦	૩
૧૬૩	" નાગજી પ્રાગજી	"	૧	૦	૦	૧	૦	૦	૧
૧૬૪	" પરભુદાસ જેઠાભાઈ	"	૧૧	૦	૩	૩	૩	૨	૧૧
૧૬૫	" અંદરજી ત્રીકમજી	"	૦	૧	૦	૧	૦	૦	૧
૧૬૬	" સવાઈલાલ છગનલાલ	"	૦	૧	૦	૧	૦	૦	૧
૧૬૭	" દેવકુરબા મેતા શામજી ત્રીકમજીની દીકરી વિધવા	"	૦	૧	૦	૧	૦	૦	૧
૧૬૮	" મોતીલાલ પુરૂષોત્તમદાસ (ગારગસ)	"	૨	૧૦	૩	૩	૫	૧	૧૨
૧૬૯	" છોટાલાલ છગનલાલ દામજી	"	૧	૧	૧	૧	૦	૦	૨
૧૭૦	" બાઈ અંબા (મેતા ભાઈચંદભાઈ શામજીની દીકરી વિધવા)	"	૦	૧	૦	૧	૦	૦	૧
૧૭૧	ગીરધરલાલ વનમાળી મપારા (ગૌતમ)	"	૬	૦	૨	૨	૨	૦	૬

મુન કુટુંબી

૧૭૨	મેતા મુની વનમાળીદાસ મુલજી	(ગારગસ)	૦	૧૨	૨	૩	૩	૪	૧૨
૧૭૩	,, કરશન કાળીદાસ	”	૦	૧	૦	૧	૦	૦	૧
૧૭૪	,, ઝવેરદાસ દામોદરદાસ	”	૨	૦	૧	૧	૦	૦	૨
૧૭૫	,, નારણદાસ જીવનદાસ	”	૪	૦	૧	૧	૧	૧	૪
૧૭૬	,, ભગવાનદાસ દામોદરદાસ	”	૭	૦	૧	૨	૩	૧	૭
૧૭૭	,, મગનલાલ ઓધવજી (હનુભાઇના લીંબડા)	”	૯	૦	૧	૧	૬	૧	૯
૧૭૮	,, ડાહ્યાભાઈ માવજી	”	૧	૨	૨	૧	૦	૦	૩
૧૭૯	,, મુની લક્ષ્મીદાસ માવજી	(સોનગઢ)	૯	૦	૪	૨	૩	૦	૯
૧૮૦	,, કલ્યાણજી પીતામ્બર	”	૧	૦	૦	૧	૦	૦	૧
૧૮૧	,, પરભુદાસ જાગતીદાસ	”	૦	૫	૨	૧	૦	૨	૫
૧૮૨	,, જયંતીલાલ જમનાદાસ	”	૧	૪	૧	૧	૨	૧	૫
૧૮૩	,, ચત્રભુજ રામજી	”	૦	૩	૦	૧	૧	૧	૩
૧૮૪	,, અમૃતલાલ માધવજી	”	૩	૦	૩	૦	૦	૦	૩
૧૮૫	,, જગજીવન છોટાલાલ	”	૦	૪	૧	૧	૧	૧	૪
૧૮૬	,, માધવજી રામજી	”	૧	૦	૧	૦	૦	૦	૧
૧૮૭	,, પરસોતમદાસ લક્ષ્મીદાસ	”	૫	૦	૧	૧	૨	૧	૫
૧૮૮	,, લક્ષ્મીદાસ દામોદરદાસ	”	૫	૦	૧	૧	૨	૧	૫
૧૮૯	,, પ્રાણજીવનદાસ લક્ષ્મીદાસ	”	૪	૦	૧	૧	૧	૧	૪
૧૯૦	,, કલ્યાણ જીવન	”	૧	૦	૧	૦	૦	૦	૧
૧૯૧	,, બાઇ પ્રાણકુંવર આણંદજીની વિધવા	”	૦	૧	૦	૧	૦	૦	૧
૧૯૨	,, ગોપાળજી જીવન	”	૧	૦	૧	૦	૦	૦	૧
૧૯૩	,, પરસોતમ નાગરદાસ	”	૪	૦	૧	૧	૧	૧	૪
૧૯૪	” જમનાદાસ માધવજી	”	૨	૦	૧	૧	૦	૦	૨
૧૯૫	” માધવજી લાલજી	”	૦	૩	૨	૧	૧	૦	૩

નંબર.	લેણદારનું નામ.		માણસની સંખ્યા. પરદેશમાં	અને ગામમાં.	પુરૂષ.	સ્ત્રી.	છોકરા.	છોકરી.	કુલ સંખ્યા.
૧૯૬	મેતા દુવારકાદાસ પરમાણુંદ	"	૦	૧	૦	૧	૦	૦	૧
૧૯૭	" પરશોતમ ત્રીભોવનદાસ	"	૦	૨	૦	૧	૧	૦	૨
૧૯૮	" કડવી (મુની કલ્યાણજી મુળજીની વિધવા)	"	૦	૧	૦	૧	૦	૦	૧
૧૯૯	" શામજીદાસ પરમાણુંદ	"	૧	૧	૧	૧	૦	૦	૨
૨૦૦	" હરીભાઇ જાગતી	"	૦	૧	૦	૧	૦	૦	૧
૨૦૧	" પરમાણુંદ માવજી	"	૩	૨	૪	૧	૦	૦	૫
૨૦૨	" બાઇ જેકુર (કાનજી પરશોતમની વિધવા)	"	૦	૧	૦	૧	૦	૦	૧
૨૦૩	" મેઘજી રામજી	"	૧	૦	૧	૦	૦	૦	૧
૨૦૪	" ભગવાન મેઘજી	"	૧	૦	૧	૦	૦	૦	૧
૨૦૫	" દામજી જીવન	"	૪	૦	૧	૨	૧	૦	૪
૨૦૬	" લક્ષ્મીદાસ ગીરધર	"	૩	૩	૪	૧	૧	૦	૬
૨૦૭	" નંદલાલ નારણ	"	૨	૨	૦	૧	૩	૦	૪
૨૦૮	" નથુભાઇ હરખજી	"	૫	૩	૩	૪	૧	૦	૮
૨૦૯	" મુની વલભદાસ નથુભાઇ	"	૧	૨	૧	૦	૧	૧	૩
૨૧૦	" સુખલાલ ભગવાન	"	૦	૮	૩	૧	૨	૨	૮
૨૧૧	" વનમાળી વેલજી	"	૨	૦	૨	૦	૦	૦	૨
૨૧૨	" નંદલાલ કુરજી	"	૬	૦	૧	૧	૩	૧	૬
૨૧૩	" સવાઇલાલ નંદલાલ	"	૨	૦	૧	૧	૦	૦	૨
૨૧૪	" રણછોડ ગોપાલજી	"	૩	૦	૨	૦	૧	૦	૩
૨૧૫	" પરશુદાસ રામજી	"	૧	૫	૩	૧	૨	૦	૬
૨૧૬	" છગનલાલ પરશોતમ	"	૦	૫	૧	૧	૨	૧	૫
૨૧૭	" લાલજી રામજી	"	૧	૪	૩	૨	૦	૦	૫

પાના ૬૩માં ટાઇપ ઉડી ગયેલો હોવાથી મુન વંચાય છે તેને બદલે મુની સમજવું તથા નંબર ૧૭૨ થી મેતાને બદલે મુની સમજવા.

૨૧૮	મુની દેવચંદ મુળજી	(સોનગઢ)	૦	૨	૨	૦	૦	૦	૨
૨૧૯	,, જમનાદાસ આણંદજી વનમાળી	,,	૩	૦	૧	૧	૧	૦	૩
૨૨૦	,, ભગવાન ઓધવજી	,,	૦	૬	૨	૧	૧	૨	૬
૨૨૧	,, ભગવાન હરજીવન	,,	૦	૧૩	૩	૪	૩	૩	૧૩
૨૨૨	,, જુઠા જેઠા	,,	૦	૧	૦	૧	૦	૦	૧
૨૨૩	,, બાઇ મણી (છગન ધનજીની વિધવા)	,,	૧	૦	૦	૧	૦	૦	૧
૨૨૪	,, હરખજી માનજી	,,	૦	૨	૧	૧	૦	૦	૨
૨૨૫	,, મુળજી હરખજી	,,	૧	૬	૧	૧	૨	૩	૭
૨૨૬	,, ભુપતરાય હરખજી	,,	૨	૦	૧	૧	૦	૦	૨
૨૨૭	,, ગીરધર હરખજી	,,	૪	૦	૧	૧	૦	૨	૪
૨૨૮	,, રતીલાલ આણંદજી	,,	૦	૩	૦	૧	૧	૧	૩
૨૨૯	,, બાઇ કડવી (મુની રણછોડ ગોપાલજીની દી. વિધવા)	,,	૧	૦	૦	૧	૦	૦	૧
૨૩૦	,, બાઇ નર્મદા (મુનીલાલજી રામજીની દી. વિધવા)	,,	૦	૧	૦	૧	૦	૦	૧
૨૩૧	,, કરશન લાલજી	(ગારગસ)	૦	૧	૦	૧	૦	૦	૧
૨૩૨	,, હરગોવીંદ વીઠલ	,,	૦	૨	૧	૧	૦	૦	૨
૨૩૩	,, મોહનલાલ હરીલાલ	,,	૦	૩	૦	૧	૧	૧	૩
૨૩૪	ઓતમબા મરજાદી	,,	૧	૦	૦	૧	૦	૦	૧
૨૩૫	,, નાગરદાસ શામજી	,,	૧	૦	૧	૦	૦	૦	૧
૨૩૬	,, ગાંડા કેશવજી	,,	૧	૦	૧	૦	૦	૦	૧
૨૩૭	,, ત્રંબકલાલ ત્રીભોવનદાસ	,,	૯	૦	૨	૩	૨	૨	૯

વોહોરા કુટુંબ

૨૩૮	વોરા વીઠલદાસ રણછોડ (ગોત્ર કસ્યપ)	"	૦	૪	૧	૧	૧	૧	૪
૨૩૯	" દુવારકાદાશ સુંદરજી	"	૦	૩	૧	૨	૦	૦	૩

નંબર.	લાણાદારનું નામ.		માણસની સંખ્યા. પરદેશમાં	અને ગામમાં.	પુરૂષ.	સ્ત્રી.	છોકરા.	છોકરી.	કુલ સંખ્યા.
૨૪૦	વેરા મગનલાલ ત્રીકમજી	(ગારગસ)	૦	૧	૧	૦	૦	૦	૧
૨૪૧	" ચત્રભુજ દુવારકાદાસ	"	૫	૦	૧	૧	૩	૦	૫

ચીતળીયા કુટુંબ.

નંબર.	લાણાદારનું નામ.		પરદેશમાં	ગામમાં.	પુરૂષ.	સ્ત્રી.	છોકરા.	છોકરી.	કુલ સંખ્યા.
૨૪૨	ચીતળીયા જેઠા માવજી	(ગોત્ર ચાંડલસ)	૧	૧	૧	૧	૦	૦	૨
૨૪૩	" મોનર હરખજી	"	૨	૦	૧	૧	૦	૦	૨
૨૪૪	" હરજીવન જેઠા	"	૦	૨	૧	૧	૦	૦	૨
૨૪૫	" અમૃતલાલ જીવન	"	૧	૦	૦	૧	૦	૦	૧
૨૪૬	" કરશનદાસ ભાણજી	"	૦	૨	૧	૧	૦	૦	૨
૨૪૭	" રતીલાલ પીતામ્બર	"	૦	૫	૧	૧	૧	૨	૫
૨૪૮	" પીતામ્બર માવજી	"	૩	૦	૧	૧	૧	૦	૩
૨૪૯	" મગનલાલ પીતામ્બર	"	૨	૦	૧	૧	૦	૦	૨
૨૫૦	" બાઇ ઓતમ (જેઠા માવજીની દીકરી વિધવા)		૦	૧	૦	૧	૦	૦	૧

કોઠારી કુટુંબ

નંબર.	લાણાદારનું નામ.		પરદેશમાં	ગામમાં.	પુરૂષ.	સ્ત્રી.	છોકરા.	છોકરી.	કુલ સંખ્યા.
૨૫૧	કોઠારી નારણદાસ માવજી	(ગોત્ર અભિમન્યુ)	૧	૯	૩	૨	૪	૧	૧૦
૨૫૨	" પરભુદાસ ગોબર	"	૫	૦	૨	૨	૦	૧	૫
૨૫૩	" બાઇ મણી (કોઠારી નરશીદાસ નારણદાસની વિધવા)		૦	૧	૦	૧	૦	૦	૧

પરચુરણ

નંબર.	લાણાદારનું નામ.		પરદેશમાં	ગામમાં.	પુરૂષ.	સ્ત્રી.	છોકરા.	છોકરી.	કુલ સંખ્યા.
૨૫૪	વળીયા માધવજી મુળજી	(ચાંડલસ)	૫	૦	૨	૧	૦	૩	૬

૨૫૫	ઠકાણી ધનજી ગોરધન	(વશીષ્ટ)	૩	૧	૩	૧	૦	૦	૪
૨૫૬	દેશાઇ દેવજી દામોદર (વશીષ્ટ) શ્રીચોગઠ	"	૧	૧	૧	૧	૦	૦	૨
૨૫૭	દેશાઇ પરભુદાસ હીરજી શ્રીચોગઠ								

સંઘવી કુટુંબ.

૨૫૮	શંઘવી ગીરધરલાલ વલભદાસ	(ગોત્ર ચાંડલસ)	૭	૦	૧	૧	૧	૪	૭
૨૫૯	" વલભદાસ દામોદર	"	૩	૦	૧	૧	૧	૦	૩
૨૬૦	" મુળજી જગજીવન	"	૧	૪	૩	૨	૦	૦	૫
૨૬૧	" વલ્લભદાસ જગજીવન	"	૦	૩	૧	૧	૧	૦	૩
૨૬૨	" ભાઇચંદ વીરજી	"	૫	૫	૫	૨	૧	૨	૧૦
૨૬૩	" રતીલાલ નંદલાલ	"	૦	૨	૧	૧	૦	૦	૨
૨૬૪	" લક્ષ્મીદાસ નાનજી શ્રી ઘોઘા હાલ રહે છે	"	૨	૦	૧	૧	૦	૦	૨
૨૬૫	" જમનાદાસ નાનજી	"	૦	૨	૦	૧	૦	૧	૨
૨૬૬	" છબીલદાસ કાનજી	"	૦	૨	૦	૧	૦	૧	૨
૨૬૭	" નંદલાલ મોનજી	"	૨	૧	૧	૨	૦	૦	૩
૨૬૮	" બાઇ વિમળા (શંઘવી નાગરદાસ હરજીવનની વિધવા)	"	૧	૦	૦	૧	૦	૦	૧
૨૬૯	" બાઇ સંતોક (શંઘવી છગનલાલ ત્રીભોવનની વિધવા)		૧	૦	૦	૧	૦	૦	૧
૨૭૦	" બાઇ ભાગેરથી (શંઘવી પ્રાણલાલ હીરજીની વિધવા)	"	૧	૦	૦	૧	૦	૦	૧
૨૭૧	" વૃજલાલ પરસોતમ	"	૦	૧	૦	૦	૧	૦	૧
૨૭૨	" બાઇ શામકુર (શંઘવી મોહનલાલ મગનલાલની વિધવા)		૨	૦	૦	૧	૦	૧	૨
૨૭૩	" બાઇ ચંદ્રભાગા (શંઘવી ચત્રભુજ પરમાણંદની વિધવા)		૦	૧	૦	૧	૦	૦	૧
૨૭૪	" ગંગાદાસ છબીલદાસ	"	૦	૨	૦	૧	૧	૦	૨
૨૭૫	" ડાહ્યા ઠાકરશી	"	૧	૧૦	૪	૩	૨	૨	૧૧
૨૭૬	" વીઠલ ત્રીભોવન	"	૦	૨	૦	૧	૧	૦	૨

નંબર.	લાણાદારનું નામ.		માણસની સંખ્યા. પરદેશમાં	અને ગામમાં.	પુરૂષ.	સ્ત્રી.	છોકરા.	છોકરી.	કુલ સંખ્યા.
૨૭૭	સંઘવી નારણ ગોકલ	(ગોત્ર ચાંડલસ)	૪	૦	૧	૧	૧	૧	૪
૨૭૮	" નરોતમ જગજીવન	"	૦	૩	૧	૧	૧	૦	૩
૨૭૯	" કાનજી ગોકળદાસ	"	૦	૨	૦	૧	૦	૧	૨
૨૮૦	" મણીલાલ ગીરધર	"	૦	૨	૦	૧	૧	૦	૨
૨૮૧	" ચત્રભુજ પરશોતમ		૦	૨	૦	૧	૦	૧	૨
૨૮૨	" છોટાલાલ પરશોતમ	"	૦	૫	૧	૧	૨	૧	૫
૨૮૩	" પરશોતમ ગીગા	"	૦	૧	૦	૧	૦	૦	૧
૨૮૪	" હરજીવનદાસ ગીગા	"	૦	૧	૧	૦	૦	૦	૧
૨૮૫	" છગનલાલ ગોપાળજી	"	૪	૨	૧	૨	૧	૨	૬
૨૮૬	" પરશોતમ જગજીવન	"	૫	૦	૧	૧	૧	૨	૫
૨૮૭	" છગનલાલ કલ્યાણજી	"	૩	૨	૩	૧	૦	૧	૫
૨૮૮	" મકન કલ્યાણજી	"	૦	૧	૦	૧	૦	૦	૧
૨૮૯	" રૂગનાથ દેવચંદ	"	૦	૧	૧	૦	૦	૦	૧
૨૯૦	" પરમાણંદ માવજી	"	૫	૦	૨	૨	૧	૦	૫
૨૯૧	" છબીલ ગીરધર	"	૨	૦	૨	૦	૦	૦	૨
૨૯૨	" નાનજી ડાહ્યા	"	૧	૦	૦	૧	૦	૦	૧
૨૯૩	" પરશોતમ નંદલાલ	"	૦	૨	૦	૨	૦	૦	૨
૨૯૪	" હીરજી જગજીવન	"	૪	૦	૨	૧	૦	૧	૪
૨૯૫	" મોહનલાલ હરજીવન	"	૧	૪	૧	૧	૧	૨	૫
૨૯૬	" હરજીવન જગજીવન	"	૪	૦	૧	૧	૧	૧	૪
૨૯૭	" લવજી જગજીવન	"	૦	૧૦	૩	૨	૩	૨	૧૦

૨૯૮	"	સવાઇલાલ હીરજી	"	૫	૦	૧	૧	૧	૨	૫
૨૯૯	"	જીવરાજ જગજીવન	"	૦	૧	૦	૧	૦	૦	૧
૩૦૦	"	હરીલાલ ભાણા	"	૫	૦	૨	૨	૦	૧	૫
૩૦૧	"	રવજી વસ્તા	"	૨	૦	૦	૧	૧	૦	૨
૩૦૨	"	જેકા વસ્તા	"	૧	૦	૧	૦	૦	૦	૧
૩૦૩	"	હરજીવન વસ્તા	"	૦	૭	૧	૧	૧	૪	૭
૩૦૪	"	દોલતરાય હરીલાલ	"	૪	૦	૧	૧	૧	૧	૪
૩૦૫	"	નારણુ વસ્તા	"	૫	૦	૧	૨	૧	૧	૫
૩૦૬	"	બાઇ તારા (સંઘવી વલભદાસ જગજીવનની દીકરી વિધવા)		૦	૧	૦	૧	૦	૦	૧
૩૦૭	"	બાઇ ભાણી (સંઘવી ગીગા હરખજીની દીકરી વિધવા)		૦	૧	૦	૧	૦	૦	૧
૩૦૮	"	બાઈ અંબા (સંઘવી નાનજી આણંદજીની દીકરી વિધવા)		૧	૦	૦	૧	૦	૦	૧
૩૦૯	"	શંઘવી પરશોતમ હરખજી (ચાંડલસ)	"	૦	૨	૧	૧	૦	૦	૨
૩૧૦	"	વૃજલાલ વીરજી (ઉમરાળા) "		૧	૦	૦	૧	૦	૦	૧
૩૧૧	"	વીરજી ઘેલા (ઉમરાળાવાળા,) "	"	૨	૦	૧	૧	૦	૦	૨

પારેખ કુટુંબ.

